આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૦૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને સંઘપ્રદેશ દમણ અને દાનહની મુલાકાત લીધી

# થ્રીડીનો પ્રશાસકના ગતિશીલ નેતૃત્વમાં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે : ઉપરાષ્ટ્રપતિ






## સેલવાસમાં નમો મેડિકલ હોસ્પિટલ અને કોલેજનું નિરીક્ષણ કર્યુ તથા સ્વામી વિવેકાનંદ વિદ્યા મંદિર શાળાની મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૧ :** ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનની ઉપસ્થિતિમાં, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ વહીવટીતંત્ર દ્વારા શુક્રવારે ડોકમાર્ડીમાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ કોલેજ ઓડિટોરિયમ ખાતે એક જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જનપ્રતિનિધિઓ, સામાજિક સંગઠનો, ઉદ્યોગ અને હોટેલ ક્ષેત્રના પ્રતિનિધિઓ, વિદ્યાર્થીઓ અને યુવાનોએ ભાગ લીધો હતો.

સમારોહમાં વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ, પાંચ લાભાર્થીઓને ટૂલકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને પાંચ શિક્ષકોને નિમણૂક પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમારોહમાં કેન્દ્રશાસિત પ્રદેશની વિકાસ યાત્રાને દર્શાવતો એક વોકથ્રુ વિડીયો દર્શાવવામાં આવ્યો હતો તથા પ્રશાસક પ્રફુલ પટેલે કેન્દ્રશાસિત પ્રદેશમાં થઈ રહેલા કાર્યોની રૂપરેખા આપી હતી. ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને પોતાના સંબોધનમાં સમાવેશી વિકાસ, સુશાસન અને રાષ્ટ્રનિર્માણમાં નાગરિકોની સક્રિય ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે સરકારી યોજનાઓ અને સેવાઓના લાભો સમાજના દરેક વર્ગ સુધી પહોંચવા જોઈએ. તેમણે પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ છેલ્લા દસ વર્ષમાં થયેલા વિકાસ કાર્યોની પ્રશંસા કરી હતી. અને જણાવ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને પ્રશાસકના નેતૃત્વ હેઠળ, દાદરા અને નગર હવેલી ઝડપથી વિકાસ તરફ આગળ વધી રહી છે.

સમારોહ પછી, ઉપરાષ્ટ્રપતિએ નમો મેડિકલ હોસ્પિટલ અને નમો મેડિકલ કોલેજનું નિરીક્ષણ કર્યું. તથા ઝંડા ચોક ખાતે સ્વામી વિવેકાનંદ વિદ્યા મંદિર શાળાની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં દાનહના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકર સહિતના જનપ્રતિનિધિઓ, સામાજિક સંગઠનો, ઉદ્યોગ અને હોટેલ ક્ષેત્રના પ્રતિનિધિઓ, વિદ્યાર્થીઓ અને યુવાનોએ ભાગ લીધો હતો. તથા જનપ્રતિનિધિઓ, જિલ્લા અને મ્યુનિસિપલ કાઉન્સિલના અધિકારીઓ, ઉદ્યોગ અને હોટેલ સંગઠનો, વિદ્યાર્થીઓ અને તમિલ સંગમના પ્રતિનિધિઓએ ઉપરાષ્ટ્રપતિનું સ્વાગત પણ કર્યુ હતું.

### દમણ, દીવ અને દાનહની SIRની અંતિમ યાદી જાહેર

# થ્રીડીમાં ૧,૩૨,૨૦૧ મતદારો ઘટયા

**અંતિમ મતદાર યાદીમાં કુલ ૨,૯૫,૮૩૩ મતદારો નોંધાયા છે. અગાઉની મતદાર યાદીની સરખામણીમાં આ સંખ્યા ૧,૩૨,૨૦૧ ઘટી છે, એટલે કે ૩૦.૮૯ ટકાનો ઘટાડો નોંધાયો**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, દમણ, તા. ૧૧ :** દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)-૨૦૨૬ બાદ અંતિમ મતદાર યાદી શુક્રવારે જાહેર કરવામાં આવી હતી. અંતિમ મતદાર યાદીમાં કુલ ૨,૯૫,૮૩૩ મતદારો નોંધાયા છે. અગાઉની મતદાર યાદીની સરખામણીમાં આ સંખ્યા ૧,૩૨,૨૦૧ ઘટી છે, એટલે કે ૩૦.૮૯ ટકાનો ઘટાડો નોંધાયો છે.

મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીના જણાવ્યા મુજબ અંતિમ યાદીમાં ૧,૪૫,૮૦૯ પુરુષ અને ૧,૫૦,૦૨૪ મહિલા મતદારો છે. તૃતીય લિંગનો કોઈ મતદાર નોંધાયેલો નથી. ૧૦ જુલાઈએ જાહેર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં કુલ ૩,૦૧,૧૪૨ મતદારો હતા. એટલે ડ્રાફ્ટ અને અંતિમ યાદી વચ્ચે ૫,૩૦૭ મતદારોનો ઘટાડો, એટલે કે ૧.૭૬ ટકાનો ઘટાડો થયો છે. એસઆઈઆર પ્રક્રિયા શરૂ થઈ ત્યારે ૪ જૂન ૨૦૨૬ના રોજ કેન્દ્રશાસિત પ્રદેશમાં કુલ ૪,૨૮,૦૩૬ મતદારો નોંધાયેલા હતા. તમામ મતદારો માટે Enumeration Forms તૈયાર કરી BLO મારફતે વિતરણ કરવામાં આવ્યા હતા. તેમાંથી ૩,૦૧,૧૪૨ ફોર્મ એટલે કે ૭૦.૩૫ ટકા પરત મળ્યા, જ્યારે ૧,૨૬,૮૯૪ ફોર્મ પરત મળ્યા નહોતા. આવા મતદારોને Absentee, Shifted, Dead અને Duplicate એટલે કે ASDD કેટેગરીમાં સામેલ કરવામાં આવ્યા હતા.

ફોર્મ પરત ન કરનારા મતદારોમાં ૯૬,૧૯૯ મતદારો ગેરહાજર અથવા અનટ્રેસ્ડ, ૧૯,૭૭૧ કાયમી રીતે સ્થળાંતરિત, ૭,૨૬૭ મૃત્યુ પામેલા, ૨,૫૫૧ પહેલેથી જ નોંધાયેલા અને ૧,૧૦૬ અન્ય કેટેગરીમાં હતા.

ડ્રાફ્ટ મતદાર યાદી સામે ૧૦ જુલાઈથી ૯ ઓગસ્ટ દરમિયાન કુલ ૧૩,૫૯૪ દાવા અને વાંધા મળ્યા હતા. તેમાં નામ ઉમેરવા માટે ૪,૦૯૦ અરજી, વિદેશસ્થ મતદાર તરીકે નોંધણી માટે ૧૪ અરજી, નામ કમી કરવા માટે ૮,૧૪૮ અરજી અને સરનામું કે અન્ય વિગતોમાં સુધારા માટે ૧,૩૪૨ અરજીનો સમાવેશ થાય છે.

કેસોના નિકાલ બાદ ૨,૮૨૫ મતદારો ઉમેરવામાં આવ્યા, જ્યારે ૮,૧૩૨ મતદારોના નામ કમી કરવામાં આવ્યા. અનમેપ્ડ તથા Logical Discrepancyના કેસોમાં વધુ ૭,૮૭૬ મતદારોને અયોગ્ય ઠેરવવામાં આવ્યા હતા. ડ્રાફ્ટ યાદીમાં સામેલ ૩,૦૧,૧૪૨ મતદારોમાંથી ૨,૬૮,૩૪૫ એટલે કે ૮૯.૧૧ ટકા મતદારોનું તેમના પોતાના અથવા માતા-પિતાના અગાઉના SIRના મતદાર રેકોર્ડ સાથે મેપિંગ કરવામાં આવ્યું હતું. ૩૨,૭૯૭ મતદારો અનમેપ્ડ રહ્યા હતા. મેપ કરાયેલા મતદારોમાંથી ૧,૧૩,૨૧૨ કેસોને ચૂંટણી પંચની IT સિસ્ટમ દ્વારા Logical Discrepancy તરીકે ઓળખવામાં આવ્યા હતા.

DNH-DDમાં કુલ ૪૬૪ મતદાન મથકો છે. સામાન્ય મતદારો માટે ફોટો અને EPIC કવરેજ ૧૦૦ ટકા છે.

અંતિમ યાદીમાં ૧૦ વિદેશસ્થ મતદારો પણ નોંધાયેલા છે. અંતિમ મતદાર યાદી તમામ મતદાન મથકો પર પ્રદર્શિત કરવામાં આવી છે અને ચૂંટણી અધિકારીઓની કચેરીઓમાં જાહેર નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.

સર્વિસ વોટર્સની અંતિમ યાદીમાં ૨૨ સર્વિસ મતદારો નોંધાયા છે. ચૂંટણી નોંધણી અધિકારીના નિર્ણયથી અસંતુષ્ટ વ્યક્તિ ૧૫ દિવસમાં જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ પ્રથમ અપીલ કરી શકે છે અને ત્યારબાદ નિર્ધારિત સમયમર્યાદામાં મુખ્ય ચૂંટણી અધિકારી સમક્ષ બીજી અપીલ કરી શકે છે.

### મનપાની સ્થાયી સમિતિની બેઠક યોજાઈ

# વાપીમાં રૂા. ૨૧૩.૬૦ કરોડના વિકાસકામોને મંજૂરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક આજે અધ્યક્ષ સતિષભાઈ પટેલની અધ્યક્ષતામાં મળી હતી.

બેઠકમાં શહેરના પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાને લગતા અંદાજે રૂા. ૨૧૩.૬૦ કરોડના ૧૦ જેટલા મહત્વના વિકાસકામો અંગે ચર્ચા-વિચારણા કરી સર્વસંમતિથી મંજૂરી આપવામાં આવી હતી.

બેઠકમાં ખાસ કરીને વાપી મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ૧૧ ગામોમાં આગામી ૩૦ વર્ષને ધ્યાનમાં રાખીને પાણી પુરવઠાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત આશરે ૧૬૫ કિલોમીટરની નવી પાણી પુરવઠા પાઇપલાઇન નાખવામાં આવશે.

સમગ્ર પાણી પુરવઠા વ્યવસ્થાની દેખરેખ માટે SCADA સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. મંજૂર થયેલા આયોજન મુજબ બલીઠામાં ૩૧.૨૬૭ કિ.મી., મોરાઈમાં ૫.૭૧૩ કિ.મી., કુંતામાં ૧૦.૭૭૮ કિ.મી., વટારમાં ૧૬.૬૮૫ કિ.મી., કરવડમાં ૩૨.૬૧૫ કિ.મી., નામધા-ચંડોર વિસ્તારમાં ૧૯.૦૨૩ કિ.મી. અને સલવાવમાં ૪૦.૨૨ કિ.મી. પાણી પુરવઠાની પાઇપલાઇન નાખવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ સમાવિષ્ટ વિસ્તારોમાં જરૂરિયાત મુજબ નિયમિત પાણી પુરવઠો મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.આ ઉપરાંત બલીઠા ખાતે ૫૦ એમએલડી ક્ષમતાનો એસટીપી પ્લાન્ટ બનાવવાની કામગીરીને પણ મંજૂરી આપવામાં આવી છે. સાથે જ છીરી-છરવાડા વિસ્તારમાં ગટર નેટવર્ક વિકસાવવાનું મહત્વનું આયોજન પણ મંજૂર કરાયું છે.

બેઠકમાં સમિતિના સભ્યો ઉપરાંત મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા તથા વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શહેરના વિવિધ વિકાસલક્ષી કાર્યો અંગે વિગતવાર ચર્ચા બાદ સંબંધિત દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી. બેઠકનું સંચાલન મ્યુનિસિપલ સેક્રેટરી હિતેશભાઈ વાણંદ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મોરાઈ રેલ્વે ઓવરબ્રિજ ત્રણ દિવસ માટે બંધ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપીના મોરાઈ રેલ્વે ઓવરબ્રિજને આગામી ત્રણ દિવસ માટે વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. પશ્ચિમ તરફના એક તરફના સ્લેબ અને એપ્રોચ રોડનું કામ હાથ ધરવામાં આવ્યું હોવાથી તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.આ બ્રિજ હાઈવેથી શહેર તરફ જવા માટેનો મુખ્ય માર્ગ છે. રોજ હજારો ફોરવ્હીલર, બાઈક અને માલવાહક વાહનો આ બ્રિજ પરથી પસાર થાય છે. બ્રિજ બંધ થતાં હવે વાહનચાલકોએ ફરજિયાત બલીઠા અંડરપાસ થઈને અવરજવર કરવી પડી રહી છે, જેના કારણે બલીઠા તરફ ટ્રાફિકનું ભારણ વધી ગયું છે અને ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ છે. સૌથી મોટી ક્ષતિ એ છે કે તંત્ર દ્વારા બ્રિજ બંધ કરવા અંગે કોઈ આગોતરી જાહેરાત કરવામાં આવી નથી કે ડાયવર્ઝન અંગેના બોર્ડ લગાવવામાં આવ્યા નથી. જેના કારણે દૂરથી આવતા વાહનચાલકો બ્રિજ સુધી આવીને અટવાઈ રહ્યા છે અને પાછા ફરીને લાંબો ફેરો કાપવા મજબૂર બની રહ્યા છે. ખાસ કરીને સવાર-સાંજ પીક અવર્સમાં હાલાકી વધુ વધી છે. વૈકલ્પિક વ્યવસ્થા અને આગોતરી જાણ ન કરતા શુક્ર, શનિ અને રવિવાર ત્રણ દિવસ બ્રિજ બંધ રહેતા વેપારીઓ અને નોકરિયાત વર્ગને પણ સમય અને ઈંધણનો વ્યય વેઠવો પડશે.

### હજુ સુધી વલસાડી હાફૂસને જીઆઈ ટેગ અપાવી શકાયો નથી ત્યાં...

# હવે ઉબાડિયાને GI ટેગ માટે તજવીજ

**ચીવલમાં ઉમ્બાડિયૂ ઉત્પાદકો માટે GI વર્કશોપ યોજાયો : પરંપરાગત ઉમ્બાડિયૂને GI ઓળખ અપાવવા ગુણવત્તા, બ્રાન્ડિંગ અને બજાર અંગે માર્ગદર્શન**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૦૭ :** વલસાડ જિલ્લાના નાનાપોઢા તાલુકાના ચીવલ ખાતે તા. ૭ સપ્ટેમ્બરના રોજ ઉમ્બાડિયૂ ઉત્પાદકો અને પ્રોસેસરો માટે GI (Geographical Indication-ભૌગોલિક સંકેત) વર્કશોપ યોજાયો હતો. વર્કશોપનું આયોજન ભારતીય ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થા (EDII), અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ (GAICL), અમદાવાદ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. વર્કશોપનો મુખ્ય હેતુ ઉમ્બાડિયૂ સાથે સંકળાયેલા ઉત્પાદકોને જીઆઈ ટેગનું મહત્વ, તેના લાભો, પરંપરાગત પદ્ધતિનું જતન તથા ઉત્પાદનને વિશાળ બજાર સુધી પહોંચાડવા અંગે માર્ગદર્શન આપવાનો હતો. આ પ્રસંગે ગુણવત્તા, પેકેજિંગ, બ્રાન્ડિંગ અને બજાર વ્યવસ્થાપન જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. વર્કશોપમાં ઈન્દ્રવદન ચાવડાએ ઉમ્બાડિયૂની પરંપરાગત બનાવટ, તેમાં વપરાતી સ્થાનિક સામગ્રી અને વર્ષોથી ચાલી આવતી રીત-રસમ અંગે માહિતી આપી હતી. તેમણે ઉમ્બાડિયૂની આગવી ઓળખ અને પરંપરાગત વારસો જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.નિવૃત્ત જિલ્લા શિક્ષણ અધિકારી મણિલાલ ભૂંસારાએ ઉમ્બાડિયૂ બનાવવાની જૂની પરંપરાગત રીતો અંગે સમજ આપી હતી. અગાઉના સમયમાં ઉમ્બાડિયૂ કેવી રીતે તૈયાર કરવામાં આવતું હતું અને તેમાં વપરાતી સામગ્રી અંગે તેમણે માહિતી આપી હતી. ડૉ. દિનેશભાઈ ખાંડવીએ આદિવાસી સમાજમાં પ્રચલિત પરંપરાગત વાનગીઓ તથા મહુડાના ઉપયોગ અંગે માહિતી આપી હતી. તેમણે ઉમ્બાડિયૂમાં ઉપયોગમાં લેવાતી વિવિધ વનસ્પતિ અને કુદરતી સામગ્રીના ગુણધર્મો તથા સંભવિત ફાયદાઓ અંગે પણ સમજ આપી હતી. જીઆઈ ટેગથી સ્થાનિક ઉત્પાદનને આગવી ઓળખ અને કાનૂની સુરક્ષા મળવાની સાથે ઉત્પાદકોને બજારમાં નવી તકો મળી શકે છે. ઉમ્બાડિયૂને પરંપરાગત વારસા સાથે આધુનિક બજાર સાથે જોડવા માટે યોજાયેલ આ વર્કશોપને મહત્વપૂર્ણ પહેલ માનવામાં આવી રહ્યો છે. કાર્યક્રમમાં ઉમ્બાડિયૂ ઉત્પાદકો, પ્રોસેસરો અને સંબંધિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### સરકારી અને રાષ્ટ્રીયકૃત બેંક કર્મચારીઓની એક દિવસીય હડતાલ

# વાપી સહિત જિલ્લામાં કરોડોના વ્યવહારો અટક્યા


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**વાપી, વલસાડ, તા. ૧૧ :** વલસાડ જિલ્લા સહિત વાપીમાં સરકારી અને રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ આજે એક દિવસીય હડતાળ પર ઉતરતાં બેંકિંગ વ્યવસ્થાને અસર પહોંચી છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ ના બેનર હેઠળ યોજાયેલી આ હડતાળમાં કર્મચારીઓ દ્વારા મુખ્યત્વે ૫-ડે બેંકિંગ અને ન્યાયી પરફોર્મન્સ લિંક્ડ ઈન્સેન્ટિવ સહિતની માંગણીઓ ઉઠાવવામાં આવી છે.

બેંક કર્મચારીઓની હડતાળને પગલે વલસાડ જિલ્લામાં આજે અંદાજે રૂ. ૬૦૦ કરોડથી રૂ. ૧૦૦૦ કરોડ સુધીના બેંકિંગ વ્યવહારો અટકી પડ્યા હોવાનો અંદાજ છે. ખાસ કરીને વાપી જેવા ઔદ્યોગિક શહેરમાં બેંકો સાથે મોટા પ્રમાણમાં નાણાકીય વ્યવહારો સંકળાયેલા હોવાથી હડતાળની અસર વેપારીઓ, ઉદ્યોગકારો તેમજ સામાન્ય ગ્રાહકો પર જોવા મળી રહી છે.

હડતાળ બાદ આવતીકાલે બીજો શનિવાર, ત્યારબાદ રવિવાર અને સોમવારે ગણેશ ચતુર્થીની રજા હોવાથી બેંકિંગ સેવાઓ સતત દિવસો સુધી પ્રભાવિત થવાની સ્થિતિ ઊભી થઈ છે. જેના કારણે રાષ્ટ્રીયકૃત બેંકોમાં ખાતા ધરાવતા ગ્રાહકોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.બીજી તરફ વાપી શહેર તેમજ વાપી જીઆઈડીસી વિસ્તારમાં આવેલા કેટલાક એટીએમમાં પણ કેશ ઉપલબ્ધ ન હોવાની ફરિયાદો સામે આવી રહી છે. જેના કારણે બેંક શાખાઓ બંધ રહેવાની સાથે એટીએમમાંથી રોકડ ઉપાડવામાં પણ ગ્રાહકોને મુશ્કેલી પડી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. ઔદ્યોગિક વિસ્તારમાં પગાર, સપ્લાયરોને ચુકવણી, ચેક ક્લિયરિંગ અને અન્ય નાણાકીય વ્યવહારો પર પણ હડતાળની અસર થવાની શક્યતા છે. સતત રજાઓને કારણે બેંકિંગ કામગીરી સામાન્ય થવામાં વધુ સમય લાગી શકે છે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees





Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10

Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

જોઈએ છે
ડીલીવરી બોય (વાપી એરિયા માટે)
લાયસન્સ હોવુ જરુરી છે
રૂબરૂ મળો
જરીવાલા કનેક્ટ એલએલપી શોપ નં. જી.એ. ૦૫/૦૬, સોલીટર બિઝનેસ સેન્ટર, સેલવાસ રોડ, ડીસીબી બેંકની સામે, વાપી - ૩૯૬૧૯૧
Mo.9979895350

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

# ડાંગનાં મહાલપાડામાં નાળુ પ્રથમ વરસાદમાં જ ધોવાયું

## હલકી ગુણવત્તાના બાંધકામના આક્ષેપો, તંત્રની કામગીરી સામે





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૧૧ :** ડાંગ જિલ્લાના આહવા તાલુકા પંચાયતમાં વિકાસના નામે સરકારી નાણાના વ્યયનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મહાલપાડા ગામે આપણો તાલુકો, વાયબ્રન્ટ તાલુકો (ATVT) યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન જાનુભાઈના ખેતરથી ઈશ્વરભાઈના ખેતર તરફ જતાં માર્ગ પર આશરે રૂા. ૪.૫૦ લાખના ખર્ચે નાળાની બિડિંગ કામગીરી કરવામાં આવી હતી. જોકે, ચોમાસાના પ્રથમ વરસાદમાં જ વરસાદી પાણીના વહેણમાં આ નાળુ વ્યાપક ધોવાણ પામીને તહસનહસ થઈ જતાં, લાખો રૂપિયાના સરકારી નાણાં પાણીમાં ગયા હોવાની ભારે નારાજગી સ્થાનિકોમાં જોવા મળી રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, નિર્માણ કાર્ય ચાલુ હતું ત્યારે જ વપરાતા હલકી ગુણવત્તાના મટીરીયલ અંગે સંબંધિત વિભાગના અધિકારીઓને મૌખિક રજૂઆતો કરાઈ હતી, છતાં યોગ્ય ચકાસણી કરવામાં આવી નહોતી. જો સરકારી ધારાધોરણો મુજબ યોગ્ય કામગીરી થઈ હોય તો પ્રથમ વરસાદમાં જ આટલું મોટું નુકસાન કેવી રીતે થાય તેવા તીખા સવાલો હાલ ઉઠી રહ્યા છે. આ પરિસ્થિતિને પગલે બાંધકામ સમયે સ્થળ તપાસ થઈ હતી કે નહીં અને કામની ટેક્નિકલ ગુણવત્તા જાળવવામાં આવી હતી કે કેમ તે બાબતે પણ આશંકાઓ સેવાઈ રહી છે. પ્રજાના નાણાંમાંથી થતા વિકાસકામોમાં લોકહિત જળવાય તે માટે સમગ્ર કામગીરીની તટસ્થ ટેક્નિકલ તપાસ, વપરાયેલા મટીરીયલનું પરીક્ષણ અને માપ-માપણી રેકોર્ડની ચકાસણી કરવી અત્યંત જરૂરી બની છે. આહવા તાલુકા વિકાસ અધિકારી (TDO) પોતે મહાલપાડા ગામે સ્થળ મુલાકાત લે અને તપાસમાં ગેરરીતિ સાબિત થાય તો જવાબદાર ઈજારદાર (કોન્ટ્રાક્ટર) તેમજ બેદરકાર અધિકારીઓ સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. પ્રથમ વરસાદમાં જ ધોવાયેલા આ નાળાએ તંત્રની કામગીરીની પોલ ખોલી નાંખી છે અને ગુણવત્તા બાબતે ગંભીર આત્મમંથન કરવાની જરૂરિયાત ઊભી કરી છે.



વાંસદાની પાલગભાણ પ્રાથમિક શાળામાં એનિમિયા મુક્ત ભારત કાર્યક્રમના સમર્થનમાં તપાસ કેમ્પ યોજાયો હતો. શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટરની પરિયોજના હેઠળ શાળાના બાળકો માટે લોહીની ઉણપ તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત આંખની તપાસ કરવામાં આવી હતી. નિદાન પછીના ઉપચાર અંગે માર્ગદર્શન અને લોહતત્વની ગોળી અને લોહ યુક્ત આહાર વિશે સમજ આપવામાં આવી હતી.

# ખેરગામના વડપાડા પાટીમાં ગટર બનાવવા ખોદકામ કરાતા લોકો પરેશાન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ખેરગામ, તા.૧૧ :** ખેરગામ તાલુકા મથકને વડપાડા પાટી સાથે જોડતો મુખ્ય જિલ્લા માર્ગ જેની ડામર સપાટી ખૂબ જ સારી હોવા છતાં તેને બિનજરૂરી સંપૂર્ણ એક સાથે આખો ખોદી નાખી આરસીસીનો દોઢેક વર્ષે બનાવાયો જેમાં અનેક ગામના આદિવાસી લોકો દુઃખી પરેશાન થયા.

હાલમાં દશેરા ટેકરીથી સૈયદવાડી સુધીમાં દક્ષિણ બાજુ ૨૫૦ મિ.થી વધુની પાકી ગટર બનાવવાનુ કામ શરૂ થયું છે. જેમાં જ્યાં દુકાનદારો - જોડાણ રસ્તા છે ત્યાં બે બે પાઈપ દટાયા છે જ્યારે બાકીના ભાગમાં આરસીસી ની સપાટી દીવાલ બનાવાઈ રહી છે.



તેની સામે બહેજ તરફ જતા ખેરગામનું પાટિયું લગાવ્યું છે જે ખરેખર બહેજ થી આવતા લહેરકા આસપાસ હોવું જોઈએ. દશેરા ટેકરીથી બહેજ તરફ જતા માત્ર -ખેરગામ- શું સૂચવે છે?

બીજું લાંબુ ઉભું પાટિયું પેટ્રોલ પંપ પાસે ખોડાયું છે. જેમાં પણ યોગ્ય લખેલું નથી. ૬-નામો અને ચિન્હ ગેરમાર્ગે દોરનારા, ઢંગઢડા વગરનું બનાવેલું છે. જેમાં માત્ર જામનપાડા - પાટી નામ હોવું જોઈએ તેના બદલે પાણીખડક, રૂમલા ધરમપુર વલસાડ વિ. તીર સાથે લખ્યા છે. જેથી બોર્ડ સુધી આવેલા વાહને રિવર્સ લઈ જઈને રૂમલા કે વલસાડ જવું પડે. ખરેખર એ ચાર નામ બિન જરૂરી છે ખોટી જગ્યાએ દર્શાવાયા છે.

આ પાટીયાની સામે જ બીજું છ નામધારી પાટિયું ઊભું કરાયું છે. જેમાં ધરમપુર, વલસાડ, ચીખલી, પાણીખડક, રૂમલા, પીપલખેડ નામ ચીતરેલા છે. દશેરા ટેકરી મહત્વનું ચાર બાજુઓ જતા રસ્તાઓવાળુ વર્તુળ છે જેથી આવા પાટિયાના બદલે કમાન ઊભી કરી તેના પર નામ લખવા જરૂરી છે. આજના આધુનિક સોશિયલ મીડિયાના જમાનામાં મોટેભાગના ચાલકો ગૂગલમૅપ નો ઉપયોગ કરતા હોય તેના દ્વારા માર્ગદર્શન મળતું જ હોય છે છતાં બિનજરૂરી પાટિયા નો ખર્ચ રોડ ફર્નિચર ના નામે સરકાર-તંત્ર કરી રહી છે.

# આહવામાં ગેરકાયદેસર સાગ કટીંગ કરતા ત્રણ આરોપીઓ ઝડપાયા

**આહવા, તા.૧૦ :** દક્ષિણ ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી નિરજકુમાર તથા મદદનીશ વન સંરક્ષક જૈનિલ દેસાઈના માર્ગદર્શન હેઠળ આહવા-પૂર્વ રેંજના વનકર્મીઓ દ્વારા ગેરકાયદેસર વૃક્ષ કટીંગ સામે હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન સાગના વૃક્ષનું ગેરકાયદેસર કટીંગ કરતા ત્રણ વ્યક્તિઓને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે.

આહવા-પૂર્વ રેંજના કંપા નં. ૧૨૮ના જંગલ વિસ્તારમાં તા.૭/૯/૨૦૨૬ના રોજ સાગના વૃક્ષનું ગેરકાયદેસર કટીંગ થઈ રહ્યું હોવાની સ્થાનિક વનકર્મીઓને બાતમી મળતા તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતાં. સ્થળ પર તપાસ કરતાં (૧) ભરતભાઈ નાનુભાઈ નિંબારે, (૨) તુકારામભાઈ નાનુભાઈ નિંબારે અને (૩) નરેન્દ્રભાઈ નાનુભાઈ નિંબારે, તમામ રહે. બોરખેત, તા. આહવા, જિ. ડાંગ, સાગના વૃક્ષનું કટીંગ કરતા



રંગેહાથ ઝડપાઈ આવ્યા હતાં.

આ ત્રણેય વિરુદ્ધ ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપીઓની વધુ તપાસ હાથ ધરતાં આરોપી ભરતભાઈ નાનુભાઈ નિંબારેના બોરખેત ખાતેના રહેણાંક મકાનમાંથી ગેરકાયદેસર રીતે સંતાડવામાં આવેલ સાગના પાટિયા તથા રંધા મશીન મળી આવ્યા હતા, જેની અંદાજિત બજાર કિંમત રૂ. ૪૫,૦૦૦/- થાય છે.

આ ઉપરાંત, કંપા નં. ૧૨૮ના જંગલ વિસ્તારમાંથી કાપવામાં આવેલ સાગના એક વૃક્ષનો કુલ ૨.૩૫૪ ઘન મીટર જથ્થો, જેની અંદાજિત બજાર કિંમત રૂ. ૮૫,૦૦૦/- થાય છે, તે પણ જપ્ત કરવામાં આવ્યો છે. આમ, વન વિભાગ દ્વારા સમગ્ર કાર્યવાહી દરમિયાન અંદાજિત કુલ રૂ. ૧,૩૦,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ સમગ્ર કામગીરી આહવા ફોરેસ્ટ ઓફિસર એ.બી.ઠેબા, રા.ફો. આહવા-પૂર્વ સુનિલ ગાવિત, રા.ફો. કલમવિહિર એસ.એસ. પવાર, રા.ફો. બોરખલ વી.આર. રાણા, બીટગાર્ડ બોરખેત કે.બી. ચૌધરી, બીટગાર્ડ ગોંડલવિહિર બી.જે. ગાવિત, બીટગાર્ડ પાંડવા એસ.જી. પાડવી તથા રેન્જ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. વન સંપત્તિનું ગેરકાયદેસર કટીંગ કે હેરફેર કરનાર તત્વો સામે વન વિભાગ દ્વારા કાયદેસરની અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૨-૦૯-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** શ્રાવણ, બીજ, **સૂર્યોદય :** ૦૬ : ૨૯ **સૂર્યાસ્ત** ૦૬ :૪૨, **ચંદ્રોદય** - ૦૭:૨૦ **ચંદ્રાસ્ત** - ૦૭:૨૬ **ચંદ્ર રાશિ :** કન્યા, **નક્ષત્ર** - ઉત્તરા ફાલ્ગુની

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજનો દિવસ તમારા આર્થિક આયોજન અને પેન્ડિંગ ખર્ચાઓને પૂરા કરવા માટે ઉત્તમ સાબિત થશે.

**વૃષભ (બ, વ, ઉ) :** નોકરી અને કરિયરમાં પ્રગતિ અથવા નવી જવાબદારીઓ મળવાના મજબૂત અને શુભ સંકેતો દેખાઈ રહ્યા છે.

**મિથુન (ક, ઘ, ચ) :** આજે ઓફિસમાં તમારે ઉતાવળમાં નિર્ણયો લેવાથી બચવું પડશે અને કામને પ્રાથમિકતા આપવી પડશે.

**કર્ક (ડ, હ) :** કાર્યસ્થળ પર તમારા કામ પ્રત્યેની નિષ્ઠા જોઈને ઉચ્ચ અધિકારીઓ તમારાથી ખૂબ પ્રભાવિત થશે. ગુરુના શુભ પ્રભાવથી નાણાકીય સ્થિતિ મજબૂત રહેશે અને મનમાં આર્થિક સુરક્ષાનો ભરોસો જળવાશે.

**સિંહ (મ, ટ) :** આજે તમારે તમારા ખર્ચાઓ પર અંકુશ રાખવાની અને મોજશોખના ખોટા દેખાડાથી દૂર રહેવાની જરૂર છે.

**કન્યા (પ, ઠ, ણ) :** તમારી જ રાશિમાં ચંદ્ર અને બુધ હોવાથી આર્થિક હિસાબ-કિતાબ અને નાણાકીય બાબતો પર તમારું પૂરું ધ્યાન રહેશે.

**તુલા (ર, ત) :** શુક્રના પ્રભાવથી આજે લેવડ-દેવડની બાબતોમાં યોગ્ય સંતુલન જાળવવામાં તમને મોટી સફળતા મળશે. કાર્યક્ષેત્રમાં તમારી સર્જનાત્મક વિચારસરણીની પ્રશંસા થશે અને પ્રગતિની નવી તકો સામે આવશે.

**વૃશ્ચિક (ન, ય) :** નોકરી અને વેપારમાં તમારી કાર્યક્ષમતાના કારણે જૂના ચાલી રહેલા વિવાદોનો કાયમી અંત આવશે. પૈસા કમાવવાની કે રોકાણ કરવાની નવી ગુપ્ત યોજનાઓ અત્યારે કોઈની સાથે શેર ન કરવી હિતાવહ છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમારો દિવસ ખૂબ જ વ્યસ્ત રહેશે, તેમ છતાં તમે તમારી અંદર તાજગી અને નવી ઉર્જા જાળવી રાખશો.

**મકર (ખ, જ) :** ઓફિસમાં તમારી ધીરજ અને જૂના અનુભવો મુશ્કેલ પરિસ્થિતિઓને પણ સરળતાથી ઉકેલવામાં મદદ કરશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** કાર્યક્ષેત્રમાં તમારા નવા વિચારો અને ટેકનિકલ જ્ઞાનના કારણે સહકર્મીઓમાં તમારો દબદબો મજબૂત થશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** નોકરીમાં ઈચ્છિત જગ્યાએ બદલી થવાના કે પ્રમોશન મળવાના ખૂબ જ મજબૂત સંકેતો દેખાઈ રહ્યા છે.

# દમણ રેડિયો

## 102.3 FM

**શનિવાર/રવિવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 8 | | 6 | | | 9 |
| | 6 | | | 4 | | | 1 | |
| | | 2 | | | | 5 | | |
| 8 | 7 | | 9 | | 1 | | 3 | 2 |
| | 9 | | | | | | 8 | |
| 1 | 2 | | 6 | | 7 | | 4 | 5 |
| | | 6 | | | | 4 | | |
| | 4 | | | 9 | | | 7 | |
| 5 | | | 3 | | 4 | | | 8 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૭૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 4 | 7 | 1 | 8 | 9 | 3 | 6 |
| 7 | 9 | 3 | 6 | 4 | 2 | 1 | 5 | 8 |
| 6 | 1 | 8 | 5 | 9 | 3 | 4 | 7 | 2 |
| 4 | 6 | 2 | 1 | 8 | 7 | 3 | 9 | 5 |
| 3 | 7 | 5 | 4 | 2 | 9 | 6 | 8 | 1 |
| 9 | 8 | 1 | 3 | 5 | 6 | 7 | 2 | 4 |
| 1 | 4 | 9 | 2 | 7 | 5 | 8 | 6 | 3 |
| 8 | 2 | 6 | 9 | 3 | 4 | 5 | 1 | 7 |
| 5 | 3 | 7 | 8 | 6 | 1 | 2 | 4 | 9 |

# હર ફિક્ર કો ધૂએં મેં ઉડાતા ચલા !



ડોક્ટર કહે છે



\- ડૉ. યોગેશ વેલાણી

મંગળદાસભાઈ, રિટાયર સરકારી મને ઉધરસ આવે જેમાં ગળફા અને ક્યારેક ગળફામાં લોહી પણ આવે, છાતીમાં જમણી બાજુ ઉપર અને પીઠના એ જ ભાગ પર દુઃખાવો થાય, શ્વાસ ચડે અને વજન ઘટતું જાય નબળાઈ આવે. નાના ડોક્ટરર્ને બતાવ્યું. તો કહે કદાચ ટી.બી.ની અસર હશે. દવાઓ શરૂ કરી પણ પરિણામ શૂન્ય -ઊલટું- તકલીફો વધી હોસ્પિટલમાં ગયા તો ખબર પડી એમને તો ફેફસાનું કેન્સર છે. મંગળદાસભાઈ કહે જે દવા-ઈજેક્શન -ઓપરેશન કરો પણ મને સ્મોકિંગ બંધ કરવાનું ન કહેશો. જો કે, ધુમ્રપાન - સ્મોકિંગ કરનારા મંગળદાસભાઈ એકલા નથી. વિશ્વમાં ૨૬.૭ કરોડ લોકો (૧૫ વર્ષથી ઉપરના)

અને ભારતમાં વસ્તીના ૨૯ ટકા લોકો તમાકુના વ્યસની છે. ભારત વિશ્વમાં બીજા નંબરે તમાકુ ઉત્પાદન કરનાર અને તમાકુના કારણે થતાં મૃત્યુમાં પણ એનો નંબર બીજો જ છે. તમાકુના કારણે થતાં મૃત્યુને વિશ્વ આરોગ્ય સંસ્થા - પૂરતી સાવચેતી અને લોકજાગૃતિ હોય તે આવા મૃત્યુને રોકી શકાય, એવી પરિસ્થિતિ ગણે છે. તમાકુની આડઅસર ફક્ત ધુમ્રપાન કરનાર મનુષ્ય ઉપર જ થાય છે એવું નથી, આસપાસના વાતાવરણમાં પણ એનો ઝેરી ધુમાડો - જે ધુમ્રપાન ન કરતા હોય એને પણ તકલીફ પહોંચાડી શકે છે. વિશ્વમાં ૮૦ લાખ લોકો તમાકુના ઝેરથી મૃત્યુ પામે છે, જ્યારે ભારતમાં ૧૩ લાખ ૫૦ હજાર લોકો. વધુ ખતરનાક છે. પેસીવ સ્મોકર - જેણે કદી ધુમ્રપાન કર્યું નથી પણ ઘરમાં, પાડોશમાં, જાહેર સ્થળે, બીજા કોઈ ધુમ્રપાન કરતા હોય એના લીધે વિશ્વમાં લગભગ ૧૦ લાખ લોકોનાં મૃત્યુ થાય છે.

દરવાજા - બારી ખોલી નાખવાથી, બીજા રૂમમાં ધુમ્રપાન કરવાથી, પંખો ચાલુ કરવાથી બીજાનું - પેસીવ સ્મોકરનું રક્ષણ થતું નથી. ઝેરી કણો હવામાં કલાકો સુધી રહે છે અને કપડાં ઉપર પડદા ઉપર તેમજ ભીત ઉપર સ્થિર થાય છે અને મહિનાઓ સુધી એની અસર બતાવે છે. ફક્ત ૧૦૦ ટકા ધુમ્રપાન મુક્ત વાતાવરણ જ આ જોખમોને અટકાવે છે. નાના બાળકો, ગર્ભવતી સ્ત્રીઓ, મોટી ઉમરના લોકો, ઈમ્યુનો કોમ્પ્રોમાઈઝ દર્દીઓ માટે આ વધુ જોખમી બને છે. આને સેકન્ડહેન્ડ સ્મોક પણ કહે છે. જેમાં ૭૦૦૦થી વધુ રસાયણો હોય છે, જેમાંથી ઓછામાં ઓછા ૬૯ જેટલા કેન્સરના કારણ બની શકે છે. બીજા પણ નિર્દોષ તો નથી જ એ પણ શ્વાસમાર્ગને નુકસાન કરે છે. રક્તવાહિનીઓને અને શ્વાસમાર્ગને નુકસાન ફક્ત ૭ મિનિટના સંપર્કમાં આવવાથી પણ થઈ શકે છે.

ક્રિસ્ટોફર કોલંબસે ૧૨ ઓક્ટોબર ૧૪૯૨માં વેસ્ટ ઈન્ડિઝ ટાપુઓ (મૂળ અમેરિકાની ભૂમિ પર નહીં !) પર પગ માંડ્યો અને ત્યાંના મૂળ વતનીઓએ તમાકુના પાંદડા મહેમાનગતિમાં આપ્યા. કોલંબસ અને એના સાથી નાવિકોને આનાથી થાક દૂર થઈ ગયો. સ્ફૂર્તિ લાગવા માંડી અને તાવ જેવું તેમજ દાંતને દુઃખાવા દૂર થઈ ગયા. એવું નોંધાયું છે અને આમ ધીરે-ધીરે ૧૬મી સદી પૂરી થવા આવી ત્યાં સુધીમાં યુરોપના દરેક દેશમાં તમાકુનું વાવેતર - થોડે ઘણે અંશે શરૂ થઈ ગયું. ૧૮૪૭માં ફિલીમ મોરીએ યુ.કે.માં હાથ બનાવટની સિગારેટ શરૂ કરી. જો કે, સિગારેટનો વ્યાપ ૧૮૮૧માં સિગારેટ બનાવવાના મશીનની શોધ પછી જ વધ્યો - હાથેથી સિગારેટ આખા દિવસમાં માંડ ત્રણેક હજાર બનતી, જ્યારે મશીન તો લાખોના હિસાબે સિગારેટના ઢગલા કરી દેતું. ફિલીપ મોરીસના સમયમાં સિગારેટનો આનંદ લેવો એ ફક્ત અને ફક્ત ધનિક લોકોના જ નસીબમાં હતું, પરંતુ મશીન બનાવટની સિગારેટો આવ્યા પછી બજાર માલથી છલકાઈ ગયું - સિગારેટ પહેલાં ઓર્ડર પ્રમાણે બનતી હવે શોધવાનો વારો આવી ગયો ! - બજાર વિશ્વ યુદ્ધ-૧ અને ૨ દરમિયાન જથ્થાબંધ સિંગારેટ મોટાભાગની ખપત કરવી શરૂ કરી દીધી. સૈનિકોને આપવામાં આવતા રાશન, દવાઓ, દારૂગોળાની જેમ જ એમને સિગારેટનો જથ્થો પણ આપવામાં આવતો. સિગારેટ બનાવતી કંપનીઓએ શરૂઆતમાં સિગારેટની 'ખેરાત', સૈનિકો જે દેશ માટે લડવા જાય છે એને અમારા તરફથી ભેટની જેમ રાજી કરી અને પછી તો સૈનિકો એના બંધાણી બની ગયા અને આખી જિંદગી એના વગર રહી ન શકે એવી સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ. આમ પ્રજામાં પણ દેશપ્રેમ-રાષ્ટ્રપ્રેમના પ્રતીક જેવી સિગારેટ બની ગઈ. એટલે પુખ્ય પથના હોય કે નાના હોય બધા જ પ્રેમથી ધુમ્રપાન કરતા થઈ ગયા.

સિગારેટ કંપનીઓને હજુ વધારે ગ્રાહક જોતા હતા એટલે મર્દાનગીના પ્રતીક તરીકે સ્ટાઈલીશ મેન માચોમેન જેવા ફિલ્મી સ્ટારોને મોડેલ બનાવી જાહેરાતોનો મારો ચલાવ્યો. એ વખતે સ્ત્રીઓ ઓછી પીતી હતી એના સિવાય

**તમાકુ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, એવી ખબર કબંણનીઓને હોવા છતાં વર્ષો સુધી આ સત્યને દબાવીને વિશ્વ આરોગ્ય સાથે ચેડાં કર્યા વે - હવે તો આપણે જાગૃત થઈએ !**

પુરુષો જેમાં યુવાનો, સ્કૂલે જતા બાળકો પણ આવી જાય, આનો ટેસ લેવા માંડ્યા. સ્ત્રીઓને ટારગેટ કરવા માટે કંપનીઓએ સ્ત્રી સ્વાતંત્ર, પુરુષ સમોવડી છે સ્ત્રી અને સિગારેટ એ સ્વતંત્રતા અને ઈક્વાલિટીનું પ્રતીક છે. એવા સ્લોગન સાથે મોટે પાયે ઝુંબેશ ચલાવી. ૧૯૨૯માં કંપનીઓએ એડવર્ટ બેરનેઝને હાયર કર્યા. જેણે ન્યૂયોર્કનો ફિફથ એવન્યુ ઉપર પગારદાર મહિલાઓને અને બીજી મહિલાઓના મોટા જૂથને એમના જ ફોટોગ્રાફરની સામે સિગારેટ સળગાવતા અને કશ લેતા બતાવી અને પ્રેસ તેમજ મીડિયાને આ બધું મોકલ્યું આને એડવર્ડ બેરનેઝ ઈસ્ટર પરેડ સ્ટેટના નામથી ઓળખાય છે અને આજે પણ આને સૌથી મીડિયા સફળ-શક્તિશાળીમાંથી મેન્યુપ્યુલેશનના દાખલા તરીકે જોવામાં આવે છે.

આ એ જમાનાની વાત છે જ્યારે સામાજિક રીતે સ્ત્રીઓ સિગારેટ જાહેરમાં કે ખાનગીમાં પીએ તો એ એક સારી, સંસ્કારી સ્ત્રીની નિશાની ન ગણાતી. આ જાહેરાતના સ્ટંટ પછી સ્ત્રીઓમાં સિગારેટનું વેચાણ ધરખમ વધ્યું, જ્યાં બિલકુલ શૂન્ય હતું એની જગ્યાએ પહેલે વર્ષે ફક્ત સ્ત્રીઓએ જ કુલ વેચાણના પાંચ ટકા જેટલી નુકસાનકારક છે વગેરે..વગેરે..! કંપનીને ખબર પડી એટલે આ નેગ્રામ રોકાવી દીધો અને વિગેન્ડ ઉપર પાંચ બિલીઅન ડોલરનો કેસ ઠોકી દીધો ! છતાં હિંમત હાર્યા વગર જેફરીએ ઉપલી અદાલતમાં પુરવાર કર્યું કે સિગારેટ કંપનીના ડાયરેક્ટરોએ સરકાર સામે શપથ લઈને ખોટું બોલ્યા છે કે સિગારેટમાં કોઈ આદત પડે અથવા નુકસાન થાય એવું નથી-હવે કોર્ટે કંપનીઓ ઉપર મોટો દંડ ફટકાર્યો અને જાહેરાતો ઉપર પણ કેટલાક નિયમો લાદ્યા- ૧૯૯૯માં આ પ્રસંગની સફળતાને ધ્યાનમાં લઈને એક હોલીવૂડ ફિલ્મ પણ આવી હતી જેનું નામ હતું ઈન સાઈડર -એ વખતના ઘણા અવોર્ડ ઈનામો જીતી હતી. સિગારેટ નુકસાનકારક છે કારણ કે એમાં નિકોટીન છે અને ટાર છે-આ બન્ને હાનિકારક પદાર્થો છે. પહેલાં નિકોટીન વિશે વાત કરીએ-એક આદત પડે-એવું કેમિકલ કમ્પાઉન્ડ છે, જેની અસર મગજ અને નર્વસ સિસ્ટમ ઉપર ત્વરીતા થાય છે. પ્રજાગૃતિનો સંચાર, મજા આવવી મુંડમાં તરત સુધારો થવો - અને નિકોટીનના બીજા ડોઝની તરત જ પાછી જરૂરિયાત ઊભી થવી-હૃદયના ધબકારા વધારે છે, બ્લડ પ્રેસર વધારે છે. લાંબા ગાળાના ઉપયોગથી શારીરિક અને માનસિક રીતે નિકોટીન વગર રહી નહીં શકાય એવી પરિસ્થિતિ ઊભી થાય છે અને સમયસર નિકોટીન ન લેવાય તો ચિંતા, ચીડિયાપણુ, શરીરમાં દુઃખાવો થઈ શકે છે તેમજ હૃદયની ધમનીમાં ઈજા પહોંચાડીને હૃદયરોગ કે સ્ટ્રોક થઈ શકે. બાળકોમાં અને ગર્ભવતી સ્ત્રીઓમાં ડેવલમેન્ટલ પ્રોબ્લેમ્સ ઊભા કરી શકે છે. બીજો હાનિકારક પદાર્થ છેઁ ટારઁ. આ ટાર એટલે રોડ બનાવવામાં વપરાતો પદાર્થ નહીં ! આ ટાર તમાકુ અને બીજા કેમિકલો બળવાથી ઉત્પન્ન થાય છે, જે ફેફસાની આંતરિક દીવાલો ઉપર ચોંટી જાય છે તેમજ તેની ઉપર બહુ જ નાજુક સીલીમા-વાળ જેવા સ્ટ્રક્ચર જે ફેફસામાં થયેલ કફને દૂર કરે છે-ઈજા પહોંચાડીને એનો નાશ જ કરી દે છે. એમ્ફીસીમા અને સી.ઓ.પી.ડી. જેવા, જેનો કોઈ ઇલાજ નથી એવા ફેફસાં કરી નાખે છે. કેન્સર થવા માટેના કેટલાક કેમિકલો એમાં હોય છે જે ફેફસાનાં નિર્દોષ કોષોની અંદર -વેશીને એને કેન્સર કોષમાં સેવે છે. દાંત ઉપર, આંગળીઓ ઉપર પણ એનું આવરણ ચડી જાય છે અને એની તંદુરસ્તીને બગાડે છે.

સિગારેટની આદત છોડી દેવાની ૨૦ મિનિટમાં જ કુદરત-તમે કરેલા નુકસાનને રિપેર કરવાનું શરૂ કરી દે છે (થેંક્યુ ગોડ !). એકાદ અઠવાડિયામાં ઉધરસ અને શ્વાસ ચડવો ઓછો થાય છે (ફેફસાં ફરીથી સ્વસ્થ થવાની દિશામાં કદમ માંડે છે !) ભૂખ લાગવાની શરૂ થાય છે, હૃદયરોગ થવાની, સ્ટ્રોક આવવાની સંભાવનાઓ ઘટે છે, લાંબેગાળે ફેફસાનું કેન્સર થવાની સંભાવનાઓ ઘટે છે. સિગારેટની આદત છોડવા માટે તમારું મનોબળ મજબૂત હોવું જરૂરી છે. આરોગ્ય માટે હાનિકારક તમાકુને સરકાર જ બંધ કેમ નથી કરાવી દેતી? કેમ કે દરેક સરકારોને એમાંથી બહુ મોટો લાભ, કરવેરાના સ્વરૂપે મળે છે. તમાકુ ઉગાડવાથી માંડીને ફેક્ટરીમાં કામ કરતા વર્કરો, વેપારીઓના એક મોટા સમૂહને બેકાર બનાવવો પડે, જેને આદત છે એ બ્લેક માર્કેટમાંથી પણ એને મેળવવાની કોશિષ કરશે જ. આમ, એને ખુલ્લું બજાર મળે. વ્યક્તિ સ્વાતંત્ર એને જ નક્કી કરવા થો-ને કારણે આપણે વ્યક્તિને સમજાવી શકીએ. તમાકુ ઉપર વધુ ટેક્સ નાખીને એને મોંઘી બનાવી શકાય. આ પ્રશ્ન જનજાગૃતિથી જ ઉકેલાય એવો છે.

બધાને રાજી રાખવા એ શક્ય જ નથી, પરંતુ બધાથી રાજી રહેવું, એ ખૂબ સરળ છે.

કેફિયત હું કેટલો સારો રમ્યો. મહત્ત્વનું માત્ર એક જ હતું હું ફરી કોર્ટ પર હતો! પછડાટ પછી...

પીડા પછી...

એઆઈ ઈનોવેશન એન્ડ ક્વોલીટી ઈન હાઈયર એજ્યુકેશન વિષયે

## કપરાડાની વિજ્ઞાન કોલેજમાં વર્કશોપ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૧ :** કપરાડા તાલુકાની સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ ખાતે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, Knowledge Consortium of Gujarat (KCG), Government of Gujarat તથા કોલેજના SQACના સંયુક્ત ઉપક્રમે "AI, Innovation & Quality in Higher Education" વિષય પર એક દિવસીય વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ ઉચ્ચ શિક્ષણમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (૪૮), સંશોધન, નવીનતા, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સંસ્થાકીય શ્રેષ્ઠતાના વિવિધ પાસાઓ અંગે વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સમુદાયમાં જાગૃતિ અને કૌશલ્ય વિકસાવવાનો હતો.

કાર્યક્રમમાં Knowledge Consortium of Gujarat (KCG)ના CEO તથા Higher and Technical Education Commissioner દિલીપકુમાર રાણાના માર્ગદર્શન હેઠળ અને કોલેજના આચાર્ય મનોજકુમાર પી. પટેલના માર્ગદર્શન અને અધ્યક્ષસ્થાને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્કશોપના પ્રથમ સત્રમાં "Curiosity to Creativity: The Journey of Research and Innovation" વિષય પર આત્મીય યુનિવર્સિટી, રાજકોટના ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજીના અસોસિએટ પ્રોફેસર ડૉ. પ્રીતમ જોશી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સંશોધન અને નવીનતાની પ્રક્રિયા, જિજ્ઞાસાથી સર્જનાત્મકતા તરફની યાત્રા તથા ઉચ્ચ શિક્ષણમાં સંશોધનના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

બીજા સત્રમાં "Excellence in Teaching, Learning & Innovation: Strengthening Quality for NAAC Accreditation" વિષય પર આત્મીય યુનિવર્સિટી, રાજકોટના સેન્ટર ફોર ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટના ડિરેક્ટર ડૉ. રવિ એસ. ટાંક દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ગુણવત્તાયુક્ત શિક્ષણ, Outcome-Based Education, ગુણવત્તા સંસ્કૃતિ, દસ્તાવેજીકરણ, Evidence-Based Practices, IQAC તથા NAAC Accreditation માટેની તૈયારી અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન SQACના સંયોજક પ્રા. કેવલ એસ. પટેલ તથા આયોજન સમિતિના સભ્યો ડૉ. ભરત એમ. સહાણી, ડૉ. મેઘના ધરાણે, અનિશ સી. ગામીત, અમિતકુમાર એન. પરમાર અને સંદીપ એન. ટંડેલના સહયોગથી કરવામાં આવ્યું હતું.

## વાપી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કુલનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** ૭મી સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સેલવાસ સ્થિત પ્રભાત સ્કોલર્સ એકેડેમી, દ્વારા આયોજિત ઈન્ટર સ્કૂલ સાયન્સ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓનું સુંદર પ્રદર્શન રહ્યું . શાળા ના ગૌરવશાળી વિજેતાઓ ગ્રુપ ૧- ધોરણ ૬ ના, કુમારી પ્રતિષ્ઠા પાંડે, અદિતિ મિશ્રા અને માસ્ટર વંશ તિવારી તેઓએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો. ગ્રુપ ૨. ધોરણ ૮ની કુમારીઅંશિકા મિશ્રા, ધોરણ ૯નાં માસ્ટર હેનીલ પટેલ અને આર્યન મિશ્રા પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો..

સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્ય બીન્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન પાઠવવામાં આવે છે.

## પારડી પોલીસ દ્વારા ગણેશોત્સવને લઈ શાંતિ સમિતિની બેઠક મળી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧ :** પારડી જીઆઈડીસી પાસે આવેલ ફાઉન્ટન હોટલમાં આજરોજ પારડી પોલીસ દ્વારા શાંતિ સમિતિની બેઠક ગણેશ ઉત્સવ ના પગલે યોજવામાં આવી હતી જે બેઠકમાં વિવિધ સૂચનાઓ નું પાલન કરી ગણેશ મંડળના સંચાલકોને શાંતિપૂર્ણ રીતે ગણેશ ઉત્સવ યોજવા અપીલ કરવામાં આવી હતી અહીં ફાઉન્ટેન હોટલમાં પારડી ના ડેપ્યુટી કલેક્ટર નિરવભાઈ પટેલ પીઆઇ વાય બી ગોહિલ જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલ તાલુકા કારોબારી અધ્યક્ષ હેમલતાબેન મુસ્લિમ સમાજના આગેવાન અનવરભાઈ મનિયાર પારડી નગરપાલિકાના પ્રમુખ ચેતનભાઇ નાયકા જિલ્લા એસટી મોરચાના ઉપપ્રમુખ રાજેશભાઈ પટેલ પારડી શહેર ભાજપ પ્રમુખ વિપુલ પટેલ મહામંત્રી અશોકભાઈ પટેલ સરપંચ દિનેશભાઈ હળપતિ અજયભાઈ પટેલ મનોજભાઈ પટેલ ખુશ્બુબેન ટંડેલ સાથે નગરપાલિકાના સદસ્યો તાલુકા પંચાયતના સદસ્યો વેપારી મંડળના પ્રમુખ દિવ્યેશભાઈ રાજ ભોઈ વીએચપીના અગ્રણી રાકેશભાઈ રાણા સાથે વિશાળ સંખ્યામાં ગણેશ મંડળના સંચાલકો અને ડીજે સંચાલકો ભેગા થયા હતા

શાંતિ સમિતિની બેઠકમાં સર્વપ્રથમ ડેપ્યુટી કલેક્ટર નિરવભાઈ પટેલે જણાવ્યું હતું કે આ વખતે પારડીમાં પાંચ જેટલા ગણેશ મૂર્તિઓ ને સ્વચ્છતા બાબતે પ્રમાણપત્ર આપવામાં આવશે તેઓએ જનતાને અનુરોધ કર્યો હતો કે કોઈપણ અનિચ્છનીય બનાવના બને તે માટે ગણેશ ઉત્સવ દરમિયાન કોઈપણ બહેન દીકરીની છેડતી થવાના જોઈએ ટ્રાફિક સમસ્યા ના થાય એ માટે કાળજી રાખવાની રહેશે ફિલ્મી ગીતો કે અસલી ગીતો વગાડવાના રહેશે નહીં બાપા નો ઉત્સવ ધાર્મિક ગીતો સાથે શાંતિમય રીતે ઉજવાય એની દરેક કાળજી રાખવાની રહેશે પારડી ના પોલીસ ઈન્સ્પેક્ટર વાય બી ગોહિલે દરેક મંડળ સંચાલકોને સીસીટીવી કેમેરા મુકવા માટે જણાવ્યું હતું અને વિસર્જન વખતે દરેક મંડળના સદસ્યોને કાર્ડ આપવા જેથી એમને આઈડેન્ટી ઓળખ થઈ શકે કે એ કયા મંડળના આવેલા છે એ જ પ્રમાણે વિસર્જન યાત્રા કાઢવામાં આવશે જેથી ટ્રાફિકજામ ના થાય અને કોઈને મુશ્કેલી સર્જાય નહીં અને બીજા સૂચનો પણ તેઓએ આપ્યા હતા અને શાંતિપૂર્ણ રીતે ઉત્સવ ઉજવાય એવી શુભકામનાઓ આપી હતી ઉપસ્થિત મહાનુભાવો એ પણ જરૂરી સૂચનો કર્યા હતા જેમાં ટ્રાફિક અને રુઠ બાબતની ચર્ચા કરવામાં આવી હતી. જેથી શોભા યાત્રા કાઢવામાં ભક્તોને સરળતા થશે આમ વિવિધ ચર્ચાઓ સાથે શાંતિ સમિતિની બેઠક પૂર્ણ થઈ હતી.

## ઉમરસાડી માછીવાડમાં વિવિધ યોજના અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ જિલ્લામાં અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને ઈ-શ્રમ કાર્ડ બનાવવાની તથા ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડની વિવિધ યોજનાઓની જન જાગૃતિના પ્રચાર પ્રસાર અર્થે તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે શ્રી લક્ષ્મીનારાયણ મંદિર હોલ, માછીવાડ, ઉમરસાડી, તા. પારડી, જિ. વલસાડ ખાતે સરકારની વિવિધ યોજના અંગે માર્ગદર્શન આપતો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સરકારી શ્રમ અધિકારી એન.બી. પરમાર, મદદનીશ સરકારી શ્રમ અધિકારી એમ.એ. પટેલ અને કે.આર. અલગોતર તથા કેંદ્ર સંચાલક આર.કે. પટેલ, હાજર રહ્યા હતા. જેઓએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત અસંગઠિત શ્રમયોગીઓને ઈ-શ્રમ કાર્ડના લાભો તથા ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડની યોજનાઓ જેવી કે, અંત્યેષ્ઠિ સહાય યોજના અને ગુજરાત જુથ(જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ મહત્તમ લોકો લાભ લે તે માટે તેઓને માહિતગાર કર્યા હતા. આ યોજનાકીય લાભ લેવા માટે જરૂરી આધાર પુરાવાની પણ જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઈ-શ્રમ કાર્ડની નોંધણી કરાવવા અંગેના પેમ્પ્લેટ તથા બોર્ડની યોજનાઓને લગતા પેમ્પ્લેટ હાજર રહેલા દરેક અસંગઠિત શ્રમયોગીઓને વિતરણ કરવામાં આવ્યા હતાં. વધુમાં તેઓને જણાવવામાં આવ્યું હતું કે, જે કોઈપણ અસંગઠિત શ્રમયોગી આ યોજનાઓનો લાભ લેવા માંગતા હોય તેઓએ મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, વલસાડ તથા તાલુકાની મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી અને ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળના કેન્દ્ર સંચાલકો, CSC સેન્ટર કે VLE ની કક્ષાએથી તે અંગે જરૂરી માહિતી મેળવી શકે છે. અને સન્માન પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકે છે તે અંગે સૌને માહિતગાર કરવામાં આવ્યા હતાં.

## ઉમરગામમાં ભાજપ મંડળની કાર્યશાળા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે '૨૫ વર્ષ સેવા અને સમર્પણ' અંતર્ગત સેવા પ્રવૃત્તિઓ જનજન સુધી પહોંચાડવા કાર્યકરોને આહવાન કરવામાં આવ્યું હતું

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવન અને સેવા-સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬'ને સફળ બનાવવા ઉમરગામ તાલુકા તથા શહેર ભાજપની સંયુક્ત મંડળ કાર્યશાળા યોજાઈ હતી. ઉમરગામ ખાતે યોજાયેલી આ કાર્યશાળા વલસાડ જિલ્લા અભિયાન ઈન્ચાર્જ શિલ્પેશભાઈ દેસાઈની અધ્યક્ષતામાં યોજાઈ હતી. મુખ્ય મહેમાન તરીકે શિલ્પેશભાઈ દેસાઈ તેમજ વક્તા તરીકે ફાલ્ગુનીબેન મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળામાં અભિયાન અંતર્ગત યોજાનારી વિવિધ સેવા પ્રવૃત્તિઓ અંગે કાર્યકરોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યશાળામાં તાલુકા પ્રભારી મુકેશભાઈ તિવારી, ઉમરગામ શહેર પ્રભારી પરેશભાઈ દેસાઈ, તાલુકા મંડળ પ્રમુખ ડો. નિરવ શાહ અને શહેર મંડળ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા સહિત સંગઠનના હોદ્દેદારો, વિવિધ મોરચાના પ્રમુખો-મહામંત્રીઓ, IT, સોશિયલ મીડિયા તથા મીડિયા ટીમના કાર્યકરો અને વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત હાથ ધરાનારી સેવા પ્રવૃત્તિઓને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા, જનભાગીદારી વધારવા તેમજ વિવિધ કાર્યક્રમોનું સુચારુ આયોજન કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યકરોને અભિયાનને સફળ બનાવવા અને સેવા પ્રવૃત્તિઓ દ્વારા સમાજના વધુમાં વધુ લોકો સુધી પહોંચવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

## વલસાડની સિયાએ રાજય કક્ષાની કૂડો સ્પર્ધામાં બે રજત પદક મેળવ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડની પ્રતિભાશાળી કુમારી સિયા જી. દુબેએ પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, સુરત માં યોજાયેલી ૧૪મી ગુજરાત રાજ્ય કૂડૉ સ્પર્ધા ૨૦૨૬-૨૭માં શાનદાર પ્રદર્શન કરીને બે રજત પદકો મેળવી પરિવાર,વલસાડ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ "Steel Man of India" વિસ્પી ખરાડી, અનેક ગિનિસ વર્લ્ડ રેકોર્ડ ધારક તથા પ્રખ્યાત ફિટનેસ, સ્ટ્રેન્થ અને માર્શલ-આર્ટ્સ નિષ્ણાતે સિયાને રજત પદક અર્પણ કરી સન્માનિત અને પ્રોત્સાહિત કરી



હતી. કાર્યક્રમમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિ અને શુભેચ્છાઓએ યુવા ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

તેમણે ખેલાડીઓના આત્મવિશ્વાસ, શિસ્ત, દૃઢ નિશ્ચય અને સ્પર્ધાત્મક ભાવનાની પ્રશંસા કરી હતી. વિસ્પી ખરાડી અને હર્ષ સંઘવી દ્વારા સિયા જી. દુબેને આપવામાં આવેલ સન્માન અને શુભાશીર્વાદ તેમના રમતગમતના જીવનની એક પ્રેરણાદાયી સ્મૃતિ બની રહેશે. સિયા, તમારી મહેનત અને દૃઢ સંકલ્પ તમને સતત નવી ઊંચાઈઓ સુધી લઈ જાય. ભવિષ્યમાં તમે વધુને વધુ પદકો જીતીને વલસાડ અને ગુજરાતનું નામ રોશન કર એવી શુભેચ્છા અભિનંદન અને ઉજ્જવળ રમતગમતના ભવિષ્ય માટે અનંત શુભેચ્છાઓ પાઠવી હતી.

## વલસાડની સરકારી કોલેજમાં વ્યાખ્યાન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડની સરકારી ઈજનેરી કોલેજના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા ૫મા સેમેસ્ટરના મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે ઈન્ડસ્ટ્રીયલ એનર્જી ઓડિટીંગ એન્ડ એફિશિયન્સી પ્રેક્ટિસિસે (Industrial Energy Auditing & Efficiency Practices) વિષય પર એક વિશેષ નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે મંત્રા (MANTRA), સુરતના એનર્જી કન્ઝર્વેશન સેલના વડા એન્જિનિયર ભાવદીપ શાહ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ઔદ્યોગિક ઉર્જા બચત, બોઈલર અને થર્મલ સિસ્ટમ્સમાં ઉર્જા કાર્યક્ષમતા વધારવાના ઉપાયો તેમજ બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE) દ્વારા પ્રમાણિત એનર્જી ઓડિટર બનવા માટેની કારકિર્દીની તકો વિશે વિગતવાર માહિતી આપી હતી.

સેશન દરમિયાન વિદ્યાર્થીઓને યોકોગાવા CW240 પાવર એનાલાઈઝરૅ (Yokogawa CW240 Clamp-On Power Analyzer) સાધન દ્વારા ૩-ફેઝ સિસ્ટમમાં પાવર ક્વોલિટી અને વોલ્ટેજ-કરંટના રીઅલ-ટાઈમ લાઈવ મેઝરમેન્ટનું પ્રાયોગિક નિદર્શન (Live Demonstration) પણ કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના ડૉ. હિતેશ કિશોરભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના આચાર્ય અને વિભાગીય વડા ડો.વી.ડી. ધીમને આ સફળ આયોજન બદલ આયોજક અને સમગ્ર ટીમ અભિનંદન પાઠવ્યા હતા.

## વટાર પંથકમાં ગણેશોત્સવ ઉજવણીની તડામાર તૈયારીઓ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી મહાનગર પાલિકામાં સમાવિષ્ટ થયેલા વટાર ગામમાં ૬ -૭ સ્થાનિકોએ દર વર્ષની જેમ વિઘ્નહર્તા દેવની પધરમણીના સ્થાન કે ગણેશોત્સવની ઉજવણીની તૈયારઓ નયનરમ્ય અને આહલાદક તથા રંગબેરંગી ધ્વજ પતાકાથી સજ્જથયેલા મંડપો સુશોભિત બનવા પામ્યા છે. વટાર ગામમાં જાણે ધાર્મિક નગરી બની જવા પામી હોય જેના અંતર્ગત ગામના હાર્દસમાં પરિસર હોરીમુરાના પરિસરમાં પટેલ યુવક મૈડળ દ્વારા સાર્વજનિક ગણેશોત્સવનું અનેક આકષર્ણ જમાવે છે. જેના અંતર્ગત બાજુના સંઘ વિસ્તારમાં આવેલા ભીમપોર, વાંકડ તથા ઓદ્યોગિક વિસ્તારમાં કામ રતાં કામદારો તથા ઉપદ્યોગપતિઓ ગણેશજીના દર્શન કરી જીવનની ધન્યતા અનુભવે છે. બાદમાં ગણેશોત્સવની ગામના જરસીંગ ફળિયામાં આવલ કોટેશ્વર મંદિર, વટાર કલારિયા રોડ પરઆવેલું બ્રહ્મદેવ મંદિર, અનાવિલ બ્રાહ્માણ ફળિયામાં આવેલ ઓમકારેશ્વર મંદિર, કુંજારી માતાએ બ્રહ્મદેવની ટેકરી પર વગેરે સ્થળોએ ઉજવણી કરવામાં આવશે.

## વલસાડમાં પોષણ ઉત્સવ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ જિલ્લા સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીની કચેરી દ્વારા વલસાડ ઘટક ૨ના હોલ ખાતે વલસાડ ઘટક ૨ અને ઘટક ૩ દ્વારા ઘટક કક્ષાના પોષણ ઉત્સવ ૨૦૨૬ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા-૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાનો હેતુ આંગણવાડીના લાભાર્થીઓ તેમજ સમાજના છેવાડાના લોકોમાં બાજરી, જુવાર, નાગલી, કોદરી, સામો અને કાંગ જેવા શ્રી અન્ન(મિલેટ્સ) તેમજ આંગણવાડી કેંદ્રોમાં અપાતા ટેક હોમ રાશન (THR) જેવા કે બાલશક્તિ, માતૃશક્તિ, પૂર્ણાશક્તિ અને સરગવામાંથી બનતી પોષણયુક્ત વાનગીઓ વિશે જાગૃતિ કેળવવાનો અને તેના વપરાશને પ્રોત્સાહન આપવાનો હતો.



વર્ષ ૨૦૨૪ થી શરૂ થયેલી આ રાજયવ્યાપી પૌષ્ટિક વાનગી સ્પર્ધાના ભાગરૂપે વલસાડ ઘટક ૨ ખાતે આ કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વલસાડ ઘટક ૨ અને ૩ માં સમાવિષ્ટ કુલ ૧૦ સેજાના વિજેતા કાર્યકરો દ્વારા સ્પર્ધામાં ભાગ લેવામાં આવ્યો હતો. સ્પર્ધકો દ્વારા સરગવો, વિવિધ ભાજી અને મિલેટ્સનો ઉપયોગ કરીને બાલશક્તિ, માતૃશક્તિ, પૂર્ણાશક્તિમાંથી બનાવેલી વિવિધ વાનગીઓએ ઉપસ્થિત તમામ લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડૉ. મંજરી શર્મા હોમ સાયન્સ કોલેજના આસિ. પ્રોફેસર, ડૉ. બિનિતા પટેલ ડાયેટિશિયન, ડૉ. સ્વાતિ ચૌધરી આયુષ મેડિકલ ઓફિસર, ડૉ. કામિની પટેલ હોમિયોપેથિક મેડિકલ ઓફિસર, સુષ્મા પટેલ ન્યુટ્રીશન આસિ. NRC સિવિલ હોસ્પિટલ અને સ્નેહલ બાર્ગજે ન્યુટ્રીશન આસિ. આરોગ્ય શાખા દ્વારા નિર્ણાયક તરીકે ભુમિકા ભજવી હતી.

ડૉ. બિનિતા પટેલે વાનગી બનાવવાની યોગ્ય પદ્ધતિઓ અને મિલેટ્સના ફાયદાઓ વિશે જાણકારી આપી હતી.

સ્પર્ધામાં વિજેતા આંગણવાડી કાર્યકરોને પ્રમાણપત્ર, ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ આંગણવાડી કાર્યકરોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન વલસાડ ઘટક- ૨ ના બાળ વિકાસ યોજના અધિકારી નિલમબેન આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ક્વિઝ અને જેમ્સ ઓફ ઈન્ડિયા ચેલેન્જમાં મહત્તમ ભાગીદારી માટે

## સેલવાસમાં જાગૃતિ અભિયાન શરૂ



**સેલવાસ, તા.૧૧ :** ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય હેઠળ માય ભારત, સેલવાસા, યુવાનોને ૨૦૪૭ સુધીમાં રાષ્ટ્ર નિર્માણ અને વિકસિત ભારતના સંકલ્પ સાથે જોડવા માટે એક ખાસ જાગૃતિ અભિયાન ચલાવી રહ્યું છે. આ સંદર્ભમાં, ૧ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન માય ભારત પોર્ટલ પર VBYLD ક્વિઝનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જ્યાં ૧૫ થી ૨૯ વર્ષની વયના યુવાનો તેમની પ્રતિભા અને જ્ઞાનનું પ્રદર્શન કરી શકે છે અને રાષ્ટ્રીય સ્તરના યુવા નેતૃત્વ કાર્યક્રમમાં જોડાઈ શકે છે. VBYLD ક્વિઝના વિવિધ તબક્કાઁ વિકાસિત ભારત યંગ લીડરશીપ ડાયલોગ હેઠળ યુવાનો માટે પસંદગી પ્રક્રિયા વિવિધ તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કામાં, યુવાનોએ માય ભારત પોર્ટલ પર VBYLD ક્વિઝમાં ભાગ લેવાનો રહેશે. ક્વિઝ પછી, પસંદ કરાયેલા સહભાગીઓ ઓનલાઈન નિબંધ સ્પર્ધામાં ભાગ લેશે, ત્યારબાદ જિલ્લા અને રાજ્ય સ્તરની સ્પર્ધાઓ યોજાશે. રાજ્ય સ્તરે પસંદ કરાયેલા વિજેતાઓને નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાનાર રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા અને સંવાદ કાર્યક્રમમાં ભાગ લેવાની તક મળશે, જ્યાં દેશભરમાંથી પસંદ કરાયેલા યુવાનો તેમના વિચારો શેર કરશે.

આ સંદર્ભમાં, ભારત સરકારના માહિતી અને પ્ર-સારણ મંત્રાલયની પહેલ, જેમ્સ ઓફ ઈન્ડિયા ચેલેન્જ, યુવાનોને સર્જનાત્મક માધ્યમો દ્વારા ભારતના સમૃદ્ધ વારસા, સંસ્કૃતિ, વિવિધતા અને પ્રેરણાદાયી વાર્તાઓ રજૂ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. આ સ્પર્ધા યુવાનોને તેમની પ્રતિભા દર્શાવવાની અને ભારતની વિશિષ્ટ ઓળખ અને સ્થાનિક લાક્ષણિકતાઓ રાષ્ટ્ર સમક્ષ રજૂ કરવાની તક પૂરી પાડે છે. મેરા યુવા ભારત, સેલવાસના જિલ્લા યુવા અધિકારી અને સ્વયંસેવકો, જિલ્લાની વિવિધ શાળાઓ, કોલેજો, ITI અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ અને યુવાનોને VBYLD ક્વિઝ અને જેમ્સ ઓફ ઈન્ડિયા ચેલેન્જ વિશે શિક્ષિત કરી રહ્યા છે.

## મોટાપોંઢા સરકારી કોલેજમાં વર્ષાગીતોનો કાર્યક્રમ યોજાયો



**કપરાડા, તા. ૧૧ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મોટાપોંઢા ખાતે આવેલી શ્રી મુમ્બાદેવી આર્ટસ અને શ્રીમતી એસ. આર. ચમારિયા કોમર્સ કોલેજ ખાતે ગુજરાતી વિભાગ દ્વારા 'ઋતુઓની રાણી વર્ષા' વિષયને કેન્દ્રમાં રાખીને કાવ્યગાન અને કાવ્યપઠનનો કાર્યક્રમ યોજાયો હતો. આશરે ૧૫ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ કવિઓની રચનાઓને પોતાના સ્વર અને અભિવ્યક્તિથી જીવંત કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કાલિદાસની 'ઋતુસંહાર' અને 'મેઘદૂત' જેવી અમર કૃતિઓથી વર્ષાઋતુના સાહિત્યિક મહિમાની વાત થઈ હતી. ગુજરાતી કવિતામાં વર્ષાઋતુને જુદી-જુદી રીતે જોનારા, ગાનારા કવિઓની રચનાઓની સફર વિશે પ્રા. ડૉ. આશા ગોહિલે વાત કરી હતી. બાલમુકુન્દ દવેના શ્રાવણ નીતર્યો સરવડે, કોઈ ઝીલો જી જેવા શબ્દોમાં શ્રાવણની છલકતી સુંદરતા અનુભવાઈ હતી. પ્રહલાદ પારેખના ક્ઝુથાયે છે થેઈ થેઈકાર, ધરા ને ગગનમાં થાયે છે. આ રચનામાં વર્ષાના વિવિધ રંગો અને માનવમનની વિવિધ લાગણીઓ ઉજાગર થઈ હતી. ક્રિષ્ના પટેલ, અંજલી ગાંવિત, વ્યોમા પટેલ ,હેતલ પટેલ, હેમાક્ષી કળસરિયા, મલ્લિકા વળવી, હિરલ પટારા, છાયા પટેલ, સોહાની પટેલ, હસ્તી ધંધુકિયા, ડિમ્પલ કાર, મિતાલી નાયકા, નિયતિ કરસરિયા, પરીતા પટેલ, જીનલ પટેલે ભાવસભર કાવ્યગાન અને કાવ્યપઠન કર્યું હતું. ગુજરાતી વિભાગના ડૉ. જે. એમ. સોલંકીએ કવિ ઉશનસનું કાવ્ય અષાઢે તણખલુંના તોડીએ જી ગાઈ સંભળાવી વિદ્યાર્થીઓને ખુશ કરી દીધાં હતા. પ્રા. નર્મદાબેન પરમારે વિદ્યાર્થીઓની અભિવ્યક્તિની નોંધ લઈ યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું સંચાલન તથા આભારદર્શન ડૉ.આશા ગોહિલે કર્યું હતું.

## વલસાડના યુવાનોને વિકસિત ભારત ક્વિઝમાં પ્રધાનમંત્રી સમક્ષ વિચારો રજૂ કરવાને તક મળશે

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૧ :** યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર હેઠળ માય ભારત, વલસાડ દ્વારા જિલ્લાના ૧૫ થી ૨૯ વર્ષની વયજૂથના યુવાનોને વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ (VBYLD) -૨૦૨૭ ક્વિઝમાં વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા અપીલ કરવામાં આવી છે.


રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામેલા યુવાનોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ પોતાના વિચારો અને સૂચનો રજૂ કરવાની તક મળશે.

વિકસિત ભારત @૨૦૪૭ના વિઝનને અનુરૂપ રાષ્ટ્રીય યુવા મહોત્સવનું પુનર્ગઠન વિકસિત ભારત યુવા સંવાદ તરીકે કરવામાં આવ્યું છે. તેના માધ્યમથી યુવાનોને રાષ્ટ્રનિર્માણ, નેતૃત્વ, નવીનતા અને સર્જનાત્મક ચિંતન સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ જ ક્રમમાં ૩૦માં રાષ્ટ્રીય યુવા મહોત્સવ - વિકસિત ભારત યુવા સંવાદ ૨૦૨૭નું આયોજન કરવામાં આવનાર છે, જેમાં ૧૫થી ૨૯ વર્ષની વયના યુવાનોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે.

વિકસિત ભારત યુવા સંવાદની પસંદગી પ્રક્રિયા પાંચ તબક્કામાં યોજાશે. (૧). ક્વિઝ (૨). નિબંધ લેખન, (૩). જિલ્લા ચેમ્પિયનશિપ અને પ્રસ્તુતિ, (૪). રાજ્ય સ્તરીય સંવાદ અને પ્રસ્તુતિ (૫). રાષ્ટ્રીય સંવાદ છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવશે નહીં. સફળ પ્રતિભાગીઓને પોતાની નેતૃત્વ ક્ષમતા અને વિચારો રજૂ કરવાની સાથે વિકસિત ભારત @૨૦૪૭ ની પરિકલ્પનામાં યોગદાન આપવાની તક મળશે.

માય ભારત, વલસાડના જિલ્લા યુવા અધિકારી આયુષ ચૌધરીએ જિલ્લાના તમામ પાત્ર યુવાનો, શાળાઓ, મહાવિદ્યાલયો તથા યુવા સંગઠનોને અપીલ કરી છે કે, તેઓ વધુમાં વધુ યુવાનોને વિકસિત ભારત ક્વિઝમાં ભાગ લેવા માટે પ્રેરિત કરે. નોંધણી અને વધુ વિગતવાર માહિતી માટે MY Bharat Portalની મુલાકાત લેવા જણાવાયુ છે.

આ અંગે વધુ માહિતી માટે આયુષ ચૌધરી, જિલ્લા યુવા અધિકારી, માય ભારત, વલસાડનો કચેરી ફોન નં. ૯૮૨૪૬૮૫૮૨૭ પર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.




# નવદલ મહાદેવ - ત્રાલ

કાશ્મીરની ભૂલાતી શૈવ પરંપરા અને શ્રી અમરનાથ યાત્રા સાથે જોડાયેલું પ્રાચીન તીર્થ કાશ્મીર અસંખ્ય પ્રાચીન મંદિરો, પવિત્ર સ્થાનકો, નાગ-ઝરણાં અને તીર્થસ્થળોની ભૂમિ છે. આ સ્થળો આધ્યાત્મિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છે.

વીસમી સદીના અંતિમ સમયગાળામાં કાશ્મીરી પંડિત સમાજના સ્થળાંતર બાદ આવા અનેક પવિત્ર સ્થળો ધીમે ધીમે સામૂહિક સ્મૃતિમાંથી દૂર થતા ગયા. પોતાની જન્મભૂમિથી દૂર મોટી થયેલી નવી પેઢીઓ માટે ઘણી પરંપરાઓ, ધાર્મિક વિધિઓ અને સ્થાનિક ઈતિહાસ હવે માત્ર થોડા વડીલો અને વિદ્વાનો સુધી સીમિત રહી ગયા છે.

આવા જ ભૂલાઈ ગયેલા પરંતુ અત્યંત મહત્વપૂર્ણ પવિત્ર સ્થળોમાંનું એક છે નવદલ મહાદેવ, જે દક્ષિણ કાશ્મીરના પુલવામા જિલ્લામાં ત્રાલ નજીક આવેલું છે. એક સમય હતો જ્યારે આ પ્રાચીન તીર્થને શ્રી અમરનાથ યાત્રાનો અનિવાર્ય અંતિમ પડાવ માનવામાં આવતો હતો. આજે પણ આ સ્થળ ભગવાન શિવ અને કાશ્મીરનાં પવિત્ર નાગ-ઝરણાં સાથે જોડાયેલી સદીઓ જૂની પરંપરાઓને પોતાના હૃદયમાં સાચવીને ઊભું છે.

### ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

નવદલ મહાદેવ નવદલ ગામમાં, ત્રાલથી આશરે ૪ કિલોમીટર અને પિંગલિશથી લગભગ ૬ કિલોમીટર દૂર આવેલું છે. આ મંદિર અત્યંત પ્રાચીન હોવાનું માનવામાં આવે છે અને સ્થાનિક પરંપરા અનુસાર તેનો સંબંધ પૌરાણિક યુગ સાથે જોડાય છે. તે લાંબા સમયથી એક મહત્વપૂર્ણ શૈવ તીર્થ તરીકે પૂજાતું આવ્યું છે અને અમરેશ્વર મહાત્મ્ય જેવા ધાર્મિક ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળે છે. સ્થળ પર પુરાતત્વીય સંશોધન હજુ મર્યાદિત છે, પરંતુ અહીં આજે પણ અસ્તિત્વ ધરાવતા પવિત્ર ઝરણાં, પ્રાચીન શિવલિંગ અને આસપાસ વિખરાયેલા પથ્થરના અવશેષો દર્શાવે છે કે આ સ્થળનો ધાર્મિક ઈતિહાસ અત્યંત પ્રાચીન છે. સ્થાનિક પરંપરાઓ અને ઐતિહાસિક વર્ણનોમાં નવદલને સતત શ્રી અમરનાથ યાત્રાની સમાપન વિધિઓ સાથે જોડવામાં આવે છે.

'નવદલ' નામની ઉત્પત્તિ નવદલ નામ બે શબ્દોથી બનેલું માનવામાં આવે છે.

નવ – એટલે નવ દલ – એટલે ઝરણાં અથવા જળાશયો નામ પ્રમાણે અહીં આઠ નાના ઝરણાં અને એક મોટું મુખ્ય ઝરણું, એમ કુલ નવ પવિત્ર ઝરણાં હોવાનું માનવામાં આવે છે. આ તમામ ઝરણાં ભેગાં થઈને એક જ પ્રવાહ બનાવે છે, જેને સ્થાનિક લોકો ક્ષ્પાતાળી ગંગા તરીકે ઓળખે છે. મુખ્ય ઝરણાના કિનારે સફેદ પથ્થરમાંથી બનેલું એક અદ્ભુત શિવલિંગ સ્થાપિત છે. આ વિશિષ્ટ શિવલિંગ અને નવ પવિત્ર ઝરણાંને કારણે નવદલ કાશ્મીરના અનોખા શૈવ તીર્થોમાંનું એક છે.

શ્રી અમરનાથ યાત્રા સાથેનું પવિત્ર જોડાણ લાંબા સમયથી ચાલી આવતી ધાર્મિક પરંપરા અનુસાર શ્રી અમરનાથ યાત્રા નવદલ મહાદેવના દર્શન અને વિધિ વિના પૂર્ણ માનવામાં આવતી નહોતી. શ્રી અમરનાથની પવિત્ર ગુફામાંથી પરત ફર્યા બાદ યાત્રાળુઓ નવદલ પહોંચતા. અહીં તેઓ પવિત્ર ઝરણાંમાં સ્નાન કરતા, શિવલિંગનો રુદ્રાભિષેક કરતા અને ભગવાન શિવની પૂજા-પ્રાર્થના કરતા. ત્યારબાદ યાત્રા દરમિયાન સાથે રાખેલી લાકડી, છત્રી અને લાકડાની પાદુકાઓ અહીં છોડી દેવામાં આવતી.

આ પરંપરાગત વિધિને 'મનસાવુન' (Mansavun / Mansaavun) તરીકે ઓળખવામાં આવતી હતી. આ વિધિ શ્રી અમરનાથ યાત્રાની સફળ પૂર્ણાહુતિનું પ્રતીક માનવામાં આવતી હતી.

સ્થાનિક પરંપરા અનુસાર ઘણા શ્રદ્ધાળુઓ અહીં પોતાના પૂર્વજોના આત્માની શાંતિ માટે શ્રાદ્ધ અને પિંડદાન પણ કરતા હતા. આ રીતે નવદલ માત્ર યાત્રાનું અંતિમ સ્થાન નહોતું, પરંતુ પોતાના પિતૃઓને યાદ કરવા અને તેમના સન્માન માટેનું પણ પવિત્ર તીર્થ હતું.

### નવદલ ચૌરમ


દર વર્ષે શ્રાવણ પૂર્ણિમા પછીના ચોથા દિવસે નવદલ ચૌરમ અથવા નવદલ ચોરમ ઉજવવામાં આવતો હતો. તેને બદરપેઠ ચોરમ તરીકે પણ ઓળખવામાં આવે છે.

કાશ્મીર અને જમ્મુના વિવિધ વિસ્તારોમાંથી હજારો શ્રદ્ધાળુઓ આ દિવસે નવદલ પહોંચતા. તેઓ પવિત્ર ઝરણાંમાં સ્નાન કરતા, પૂજા, રુદ્રાભિષેક અને અન્ય ધાર્મિક વિધિઓ કરતા. ૧૯૯૦ પહેલાં નવદલ કાશ્મીરી હિંદુ સમાજના મહત્વપૂર્ણ તીર્થસ્થળોમાંનું એક હતું અને આ વાર્ષિક ઉત્સવ અત્યંત શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવાતો હતો.

### હાલની સ્થિતિ

નવદલ મહાદેવ ત્રાલ તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલું હોવાથી અહીં સરળતાથી પહોંચી શકાય છે.

મંદિરના પ્રવેશદ્વાર પાસે નવી યજ્ઞશાળા બનાવવામાં આવી છે. યાત્રાળુઓ માટે નવદલ ભવન ક્ષ્ નામની નવી ધર્મશાળાનું બાંધકામ પણ ચાલી રહ્યું છે. પવિત્ર ઝરણાના કિનારે એક પ્રાચીન ચિનારના વૃક્ષની છાયામાં સફેદ પથ્થરનું શિવલિંગ આજે પણ મુખ્ય પૂજનીય સ્થાન તરીકે સ્થાપિત છે. મંદિરની મુલાકાત દરમિયાન સ્થળની આસપાસ કેટલાક કોતરેલા પથ્થરના



## ચસ્મે બદૂર કશ્મીર

ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

ટુકડાઓ જોવા મળ્યા. તેમાંનો એક પથ્થર ખાસ ધ્યાન ખેંચે છે, જેમાં તેની સપાટી પર એક મોટું અને એક નાનું ગોળાકાર ખાડું કોતરાયેલું છે. આ પથ્થરનો મૂળ ઉપયોગ શું હતો તે સ્પષ્ટ નથી, પરંતુ તે અગાઉના પથ્થરના મંદિર અથવા કોઈ ધાર્મિક સ્થાપત્યનો ભાગ હોઈ શકે છે. આ અવશેષો સૂચવે છે કે નવદલમાં વધુ પુરાતત્વીય સંશોધન કરવામાં આવે તો તેના -ાચીન સ્થાપત્ય અને ઈતિહાસ અંગે વધુ મહત્વપૂર્ણ માહિતી મળી શકે છે. હાલમાં આ પવિત્ર તીર્થનું સંચાલન નવદલ તીર્થ સમિતિ, જિલ્લા પુલવામાક્ષ્ દ્વારા કરવામાં આવે છે, જેણે મંદિરની પરંપરાઓના સંરક્ષણ અને પુનર્જાગરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

### પ્રાચીન પરંપરાનું પુનર્જીવન

ત્રાલના નૂરપુરાના ડૉ. રમેશ ભાટજીના જણાવ્યા અનુસાર છેલ્લા ત્રણ વર્ષથી નવદલ યાત્રાનું મોટા પાયે આયોજન કરવામાં આવી રહ્યું છે. દર વર્ષે શ્રદ્ધાળુઓ અહીં ભેગા થઈ પૂજા કરે છે, રુદ્રાભિષેક કરે છે, પરંપરાગત વાર્ષિક હવન કરે છે, મહાયજ્ઞમાં ભાગ લે છે, અને ત્યારબાદ સૌને પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે.

પરંપરા મુજબ શ્રી અમરનાથ યાત્રા સાથે જોડાયેલા પવિત્ર અવશેષોને પણ વિધિપૂર્વક નવદલના પવિત્ર ઝરણામાં વિસર્જિત કરવામાં આવે છે. કાશ્મીરી પંડિત સમુદાય દ્વારા વહીવટી તંત્રને અપીલ કરવામાં આવી છે કે શ્રી અમરનાથ યાત્રાની સત્તાવાર સમાપ્તિ નવદલ ખાતે કરવાની પ્રાચીન પરંપરાને ફરી જીવંત કરવામાં આવે અને નવદલ ચૌરમના દિવસે પરંપરાગત મનસાવુન વિધિ પુનઃસ્થાપિત કરવામાં આવે. સ્થાનિક પરંપરા અનુસાર આ પ્રથા સદીઓ સુધી અવિરત ચાલતી રહી હતી, પરંતુ ૧૯૮૯-૯૦ દરમિયાન કાશ્મીરમાં શરૂ થયેલા આતંકવાદ અને ત્યારબાદ કાશ્મીરી પંડિત સમાજના સ્થળાંતર પછી આ પરંપરા બંધ થઈ ગઈ. ત્યારબાદ યાત્રાની સમાપન વિધિ પહેલગામમાં લિદ્દર નદીમાં કરવામાં આવવા લાગી. ઘણા ધાર્મિક વિદ્વાનો પણ આ પ્રાચીન પરંપરાને પુનઃસ્થાપિત કરવાની તરફેણ કરે છે. તેમની માન્યતા અનુસાર પ્રાચીન પરંપરા મુજબ શ્રી અમરનાથ યાત્રાની સાચી પૂર્ણાહુતિ ત્યારે જ થાય છે. જ્યારે પવિત્ર અવશેષો નવદલના જળમાં વિસર્જિત કરવામાં આવે—જ્યાં ભગવાન શિવ અને માતા પાર્વતીને સમર્પિત નવ પવિત્ર ઝરણાં એક જ પ્રવાહમાં ભળી જાય છે.

### સંરક્ષણનું મહત્ત્વ

નવદલ મહાદેવ માત્ર એક પ્રાચીન શિવ મંદિર નથી તે કાશ્મીરના ધાર્મિક ઈતિહાસના એક મહત્વપૂર્ણ અધ્યાયનું પ્રતીક છે અને શ્રી અમરનાથ યાત્રા સાથે જોડાયેલી સદીઓ જૂની પરંપરાને જીવંત રાખે છે. નવદલ તીર્થ સમિતિ અને સ્થાનિક શ્રદ્ધાળુઓના પ્રયત્નોથી મંદિર સાથે જોડાયેલી અનેક ભૂલાઈ ગયેલી ધાર્મિક પરંપરાઓ ફરીથી જીવંત બની રહી છે. અલબત્ત, આમાં કેન્દ્ર સરકાર પણ કાશ્મીરી પંડિતોને ખૂબ સહકાર ,મદદ અને માર્ગદર્શન આપી રહી છે .જે ખરેખર ગૌરવસભર વાત છે .

તેમનું કાર્ય આપણને એ સમજાવે છે કે વારસાનું સંરક્ષણ માત્ર જૂની ઈમારતોનું સમારકામ કરવું નથી. સાચું સંરક્ષણ ત્યારે થાય છે જ્યારે આપણે તેની સાથે જોડાયેલી પરંપરાઓ, તહેવારો, ધાર્મિક વિધિઓ, લોકસ્મૃતિઓ અને સામૂહિક ઈતિહાસને પણ જીવંત રાખીએ.

યોગ્ય દસ્તાવેજીકરણ, પુરાતત્વીય સંશોધન અને સતત સામુદાયિક સહયોગ દ્વારા નવદલ મહાદેવ ફરી એક વખત કાશ્મીરના મહત્વપૂર્ણ તીર્થસ્થળોમાં પોતાનું યોગ્ય સ્થાન મેળવી શકે છે.

### ઐતિહાસિક સંદર્ભો

અમરેશ્વર મહાત્મ્ય (શ્રી અમરેશ્વર દર્શનમ), પૃષ્ઠ ૧૬-૧૭ આ ગ્રંથમાં નવદલને શ્રી અમરનાથ યાત્રાના મહત્વપૂર્ણ પડાવ તરીકે વર્ણવવામાં આવ્યું છે અને અહીં કરવામાં આવતી નિર્ધારિત ધાર્મિક વિધિઓ વિના યાત્રા અધૂરી ગણાતી હોવાનું જણાવાયું છે.

**અમરેશ્વર મહાત્મ્ય, પૃષ્ઠ ૧૨૫-૧૨૭**

આ પૃષ્ઠોમાં શ્રી અમરનાથ યાત્રા પૂર્ણ કર્યા બાદ નવદલ ખાતે કરવામાં આવતી ધાર્મિક વિધિઓનું સંસ્કૃત શ્લોકોમાં વર્ણન મળે છે.

પ્રસિદ્ધ કાશ્મીરી વિદ્વાન પંડિત કૃષ્ણ જૂ રઝદાનના પોશા પૂજામાં પણ નવદલનો ભક્તિપૂર્ણ સંદર્ભ જોવા મળે છે. શ્રી ત્રિલોકી નાથ વાંચુ દ્વારા કરવામાં આવેલા અંગ્રેજી અનુવાદમાં ભાવાર્થરૂપે નવદલ ખાતે અમરેશ્વરને શિર અર્પણ કરવા અને શંકરની પ્રાર્થના કરવાનો ઉલ્લેખ છે. નવદલ મહાદેવના ઈતિહાસ, પરંપરાઓ અને ધાર્મિક વિધિઓ વિશે જાણકારી ધરાવતા વડીલો, વિદ્વાનો, સ્થાનિક રહેવાસીઓ પાસે છે જ.. આવી દરેક નાની-મોટી માહિતી નવદલ મહાદેવની સાચી અને સંપૂર્ણ વારસાગાથા ભવિષ્યની પેઢીઓ માટે દસ્તાવેજીકૃત કરવામાં અમૂલ્ય સાબિત થઈ શકે છે. નવદલ મહાદેવ માત્ર નવ પવિત્ર ઝરણાંનું તીર્થ નથી—તે કાશ્મીરની શૈવ પરંપરા, પિતૃસ્મૃતિ અને શ્રી અમરનાથ યાત્રાની સદીઓ જૂની અધૂરી થઈ ગયેલી એક પવિત્ર કડીને ફરી જોડવાની આશાનું પ્રતીક છે.

**કાલી મંદિર :** ત્રાલ ક્ષ્સમયથી ખોવાયેલું મંદિર, પરંતુ સ્મૃતિમાંથી નહીં ત્રાલમાં માતા કાલીને સમર્પિત એક પ્રાચીન મંદિર આવેલું છે. ક્યારેક મંદિરના પરિસરની અંદર જ એક પ્રાચીન ચિનારનું વિશાળ વૃક્ષ ઊભું હતું. મંદિરની છત આ ભવ્ય વૃક્ષના થડને આસપાસ રાખીને બનાવવામાં આવી હતી. આ વાત દર્શાવે છે કે તે સમયના લોકો પ્રકૃતિ પ્રત્યે કેટલો આદર અને સન્માન ધરાવતા હતા. કાશ્મીરી પંડિત સમાજના સ્થળાંતર બાદ મંદિરની યોગ્ય દેખરેખ રહી નહીં. સમય જતાં ચિનારનું વૃક્ષ સુકાઈ ગયું અને જ્યારે તેનું વિશાળ થડ અંતે પડી ગયું, ત્યારે પહેલેથી જ ઉપેક્ષિત અને જર્જરિત મંદિરને વધુ નુકસાન થયું.

આ મંદિર સાથે જોડાયેલી અનેક રસ-દ પરંપરાઓ અને માન્યતાઓ જોડાયેલ છે. તે અનુસાર, એક સમયે મંદિરની અંદર એક પવિત્ર નાગ (ઝરણું) હતું અને તેના સ્વચ્છ પાણીમાં માતા કાલીની મૂર્તિ દેખાતી હતી. સમય જતાં આ ઝરણું સુકાઈ ગયું છે, પરંતુ એવી માન્યતા છે કે પાણી હજુ પણ ભૂગર્ભમાં વહે છે અને મંદિરની બહાર આવેલા એક વિશાળ ચિનારના વૃક્ષના મૂળ પાસે બહાર આવે છે. મંદિરની અંદર એક શિવલિંગ પણ સ્થાપિત હતું. મંદિરનો મુખ્ય ધાર્મિક ભાગ નીચેના માળે હતો, જ્યારે ઉપરના માળે ધર્મશાળા આવેલી હતી. દક્ષિણ ભારતમાંથી આવેલા એક સાધુ અહીં ઘણા વર્ષો સુધી રહ્યા હતા એવી સ્થાનિક સ્મૃતિ છે.

### તહેવારો અને ધાર્મિક પરંપરાઓ

કાળી મંદિર એક સમયે ત્રાલના ધાર્મિક જીવનનું મહત્વપૂર્ણ કેન્દ્ર હતું. અહીં જન્માષ્ટમી ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિ સાથે ઉજવવામાં આવતી હતી. આ ઉપરાંત પરંપરાગત કાશ્મીરી પંચાંગ અનુસાર પોહ ગટપટ્સ અષ્ટમીના દિવસે કાલી જયંતી પણ મહત્વપૂર્ણ તહેવાર તરીકે ઉજવાતી હતી. ભક્તો માતા કાલીને ચરવન તિહાર તથા અન્ય પરંપરાગત નૈવેદ્ય અને અર્પણો ધરાવતા હતા.

### ત્રાલ - ત્રિમૂર્તિની ભૂમિ

સ્થાનિક માન્યતા અનુસાર ક્ષ્ત્રાલક્ષ્ નામ ત્રિ આલય પરથી ઉતરી આવ્યું છે. ક્ષ્ત્રિ આલયક્ષ્નો અર્થ થાય છે. ત્રિમૂર્તિનું નિવાસસ્થાન, એટલે કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ (શિવ)નું પવિત્ર નિવાસ. સમય જતાં 'ત્રિ આલય' શબ્દનું રૂપાંતર થઈને 'ત્રાલ' નામ પ્રચલિત થયું હોવાનું માનવામાં આવે છે. ત્રાલમાં આવેલું બીજું પવિત્ર ઝરણું બ્રહ્માસર તરીકે ઓળખાય છે, જે આ નગરની પ્રાચીન આધ્યાત્મિક અને ધાર્મિક પરંપરાને વધુ ઉજાગર કરે છે.

### ઐતિહાસિક નોંધ

ઉપરોક્ત ઐતિહાસિક વિગતો મુખ્યત્વે સ્થાનિક વડીલો દ્વારા જણાવવામાં આવેલી મૌખિક પરંપરાઓ અને સ્મૃતિઓ પર આધારિત છે. આ પરંપરાઓને વધુ સારી રીતે સમજવા અને તેની ઐતિહાસિક સત્યતા ચકાસવા માટે હજુ વધુ સંશોધન તથા -ાચીન દસ્તાવેજોના પુરાવાની જરૂર છે. આ મંદિર આજે ભલે ખંડેર બની ગયું હોય, પરંતુ તેની સાથે જોડાયેલી આસ્થા, સ્મૃતિઓ, લોકકથાઓ અને પરંપરાઓ આજે પણ જીવંત છે.

આવા સ્થળોનું કશ્મીરી પંડિતો દસ્તાવેજીકરણ અને સંરક્ષણ સાથે, કાશ્મીરની એક ભૂલાતી સાંસ્કૃતિક ધરોહરને સાચવી રાખવાનું બારીકાઈથી કામ કરે છે અને કેન્દ્ર સરકાર પણ તેમને મદદ કરી રહી છે જે ગૌરવપ્રદ વાત છે.

# આયો રે આયોરે આયો રે ભાદરવો આયો રે..!

આયો રે આયોરે આયોરે.....ભાદરવો આયો રે.....! ભાદરવો આયો રે.....!! ' એક્ચ્યુલી ' આ ગીતમાં આમ તો ' ભાદરવો ' નહિ, પઅઅઅણ...સાવન શબ્દ જ આવે. એ ટ હું પણ જાણું. છે. આ તો ' માઈક ટેસ્ટીંગ ' કરી જોયું, કે સાવનને બદલે, ભાદરવો શબ્દ મૂકીએ, ઝામે કે નહિ...? ન્હાલે ભલે ભાદરવામાં ગણપતિ બાપા આવતા હોય, પણ સાવાનનો જેટલો મહિમા ગવાયો છે, એટલો ક્યાં ભાદરવાનો ગવાય છે...? ભેદ તો જુઓ....? શ્રાવણમાં શીરો, ને ભાદરવામાં સરાધીયાનો દૂધપાક.....! ભલે ભાદરવામાં ભીંડા બહુ થતાં હોય, પણ.... ' સાવન ' ની જગ્યાએ ' ભાદરવો ' શબ્દ મુકવાથી ભીંડો ક્યારેય વડ નહિ બને. ' એક્ચ્યુલી ' તો એવું લાગે કે, જાણે દૂધપાકનો વઘાર ભીંડાથી ના કર્યો હોય...? ને બીજું થાય એવું કે, બહુ લહેકાથી ગાવા જઈએ તો, ગીત સાંભળીને મરવા પડેલા કૂતરા પણ આપણી પાછળ દોડતા જાય ...! નાહકના ચૌદ ઈન્જેક્શનના તેડાં સામે ચાલીને શું કામ કરવા જોઈએ...? જે શબ્દો જ્યાં શોભે. ત્યાં જ શોભે....! ગલગોટાના તોરણને બદલે ભીંડા કે કાકડીના હાર બારણા ઉપર ના લગાવાય બકા....! શ્રાવણ એ શ્રાવણ, ને ભાદરવો એ ભાદરવો....! એમાં પણ જાણે પેલી દેરાણી-જેઠાણી જેવું હલેળું ણા હોય...? મહિનામાં શ્રાવણ પહેલો આવે એટલે એ જેઠાણી, અને ભાદરવો પછી આવે એટલે એ દેરાણી...! એટલે જેઠાણીનો વટ તો રહેવાનો જ. ભાદરવો પાછળથી પ્રગટ થયો એટલે એના નશીબમાં સરાધીયા જ આવવાના. સત્યનારાયણની કથાઓ નહિ....! ધીસ ઈઝ ધ નેચરલ ડીફરન્સ બીટવીન શ્રાવણ અને ભાદરવા, યુ સી....? ઓહોહોહો.....! શ્રાવણમાં શું કથાઓનું સેલ ઝામે છે....? આપણી પાસે ભૂદેવોનો જથ્થાબંધ સ્ટોક હોવા છતાં, એ પણ ખૂટી જાય. આપણને ટેન્શન એ વાતનું થાય કે, ભગવાન તો માત્ર એક જ છે. બધી જગ્યાએ પહચી વળવા માટે એમણે કેટકેટલાં ' ઓવરટાઈમ ' કરવા પડતાં હશે...? ' એક્ચ્યુલી ' વાણીયા-કઠિયારાની વાત તો હવે લોકોને પણ મોઢે થઇ ગઈ. પણ વહાણ ડૂબ્યા પછી વાણીયાએ કઈ કથા વંચાવેલી એના સગડ હજી ચમનીયાને મળ્યા નથી. મને કહે, રમેશીયા....! તું જોજે, સમય એવો આવશે કે, કથામાં પણ ફર્સ્ટ ક્લાસ, સેકન્ડ ક્લાસ, અને થર્ડ ક્લાસ ઉભા થશે....! અને ત્રણેય ક્લાસના ભૂદેવની ડીગ્રી પણ અલગ-અલગ હશે. આપણને સામેથી પૂછશે કે, કયા કલાસની કથા વંચાવવી છે...? આપણે પૂછીએ કે, આમાં ' ડીફરન્સ ' શું....? તો કહેશે કે, બધાના ભાવ અલગ અલગ. ફર્સ્ટ ક્લાસ વાળી કથા વંચાવો તો, એમાં વાણીયો, કઠિયારો, લીલાવતી અને કલાવતી બધ્ધાં આવે. અને સેકન્ડ ક્લાસવાળી વંચાવો તો વાણીયો આવે તો કઠિયારો




નહિ આવે. અને લીલાવતી આવે તો કલાવતી નહિ આવે. અને થર્ડ ક્લાસ વંચાવો તો કાંઈ નક્કી નહિ, એમાં કોણ આવે અને કોણ જાય....! તારી ભલી થાય તારી ચમનીયા....! પઅઅણ.....! ' એક્ચ્યુલી ' તો આ બધી હસવા હસાવવાની વાત છે. આવું બધું આવે નહિ. પણ સાચી વાત તો એ છે કે, આપણે એટલા શ્રદ્ધાળુ છીએ કે, કથાઓ વાંચી વાંચીને, આપણે આ સત્યનારાયણની કથાને, સુપર સ્ટારની માફક, 'સુપરકથા ' બનાવી દીધી. કોઈ ભલે કથા સાંભળવાને બદલે શીરો ખાવા જ જતાં હોય, છતાં એના ધાર્મિક ઉમળકામાં કોઈ વધઘટ નહિ આવે...! ભગવાન જાણે કે, બિચારાની પોતાની કથા પૂરી થાય તો એ મારી કથા સાંભળવા વહેલો આવે ને ....? એટલે માફ કરી દે.

ત્યારે, ભાદરવામાં 'એવું નહિ. એમાં તો, આખો માહોલ જ અલગ. એમાં સત્યનારાયણની કથાઓ નહિ આવે. માત્ર પૂર્વજોના શ્રાદ્ધ જ વધારે આવે. કથામાં તો માણસ આવે પણ ખરો, પણ કાગડાઓને તો આન-માન અને શાનથી કાલાવાલા કરવા પડે. સમયે એવાં આડા ફાટે કે વાસ લેવા માટે એમની ફલાઈટ 'લેન્ડીંગ' જ નહિ થાય...! ક્યારેક તો યજમાનની આંખમાં આંસુડા પણ લાવી દે. ઘરધણીએ નાક લીસોટા પણ કરવા પડે કે, બાપા....! અમારી કોઈ ભૂલચૂક થઇ હોય તો માફ કરો, પણ અમારો વાસ તો સ્વીકારી લો બાપા....? એના કપાળમાં કાંદો ફોડું....! જો કે. આપણે પણ જાણીએ કે, જેને જીવતા જીવત ' સુવાસ ' નહિ આપી હોય, એ મર્યા પછી તમારો વાસ ક્યાંથી સ્વીકારે...? આ તો એક વાત છે....! 'એક્ચ્યુલી 'આપણે કાગડાની વાતમાં બહુ માથું નહિ મારવું જોઈએ. પણ, એક સવાલ જરૂર એવો થાય કે, શું આપણા પૂર્વજો ખરેખર મર્યા પછી કાગડા જ થતાં હશે....? કે પછી ' શ્રાદ્ધ ટીફીન સેવા 'માટે કાગડાઓને જોબ ઉપર રાખ્યા હશે...?


'પણ, આ બધો શ્રદ્ધાનો વિષય છે. ગની દહીવાલા કહે છે એમ, શ્રદ્ધા જ મારી લઈ જશે, મને મારા સદન સુધી....! ભગવાન 'સત્યનારાયણની કથાનો શીરો, 'ટેસ્ટી 'લાગે, એ શ્રદ્ધા છે. અને સરાધનો દૂધપાક પણ ટેસ્ટી બને એ શ્રદ્ધા છે. દૂધપાકનો સ્વાદ જો ટેસ્ટથી માણવો હોય તો, આપણે કોઈના પણ શ્રાદ્ધની તપસ્યા કરવી પડે બકા...! તુંડે તુંડે મતિર ભિન્નાની માફક, ઘરે ઘરે શ્રાદ્ધના દૂધપાકનો સ્વાદ અલગ...! પછી તો એવું છે ને કે, જેવા જેના પૂર્વજ....! સળગતા અને તીખા સ્વભાવના પૂર્વજ હોય તો, ભલે તીખો દૂધપાક ના બનાવે, પણ સ્વાદ વગરના પૂર્વજ હોય તો. સ્વાદ વગરનો દૂધપાક પણ બની જાય....! અત્યાર સુધીમાં કોઈએ દુધપાકની અંદર મીઠું ભભરાવીને ખારો દૂધપાક બનાવ્યો નથી. એટલે એવું જરૂર માની લેવાય કે, આપણા પૂર્વજોમાં મીઠું તો સખત હતું જ...! તારા કપાળમાં કાંદો ફોડું....! ' એક્ચ્યુલી ' અમુક ઘરના દૂધપાક તો એટલા સ્વાદિષ્ટ હોય કે, આપણને બે ઘડી વિચાર આવે કે, આ ઘરના પૂર્વજ કેટલાં સ્વાદિષ્ટ હશે...? હકીકતમાં કદાચ એવું પણ હોય કે, જીવતા જીવંત જો બાપાને આટલો સ્વાદિષ્ટ દૂધપાક ખવડાવ્યો હોત, તો આજે બાપના નામનો શ્રાદ્ધ કરવાનો દિવસ જ નહિ આવ્યો હોત....! જો કે આ તો બધો દરેકનો અંગત મામલો છે. પણ, સ્વાદિષ્ટ દૂધપાક ઝાપટીને આપણને તો એવું જ થાય કે, આ લોકો આખું વર્ષ શ્રાદ્ધ કરતાં હોય તો...? તારી ભલી થાય તારી ચમનીયા...! ચમનીયાની આજે પણ એવી ઈચ્છા ખરી કે, મર્યા પછી ભગવાન આપણને પહેલા જ એપિસોડમાં કાગડાનો અવતાર આપે તો સારું....! એટલા માટે કે, આપણા શ્રાદ્ધનો દૂધપાક બીજા કાગડાઓ ઝાપટી જાય, એના કરતાં આપણે શું ખોટાં....? સરાધીયામાં એક એક કાગડો આપણો એક એક અતિથી વિશેષ અને મુખ્યમહેમાન જેવો લાગે જ છે ને...? ' ડુંગરે ડુંગરે કાદૂ તારા ડાયરા 'ની માફક, ધાબે ધાબે, બાપા તારા સરાધીયા....! 'ધાબા વર્ષમાં બે જ વાર ગૂંજતા હોય. એક મકર સંક્રાતીએ અને બીજી વખત શ્રાદ્ધના દિવસોમાં. કાઆઆ... કાઆઆ... કાઆઆઆના નાદથી કાગડાઓને એવા તેંડા થતાં હોય કે, એટલા હેતથી તો ક્યારેય ઘરજમાઈને પણ નહિ બોલાવ્યો હોય....! એવો પ્રેમનો પથારો પાથરી દે...! સર્વ-સામાન્ય નિયમ તો એવો કે, શ્રાદ્ધમા દૂધપાક-પૂરી-વડા-પાત્રાથી કાગડાને વાસ મુકાય. આ ' મેનુ 'કોણે બનાવ્યું હશે એનો કોઈ પત્તો નથી. પાછી એમાં કાળજી પણ રખાય કે, જો સદગત બાપાને ડાયાબીટીસ હોય તો ખાંડ વગરનો દૂધપાક જ મુકાય...! આટલું કરવા છતાં, પણ એને શ્રાદ્ધનો જ મહિમા કહેવાય. કાગડાઓને પાર્ટી આપી, એવું તો કહેવાય જ નહિ. એ તો સારું છે કે, કાગડા માણસ જેટલા હજી ચતુર બન્યા નથી. નહિ તો, પ્રગટ થવાના પાંચસો, અને વાસ ખાવા માટે 'પેટી 'નથી માંગતા....! તારી ભલી થાય તારી ચમનીયા....!

# વિદ્વત્તા અને વિનમ્રતાનો સુભગ સમન્વય એટલે ડો. ઈન્તેખાબ અનસારી

(ડૉ. મોહનભાઈ પાંચાલ લિખિત પુસ્તક મારો પ્રિય વિદ્યાર્થી માટે આમંત્રિત લેખ)

એક શિક્ષક તરીકેની મારી છત્રીસ વર્ષની કારકિર્દી દરમિયાન મારા હાથ નીચેથી હજારો વિદ્યાર્થીઓ પસાર થયા. એ વીતેલાં વર્ષો અને વિદ્યાર્થીઓ તથા એમની સાથેના અનુભવોનું સ્મરણ કરું છું ત્યારે ઊંડા પરિતોષ અને ગૌરવની લાગણી અનુભવું છું. આ તબકકે મારા અનેક વિદ્યાર્થીઓ મારા મનઃચક્ષુ સમક્ષ તરવરી રહયા છે. કોના વિશે લખું અને કોના વિશે નહી ? હું મારા એક સમયના વિદ્યાર્થિની અને હવે વાપીની રોફેલ કોલેજના આચાર્યા ડૉ.હેમાલીબેન દેસાઈ વિશે લખું કે પછી બિલીમોરાની કોમર્સ કોલેજમાં પાર્ટ ટાઈમ અધ્યાપક તરીકે સેવા આપતા હેમાંગિનીબેન દેસાઈ વિશે લખું ? કે પછી નવસારી હાઈસ્કુલ, નવસારીમાં સંનિષ્ઠ શિક્ષક તરીકે સેવા આપતા ગુણવંત મોરાવાલાને યાદ કરું કે એના હાઈસ્કુલમાં શિક્ષિકા તરીકે સેવા આપતા અલ્પા નાયકને યાદ કરું કે પછી હાઉસ વાઈફ ગાયત્રી દેસાઈ વિશે લખું...? આ અને આવા અનેક વિદ્યાર્થીઓને હું આ તબકકે યાદ કરું છું. આ બધા વિશે જ મને તો લખવાની ઈચ્છા થાય પણ અહીં મેં મારા આવા જ એક પ્રિય વિદ્યાર્થી ઈન્તેખાબ અનસારીનું વ્યકિતચિત્ર રજૂ કરવાનું પસંદ કર્યું છે.

એક સમયની ખૂબ જાણીતી એવી નવસારીની ગાર્ડા કોલેજમાં હું અધ્યાપક તરીકે સેવા આપતો હતો. ત્યારે સત્તર વર્ષ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર તરીકે કાર્ય કરવાની મને તક મળી હતી. એ સમયગાળા દરમિયાન ઈ.સ ૧૯૯૧-૯૨માં કોલેજમાં એફ.વાય.બી.કોમ.માં પ્રવેશ મેળવનાર અને એન.એસ.એસ.માં જોડાનાર એક વિદ્યાર્થી ઈન્તેખાબ અનસારી તરફ મારું ધ્યાન ખેંચાયું. આ વિદ્યાર્થી અને એની રીતભાત મને સ્પર્શી ગયા. તમામ વિદ્યાર્થીઓમાં એ અલગ તરી આવતો હતો. નાનાં-નાનાં કામો પણ એ ખૂબ જ ચોકસાઈ અને ચીવટપૂર્વક કરતો. કોઈ પણ કામ હોય એમાં ઈન્તેખાબ હંમેશા અગ્રેસર હોય જ. એની પહેલવૃત્તિ પણ જબરદસ્ત. મને બરાબર યાદ છે કે એક વખત કોલેજનો વાર્ષિકોત્સવ કોલેજ કેમ્પસમાં ભારતીય બેઠક પ્રમાણે યોજાયેલો. આખી કોલેજ ઉભી હતી. આધુનિક યુવાન યુવતીઓ ઉભા હતા. બધાને નીચે પલાઠી વાળીને બેસવામાં સંકોચ થતો હતો. સૌથી પહેલા આ વિદ્યાર્થી નીચે



## અભિવ્યક્તિ

ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

પલાઠી વાળીને એકલો બેસી ગયેલો. ખૂબ જ ટૂંકા સમયમાં એવી પરિસ્થિતિ આવી કે સમગ્ર દક્ષિણ ગુજરાત વિસ્તારમાં એ સમયે સંખ્યાની દ્રષ્ટિએ સૌથી મોટી ગણાતી અમારી કોલેજના લગભગ તમામ અંદાજે ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓમાં એ જાણીતો થઈ પડયો. અમારા સ્ટાફના તમામ અધ્યાપકો પણ એના માટે માન ધરાવતા એ નાની વાત નહોતી. લગભગ આખી કોલેજમાં એના કાર્યોની સુવાસ પ્રસરવા માંડી. રસ્તા પર ઉભા રહીને ટ્રાફિક નિયમનનું કાર્ય કરવાનું હોય, પ્રાથમિક શાળાઓમાં જઈને વિદ્યાર્થીઓની આંખો ચેક કરવાનું કામ હોય, જેલમાં જઈને કેદીઓને ભણાવવાનું કામ હોય કે પછી કોલેજના વિદ્યાર્થીઓએ પાન મસાલા ખાઈને બગાડેલી કોલેજની દિવાલો સાફ કરવાનું કામ હોય... કોઈ પણ કામ હોય કોઈ પણ -કારની શરમ કે સંકોચ રાખ્યા વગર બધાં જ કામોને અત્યંત ઉત્સાહપૂર્વક અને સ્મિતપૂર્વક કરતા ઈન્તેખાબને મેં ખૂબ નજીકથી જોયા છે. આજના સમયમાં આવો વિદ્યાર્થી મળે એને હું સુખદ આ?ર્ય જ લેખું છું. કોલેજ કક્ષાએ એન.એસ.એસ. ના શ્રેષ્ઠ સ્વંયસેવકનો એવોર્ડ એને મળ્યો. એટલું જ નહીં સમગ્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના એન.એસ.એસ. ના શ્રેષ્ઠ સ્વયંસેવકનો એવોર્ડ પણ એને મળ્યો એ સ્વયં એણે કરેલી પ્રવૃત્તિઓનું પરિણામ હતું. મારા વડીલ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ આદરણીય જશુભાઈ નાયક, ડૉ.નરેન્દ્રભાઈ સી. શાહ અને ખુદ મને કોલેજમાં એનું વિશેષ અભિવાદન કરવાની પ્રેમાળ ફરજ પડેલી એટલું બધું કામ એણે કોલેજમાં કર્યું હતું જેના બધાં સાક્ષી હતાં. બી.કોમ. નો અભ્યાસ પૂર્ણ થઈ ગયા પછી પણ વર્ષો સુધી ઈન્તેખાબ એન.એસ.એસ. ના વાર્ષિક શિબિરનું સંચાલન કરવામાં મદદરૂપ થવા આવતો રહયો અને દોડી દોડીને કામ કરતો રહયો. ઈન્તેખાબ ખૂબ મહેનતુ વિદ્યાર્થી તરીકે સ્વબળે એસ્ટાબ્લિશડ થઈ શક્યો હતો. વિવિધ પ્રવૃત્તિઓમાં અત્યંત સક્રિય રીતે ભાગ લેવા ઉપરાંત ઈન્તેખાબ ખૂબ જ ઉચ્ચ વિદ્યાકીય સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકયો એ એના વ્યક્તિત્વની એક જુદી જ અને અદ્વિતીય ઊંચાઈ છે. માત્ર હું જ નહી કોલેજના અનેક અધ્યાપકો એન.એસ.એસ.ના અને અન્ય વિદ્યાર્થીઓને પણ એનું ઉદાહરણ આપતા અને કહેતા કે, જુઓ અનેકવિધ પ્રવૃત્તિઓ (રચનાત્મક જ તો)માં ભાગ લેવાની સાથે પણ પરીક્ષાઓમાં પ્રથમ આવી શકાય છે. ફર્સ્ટ કલાસ સાથે બી.કોમ. થયો. ફર્સ્ટ કલાસ સાથે એમ.કોમ થયો. એમ.કોમ. માં સમગ્ર કોલેજમાં એણે પ્રથમ સ્થાન મેળવ્યું. ત્યારબાદ પણ એણે પોતાની જ્ઞાન સાધના અવિરત ચાલુ રાખી. એણે બીલીમોરાની બી.એડ્. કોલેજમાંથી બી.એડ્ કર્યું અને સમગ્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતમાં પ્રથમ આવી સુવર્ણચંદ્રક મેળવ્યો. ત્યારબાદ યુનિવર્સિટીમાંથી એમ.એડ્ કર્યું. એમા પણ એણે બે સુવર્ણચંદ્રકો મેળવ્યા પછી તો એ પીએચ.ડી. પણ થઈ ગયો. સ્લેટ પરીક્ષા પણ પાસ કરી અને આવી તો અનેક વિદ્યાકીય સિદ્ધિઓ એ મેળવતો ગયો. જયારે પણ એને પૂછું કે શું ચાલે છે આજકાલ? તો એનો જવાબ તૈયાર જ હોય કે પંજાબ કે કલકત્તા ઈન્ટરનેશનલ સેમિનારમાં પેપર પ્રેઝન્ટેશન માટે જવાનો છું કે રીસર્ચ પ્રોજેકટ પૂરો થવાની તૈયારીમાં છે.... વગેરે. મેં ઈન્તેખાબને ક્યારેય પણ અટકી ગયેલો અનુભવ્યો નથી. ક્યારેય પણ થાકતા કે કંટાળતા જોયો નથી અને કયારેય પણ આજના યુવાનોની જેમ છોકરીઓની પાછળ રખડતા ભટકતા જોયો નથી. **(વધુ આવતા અંકે)**

# જ્યારે જીવનસાથી બને છે પરમ મિત્ર!



આ શીર્ષક વાંચીને પહેલું ગીત એ જ યાદ આવે કે.....

એક પ્યાર કા નગ્મા હૈ, મોજોં કી રવાની હૈ
જિંદગી ઔર કુછ ભી નહીં, તેરી મેરી કહાની હૈ

જીવનની સફર પણ કેવી અજાયબ હોય છે! એક સમય હતો જ્યારે યુવાનીના ઉંબરે બે અજાણ્યા હાથ એકબીજાનો સાથ ઝાલે છે. એ સમય હતો અનંત અરમાનોનો, મનના ઉત્સાહનો, નવી આકાંક્ષાઓનો અને સંસાર વસાવવાની ભાગદોડનો. પછી તો દિવસો અને વર્ષો પાણીના વહેણની જેમ વહી જાય છે. સમયની નદી વહેતી રહે છે અને માણસ જીવનના એક એવા પરિપક્વ પડાવ પર આવીને ઊભો રહે છે, જ્યાં સંબંધનો રંગ સાવ બદલાઈ જાય છે. એ રંગ વધુ ઘટ્ટ, ગંભીર, સંતોષપ્રદ અને અદ્ભુત રીતે સુંદર બની જાય છે. આ એવો તબક્કો છે જ્યાં પતિ અને પત્ની માત્ર એક ઘર ચલાવતા કે જવાબદારીઓ નિભાવતા ભાગીદાર નથી રહેતા, પણ એકબીજાના પરમ મિત્ર, એકબીજાનો સાચો સહારા અને એકબીજાના આત્માનો પડઘો બની જાય છે. સંસારના આ પડાવ પર પહોંચ્યા પછી માણસને સહજ રીતે સમજાઈ જાય છે કે દુનિયાની તમામ દોડધામ, ધન-સંપત્તિ, પદ કે સફળતાઓ એક તરફ છે, અને એકબીજાનો સન્માનપૂર્વકનો સાથ-સહકાર બીજી તરફ છે.

જીવનના અડધાથી વધુ વર્ષો જેની સાથે હસતાં-રડતાં વિતાવ્યા છે, તેની સાથે હવે બાકીનું જીવન કેવી રીતે જીવવું એનો જવાબ અનુભવની પરિપક્વતા પોતે જ આપી દે છે. આ સમયગાળામાં સંતાનો મોટા થઈને પોતાની કારકિર્દી, અભ્યાસ કે સંસારમાં વ્યસ્ત થવા લાગે છે. ઘરમાં જે વર્ષોથી ચહલપહલ, ઘોંઘાટ અને સતત દોડધામ હતી તે ધીમે ધીમે શાંત પડવા લાગે છે. એ સમયે પતિ અને પત્ની ફરી એકવાર એકબીજાની સામસામે આવીને ઊભા રહે છે, બિલકુલ શરૂઆતના દિવસોની જેમ, પણ એક બહુ મોટા અને સુંદર તફાવત સાથે. હવે આંખોમાં શરૂઆતનો સંકોચ કે અજાણ્યો ડર નથી હોતો, પણ એકબીજા માટે અસીમ આદર, અપાર ગર્વ અને એક ઊંડી સમસમજણ હોય છે. હવે એકબીજા સાથે વાત કરવા માટે બહુ શબ્દોની જરૂર પણ નથી પડતી. પત્નીના એક મૂક ચહેરા કે થાકેલી આંખો પરથી પતિ સમજી જાય છે કે તેના મનમાં શું ચાલી રહ્યું છે, અને પતિના અવાજના સહેજ બદલાવ કે ચાલવાની ઝડપ પરથી પત્ની તરત જાણી લે છે કે આજે તેનો દિવસ કેવો રહ્યો હશે. આ એવો સમય છે જ્યાં પ્રેમ એ માત્ર ભેટસોગાદો કે વાતો સુધી સીમિત નથી રહેતો, પણ એકબીજાની નાની-નાની કાળજી લેવામાં વણાઈ જાય છે.



**નોખી-અનોખી**

**- કિંજલ પંડ્યા, પારડી**

સમયસર દવા હાથમાં મૂકવી, સાંજે નીરવ શાંતિમાં સાથે બેસીને એક કપ ચા પીવી, કે પછી કાંઈ પણ બોલ્યા વગર બસ એકબીજાનો હાથ પકડીને ચાલી નીકળવું- આ બધું જ હવે પ્રેમનો નવો ચહેરો બની જાય છે. જ્યારે એકબીજાની હાજરી જ આખા ઘરને અને આસપાસની દુનિયાને અર્થપૂર્ણ બનાવી દે, ત્યારે સમજવું કે સંબંધ પોતાની ચરમસીમાએ પહોંચ્યો છે.

આ તબક્કાની સૌથી સુંદર અને સ્પર્શી જાય એવી વાત એ છે કે અહીં કોઈ એક વ્યક્તિ ચડિયાતી કે ઉતરતી નથી હોતી. પતિ અને પત્ની બંને આ સંબંધના બે સરખા અને મજબૂત પૈડાં છે. પત્નીએ જો પોતાના ઘર-પરિવારને સુખી કરવા પોતાની કેટલીક ઈચ્છાઓનો ત્યાગ કર્યો છે, તો પતિએ પણ પરિવારના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે પોતાના સુખ-ચેન અને આરામનો ભોગ આપ્યો છે. જ્યારે બંને એકબીજાની સામે જુએ છે, ત્યારે આંખોમાં ભૂતકાળની કોઈ ફરિયાદ કે અસંતોષ નથી હોતો, પણ એકબીજાના ત્યાગ અને મહેનત માટે અપાર ગર્વ હોય છે.

પતિના મનમાં સતત એ ભાવ હોય છે કે જો આણે મારો સંસાર ન સાંભળ્યો હોત, મારી નાનામાં નાની જરૂરિયાતોનું ધ્યાન ન રાખ્યું હોત, તો હું આજે જે સફળતાના શિખરે છું ત્યાં ક્યારેય ન પહોંચી શક્યો હોત. સામે પક્ષે પત્નીના મનમાં પણ એ જ સન્માન હોય છે કે જો આણે મને દરેક પરિસ્થિતિમાં માર્ગદર્શન અને આત્મવિશ્વાસ ના આપ્યો હોત,

તો હું આટલી હિંમતથી ઘર ન ચલાવી શકી હોત. અહીં બંનેનો અવાજ એક સરખો બુલંદ છે, બંને એકબીજાના પૂરક છે. એકબીજાના જીવનમાં વસંત બનીને ખીલવું અને એકબીજાના અસ્તિત્વને સંપૂર્ણ બનાવવું એ જ તો સાચા દંપતીની ઓળખ છે.

આ પડાવ પર એક સ્પષ્ટ અને ગંભીર સત્ય પણ સમજાઈ જાય છે કે અત્યાર સુધીનું જે જીવન વીતી ગયું તે ભૂતકાળ હતો, અને હવે જે સમય બાકી રહી ગયો છે તે જ આપણું સાચું જીવન છે. આવનારી કાલ કોણે જોઈ છે? કાલે બેમાંથી એક કદાચ ન પણ હોય એવો વિચાર કોઈ ડર કે નિરાશા નથી લાવતો, પણ વર્તમાન ક્ષણમાં એકબીજા પ્રત્યે વધુ પ્રેમ, સહાનુભૂતિ અને કાળજી લાવે છે.

જેટલો સમય ઈશ્વરે સાથે આપ્યો છે, એટલો સમય એકબીજાને ગમે તેવું અને એકબીજાના ચહેરા પર સ્મિત લાવે તેવું જીવી લઈએ - આ વિચાર જ સંસારની સૌથી મોટી મૂડી બની જાય છે. પછીથી મનમાં કોઈ અફસોસ કે પસ્તાવો ન રહી જવો જોઈએ કે હું તારા માટે આ ન કરી શક્યો કે હું તને મારી લાગણી કહી ન શકી. એટલે જ, નાની નાની વાતોમાં ખુશીઓ શોધવી, એકબીજાની જૂની ભૂલોને હસીને માફ કરી દેવી અને સાચા અર્થમાં એકબીજાના મિત્ર બનીને દિવસો વિતાવવા એ જ જીવનનો સાચો મંત્ર બની જાય છે.


જીવનની આ ઉત્તરાવસ્થામાં દંપતીનો સંબંધ એક ઘટાદાર વટવૃક્ષ જેવો બની જાય છે, જેનો છાંયડો પરિવારના અન્ય સભ્યોને તો શીતળતા આપે જ છે,

પણ સાથે સાથે એ બંનેને પણ એકબીજાની હૂંફ આપે છે. એકબીજાની શારીરિક અને માનસિક સારસંભાળ રાખવી, એકબીજાની પસંદ-નાપસંદનો સાહજિક ખ્યાલ રાખવો અને એકબીજાના શ્વાસમાં શ્વાસ પરોવીને જીવવું - એ જ તો સાચો અને પવિત્ર પ્રેમ છે. આવા સુંદર પડાવ પર ઊભેલા દરેક દંપતી ખરેખર વંદન કરવા યોગ્ય છે,

જેમણે એકબીજાનો હાથ પકડીને જીવનના તમામ વાવાઝોડાંઓનો સામનો કર્યો છે અને દુનિયા જીતી લીધી છે. તેમનો આ સાથ, આ મૌન સંવાદ અને આ અદ્ભુત સમર્પણ માત્ર તેમના પોતાના માટે જ નહીં,

પણ સમાજ અને આવનારી નવી પેઢીઓ માટે પણ પ્રેમ, વિશ્વાસ અને મિત્રતાનો એક અમર દાખલો છે. બાકી રહેલું જીવન પણ આ જ રીતે એકબીજા પ્રત્યેના ગર્વ, આદર અને પ્રેમ સાથે ખીલતું રહે, એ જ સાચી જીવનસાધના છે.

# અમે સંબંધનું તો નામ જાણે પ્રેમ રાખ્યું છે



અમે સંબંધનું તો નામ જાણે પ્રેમ રાખ્યું છે,
પરંતુ સાથમાં ઉપનામ એનું વ્હેમ રાખ્યું છે.
અગર છૂટી જશે જો હાથથી તો હાથ નહીં આવે,
ખબર અમને જ છે કે મનને ઝાલી કેમ રાખ્યું છે!
તમે આપ્યું હતું એ પુષ્પ છે અકબંધ મુઠ્ઠીમાં,
હથેળીમાં હજી પણ સાચવી એ હેમ રાખ્યું છે.
હૃદય પાછું મળ્યું આજેય છે એ, એ જ હાલતમાં,
તમે એ જેમ રાખેલું અમે પણ એમ રાખ્યું છે.
ભલે મસ્તિષ્કને રાખ્યું હશે કાયમ મુલાઝિમ પણ,
અમે હૈયાને પહેલેથી અહીં હાકેમ રાખ્યું છે.


**(અજવાળાની ક્ષણ માંથી)**
**નીતિન પારેખ**

પ્રેમના સંબંધમાં રહેલો વ્હેમ, સ્મૃતિ અને હૃદયની હાકેમી કવિ નીતિન પારેખની આ ગઝલ પ્રેમના અત્યંત કોમળ, સંવેદનશીલ અને આંતરિક સ્વરૂપને વ્યક્ત કરતી રચના છે. પ્રેમને માત્ર બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ ન ગણતાં કવિએ તેમાં રહેલા વ્હેમ, સ્મૃતિ, વિશ્વાસ, વિરહ અને હૃદયની લાગણીઓને સુંદર રીતે રજૂ કરી છે. ગઝલના દરેક શેરમાં પ્રેમી પોતાના મનની એવી સ્થિતિ વ્યક્ત કરે છે, જેમાં સંબંધનું નામ તો પ્રેમ છે, પરંતુ તેની સાથે સતત એક અનિશ્ચિતતા અને ગુમાવી દેવાનો ભય પણ જોડાયેલો છે. આખી ગઝલમાં બુદ્ધિ કરતાં હૃદયને વધારે મહત્વ આપવામાં આવ્યું છે. તેથી આ ગઝલનો મુખ્ય ભાવ પ્રેમની અખંડ સ્મૃતિ અને હૃદયની અડગ લાગણી કહી શકાય.

પ્રથમ શેરમાં કવિ કહે છે–

અમે સંબંધનું તો નામ જાણે પ્રેમ રાખ્યું છે,
પરંતુ સાથમાં ઉપનામ એનું વ્હેમ રાખ્યું છે.

આ શેર ગઝલના સમગ્ર ભાવવિશ્વની સુંદર શરૂઆત કરે છે. સંબંધને પ્રેમનું નામ આપવામાં આવ્યું છે, પરંતુ પ્રેમની સાથે 'વ્હેમ' પણ જોડાયેલો છે. અહીં 'વ્હેમ' માત્ર શંકા નથી; તે પ્રેમી મનની અસુરક્ષા, સંબંધ ગુમાવવાનો ભય અને સામેની વ્યક્તિની લાગણી વિશેની અનિશ્ચિતતા પણ છે. પ્રેમ જેટલો મીઠો છે, તેટલો જ નાજુક પણ છે—આ વાત કવિએ 'પ્રેમ' અને 'વ્હેમ'ના વિરોધાભાસ દ્વારા વ્યક્ત કરી છે. પ્રેમમાં જ્યારે લાગણી ઊંડી બને છે ત્યારે મનમાં અનેક પ્રશ્નો ઊભા થાય છે. આ સંબંધ કેટલો ટકશે?, સામેવાળી વ્યક્તિ મને એટલો જ પ્રેમ કરે છે કે નહીં? જેવા પ્રશ્નો પ્રેમી મનને ઘેરી લે છે. આથી 'વ્હેમ' પ્રેમનો ઉપનામ બની જાય છે. શેરની ભાષા સરળ છે, પરંતુ ભાવ ખૂબ ઊંડો છે.



**સંવેદન**

**- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

બીજા શેરમાં કવિ પ્રેમને પકડી રાખવાની પોતાની મજબૂરી અને મનની સ્થિતિ વ્યક્ત કરે છે–

અગર છૂટી જશે જો હાથથી તો હાથ નહીં આવે,
ખબર અમને જ છે કે મનને ઝાલી કેમ રાખ્યું છે!

અહીં 'હાથ છૂટી જવો' માત્ર શારીરિક અંતરનું પ્રતીક નથી, પરંતુ સંબંધ તૂટી જવાનો સંકેત છે. કવિ જાણે છે કે જો એક વાર આ સાથ છૂટી જશે તો કદાચ ફરી પ્રાપ્ત નહીં થાય. તેથી તે મનને મજબૂત રીતે પકડી રાખે છે. મનને ઝાલી રાખ્યું એ અભિવ્યક્તિમાં લાગણીની તીવ્રતા છે. પ્રેમી પોતાના મનને સમજાવે છે, સંભાળે છે અને ભૂતકાળની સ્મૃતિઓથી તેને જોડાયેલું રાખે છે. આ શેરમાં વિરહની આશંકા અને સંબંધ ગુમાવવાનો ભય ખૂબ અસરકારક રીતે વ્યક્ત થયો છે.

ત્રીજા શેરમાં પુષ્પનું સુંદર પ્રતીક જોવા મળે છે–

તમે આપ્યું હતું એ પુષ્પ છે અકબંધ મુઠ્ઠીમાં,
હથેળીમાં હજી પણ સાચવી એ હેમ રાખ્યું છે.

અહીં પ્રિય વ્યક્તિએ આપેલું પુષ્પ માત્ર એક ફૂલ નથી; તે પ્રેમની નિશાની, એક યાદ અને સંબંધની અમૂલ્ય ભેટ છે. કવિ કહે છે કે એ પુષ્પ આજે પણ અકબંધ છે. 'પુષ્પ' સાથે 'હેમ' એટલે સોનું—આ ઉપમા દ્વારા કવિ એ સ્મૃતિને અમૂલ્ય ગણાવે છે. પ્રેમી માટે પ્રિયજનની નાની એવી ભેટ પણ અતિમૂલ્યવાન બની જાય છે. સમય પસાર થાય, સંબંધમાં અંતર આવે, છતાં સ્મૃતિ અકબંધ રહે છે. મુઠ્ઠી અને હથેળી જેવા શબ્દો શેરને સ્પર્શણીય બનાવે છે. જાણે કવિ પોતાની હથેળીમાં પ્રેમની આખી યાદ સાચવીને બેઠો હોય.

ચોથા શેરમાં કવિ પ્રેમના વધુ ગહન તબક્કે પહોંચે છે–

હૃદય પાછું મળ્યું આજેય છે એ, એ જ હાલતમાં,
તમે એ જેમ રાખેલું અમે પણ એમ રાખ્યું છે.

આ શેર ગઝલના સૌથી હૃદયસ્પર્શી શેરોમાંનો એક છે. પ્રેમમાં જ્યારે વ્યક્તિ પોતાનું હૃદય કોઈને સોંપે છે ત્યારે તે માત્ર લાગણી જ નથી સોંપતો, પરંતુ પોતાનું સમગ્ર અસ્તિત્વ સોંપે છે. કવિ કહે છે કે જે હૃદય તેને પાછું મળ્યું છે તે આજે પણ એવી જ સ્થિતિમાં છે જેવી સ્થિતિમાં પ્રિય વ્યક્તિએ તેને રાખ્યું હતું. અહીં 'હૃદય' પ્રેમનું કેન્દ્ર અને સંબંધની નિશાની છે. સમય અને પરિસ્થિતિ બદલાઈ હોવા છતાં હૃદયની લાગણી બદલાઈ નથી. પ્રેમમાં આવેલી આ અડગતા કવિની લાગણીને વિશિષ્ટ બનાવે છે.

આ શેરમાં એક પ્રકારની નિષ્ઠા અને સમર્પણ પણ જોવા મળે છે. પ્રિય વ્યક્તિએ હૃદયને જે રીતે સાચવ્યું હતું, કવિએ પણ તેને એ જ રીતે સાચવી રાખ્યું છે. એટલે પ્રેમ એકતરફી સ્મૃતિ નથી, પરંતુ એક એવી આંતરિક સંપત્તિ છે જેને કવિ જીવનભર જાળવવા માગે છે.

અંતિમ શેર આખી ગઝલના ભાવને તત્ત્વજ્ઞાનિક ઊંચાઈ આપે છે–

ભલે મસ્તિષ્કને રાખ્યું હશે કાયમ મુલાઝિમ પણ,
અમે હૈયાને પહેલેથી અહીં હાકેમ રાખ્યું છે.

અહીં 'મસ્તિષ્ક' અને 'હૈયું' વચ્ચેનો સુંદર વિરોધાભાસ છે. મસ્તિષ્ક એટલે બુદ્ધિ અને હૈયું એટલે લાગણી. કવિ કહે છે કે ભલે બુદ્ધિ જીવનમાં પોતાની ફરજ બજાવતી હોય, પરંતુ જીવનના મહત્વના નિર્ણયો માટે તેણે હૈયાને 'હાકેમ' એટલે શાસક બનાવ્યું છે. આ શેર પ્રેમની સમગ્ર ફિલસૂફી રજૂ કરે છે. પ્રેમમાં ગણતરી, તર્ક અને વ્યવહાર કરતાં લાગણીનું સ્થાન વધારે છે. બુદ્ધિ પ્રશ્નો પૂછે છે, પરંતુ હૃદય જવાબ અનુભવે છે. તેથી કવિએ હૃદયને સર્વોચ્ચ સ્થાન આપ્યું છે.

ગઝલની ભાષા સરળ, પ્રવાહી અને ભાવસભર છે. કવિએ મુશ્કેલ શબ્દભંડોળનો આશરો લીધા વગર સામાન્ય શબ્દોમાં ઊંડા ભાવ વ્યક્ત કર્યા છે. 'પ્રેમ-વ્હેમ', 'હાથ-મન', 'પુષ્પ-હેમ', 'હૃદય-હાલત', 'મસ્તિષ્ક-હૈયું' જેવા શબ્દપ્રયોગો ગઝલને લયાત્મક અને અસરકારક બનાવે છે. ખાસ કરીને 'મુઠ્ઠી', 'હથેળી', 'હૃદય', 'મસ્તિષ્ક' અને 'હૈયું' જેવા શબ્દો ભાવોને મૂર્ત સ્વરૂપ આપે છે.

આ ગઝલમાં રૂપક, પ્રતીક, વિરોધાભાસ અને માનવીકરણ જેવા કાવ્યતત્ત્વોનો સુંદર ઉપયોગ થયો છે. 'પુષ્પ' પ્રેમની યાદનું પ્રતીક છે, 'હેમ' તેની અમૂલ્યતાનું સૂચક છે, જ્યારે 'હૈયાને હાકેમ' બનાવવું રૂપકાત્મક અભિવ્યક્તિ છે. 'મસ્તિષ્ક' અને 'હૈયું' વચ્ચેનો વિરોધ ગઝલના અંતિમ શેરને વિશેષ અસરકારક બનાવે છે.

ગઝલનો સૌથી મોટો ગુણ એ છે કે તેમાં પ્રેમને માત્ર મિલન તરીકે રજૂ કરવામાં આવ્યો નથી. અહીં પ્રેમ સાથે વિરહ, ભય, સ્મૃતિ, વફાદારી અને આંતરિક સંઘર્ષ પણ છે. પ્રેમી જાણે છે કે સંબંધ કાયમી રહે કે ન રહે, પરંતુ હૃદયમાં સાચવેલી લાગણીને તે ક્યારેય ગુમાવવા માગતો નથી. તેથી આ ગઝલ પ્રેમના બાહ્ય દેખાવ કરતાં તેના આંતરિક અનુભવની ગઝલ બની રહે છે.

સમગ્ર રીતે જોતા, નીતિન પારેખની આ ગઝલ પ્રેમની નિષ્ઠા અને સ્મૃતિને હૃદયપૂર્વક રજૂ કરતી સુંદર રચના છે. તેમાં પ્રેમીનું મન ક્યારેક વ્હેમથી ઘેરાય છે, ક્યારેક વિરહથી ડરે છે, ક્યારેક જૂની ભેટને અમૂલ્ય માને છે અને અંતે બુદ્ધિ કરતાં હૃદયને સર્વોચ્ચ સ્થાન આપે છે. ગઝલનો અંતિમ સંદેશ એવો છે કે સાચો પ્રેમ તર્કથી નહીં, લાગણીથી જીવાય છે. સંબંધનું નામ પ્રેમ હોય કે ન હોય, હૃદયમાં સાચવાયેલી લાગણી જ તેની સાચી ઓળખ છે. આથી આ ગઝલ વાચકના હૃદયને સ્પર્શી જાય છે અને પ્રેમની નાજુકતા સાથે તેની અડગતાનો પણ સુંદર અનુભવ કરાવે છે.

# શિવને અનુસરો તો સાચા ભક્ત



શ્રાવણ માસ આખો શિવ મંદિરમાં પૂજા કરો, વ્રત ને ઉપવાસ કરો, દાન ધર્મ કરો કે પછી આખો દિવસ મંદિરમાં પડી રહો... પણ પછી જો નાતજાત, ઊંચનીચ, ભાષા, ગરીબ - અમીર, જેવા ભેદભાવ કરો તો શિવભક્તિ પર ધૂળ પડી કહેવાય. જે શિવને પૂજવા કરતાં અનુસરે એ સાચા શિવભક્ત, બાકી બધા ઢોંગી ને ધૂતારા...

આપણે ભગવાનને ઘણી રીતે જોઈએ છીએ. રામને મર્યાદાના શિખર તરીકે, કૃષ્ણને પ્રેમ અને પ્રજ્ઞાના સાગર તરીકે અને શિવને વૈરાગી, ભોળા અને કલ્યાણકારી દેવ તરીકે.

આજે ભારતીય સમાજ અને લગ્નવ્યવસ્થા વેન્ટિલેટર પર પડી છે, ત્યારે એને ફરી બેઠી કરવા પરમપિતા શિવના જીવનમાંથી શીખ લેવા જેવી છે.

રામ મહાન છે—કારણ કે તેમણે મર્યાદા માટે પોતાનું સુખ છોડ્યું.

કૃષ્ણ મહાન છે—કારણ કે તેમણે જીવનની જટિલતામાં ધર્મનો માર્ગ બતાવ્યો. પરંતુ શિવનું દાંપત્ય આપણને એક સીધો અને અત્યંત માનવીય પ્રશ્ન પૂછે છે—તમે જેને પ્રેમ કરો છો, તેનું સન્માન કેટલું કરો છો?

કારણ કે પ્રેમ કરવો સહેલો છે; પ્રેમની સામે પોતાના અહંકારને ભૂલી ઘર - પરિવાર અને સમાજ સામે પોતાની પત્નીનું સન્માન કરવું અને જાળવવું શિવ પાસેથી શીખવા જેવું છે. એક વાર ભૃગુ ઋષિ શિવની પૂજા કરવામાં માતા પાર્વતીને અવગણીને અપમાન કરવા લાગ્યા, ભગવાન શિવે એને પાઠ શીખવવા અર્ધનારીશ્વર રૂપ ધરી શિવ અને શક્તિ એક જ છે એવો જગતને સંદેશ આપ્યો. જ્યાં પત્નીનું સન્માન જાળવવું એ પતિની ફરજ છે એમ ભગવાન શિવે સમાજને શીખવ્યું... પણ આજે લોકો પત્નીને મજાકનો મુદ્દો બનાવી દેતા અચકાતા નથી. ઘર કે સમાજમાં પોતાની વાહવાહી પાછળ એટલા ગાંડા થઈ ગયા હોય કે, પત્નીનું અપમાન થતું જોઈને પણ આંખ આડા કાન કરે ત્યારે દાંપત્યજીવનમાં તીરાડો પડે છે.

શિવ અને પાર્વતીના સંબંધમાં અહંકાર દેખાતો નથી. અહીં પતિ 'મુખ્ય' અને પત્ની 'ગૌણ' નથી, પણ એક જ દેહમાં શિવ અને શક્તિં સંદેશ એટલો જ કે, સાચા દાંપત્યમાં બે વ્યક્તિઓ પોતાનું અસ્તિત્વ ગુમાવતી નથી; બંને સાથે મળીને એક વિશાળ અસ્તિત્વ રચે છે.

આજના સમયમાં આ વાત કેટલી પ્રાસંગિક છે! ઘણા સંબંધોમાં પ્રેમ છે, પણ સમાનતા નથી.

સાથ છે, પણ સ્વતંત્રતા નથી.

લાગણી છે, પણ સન્માન નથી.

પતિ કહે છે, મારી પત્ની.

પરંતુ શિવનો સંબંધ જાણે કહે છે–

પાર્વતી મારી છે કરતાં હું પાર્વતીનો છું વધુ સુંદર છે.

આ બે વાક્યો વચ્ચેનો તફાવત જ પ્રેમ અને માલિકી વચ્ચેનો તફાવત છે.પાર્વતી શિવની સામે માત્ર શાંત ઊભી રહેતી સ્ત્રી નથી. તેઓ તપ કરે છે, પ્રશ્ન કરે છે, હક્ક જતાવે છે, પોતાની ઈચ્છા વ્યક્ત કરે છે, સંવાદ કરે છે. તેમનું પોતાનું વ્યક્તિત્વ છે, પોતાનું સામર્થ્ય છે.

અને શિવ?

તેઓ એ શક્તિથી અસુરક્ષિત થતા નથી.

આ ખૂબ મોટી વાત છે.

સામાન્ય માણસ ઘણી વખત પોતાની પત્નીની સફળતાથી ડરે છે; શિવ પોતાની પત્નીની શક્તિને જ પોતાના અસ્તિત્વનો ભાગ બનાવે છે. આજના પતિઓ માટે આનાથી મોટો પાઠ કયો હોય?

પત્ની તમારાથી આગળ વધે ત્યારે તેની સાથે સ્પર્ધા ન કરો–



**સતરંગી શમણાં**

**-નીતા પી. જાદવ, રાજકોટ**

તેની સફળતામાં તાળી વગાડો.

તેની પાસે પોતાનો મત હોય ત્યારે તેને 'હઠ' ન કહો—તેને સાંભળો.

તેનું પોતાનું સ્વપ્ન હોય ત્યારે તેને રોકશો નહીં—તેને પાંખ આપો.

કારણ કે—સાચો પ્રેમ એ નથી કે
સાથીને પોતાની છાયામાં રાખો;
સાચો પ્રેમ તો એ છે કે
તેના સૂરજને જોઈને પણ આંખોમાં ઈર્ષ્યા નહીં, ગર્વ હોય.

શિવનો પ્રેમ માત્ર પાર્વતીના સૌંદર્ય માટે નહોતો. પાર્વતીમાં રહેલી તપશ્ચર્યા, શક્તિ, ધૈર્ય અને અસ્તિત્વને તેમણે સ્વીકાર્યું. એથી જ 'પાર્વતી' માત્ર શિવની પત્ની રહી નથી—તે 'શક્તિ' બની છે. અને અહીં શિવની મહાનતા છે. પત્નીને પ્રેમ કરવો એક બાબત છે; પત્નીના વ્યક્તિત્વને નમન કરવું બીજી બાબત છે.

શિવે બીજી બાબત કરી.

-રામ અને કૃષ્ણથી અલગ ક્યાં?

આ તુલના કોઈ દેવને ઊંચો કે નીચો કરવાનો પ્રયાસ નથી. દરેકનું વ્યક્તિત્વ પોતાની જગ્યાએ મહાન છે. રામ પોતાની પતિ તરીકે સીતાના સન્માનની રક્ષા કરી ના શક્યા, શ્રીકૃષ્ણ બહુપત્નીત્વ પ્રથાને પોષણ આપ્યું. જ્યારે ભગવાન શિવે માતા પાર્વતીને માટે સમર્પિત રહી જગતનું કલ્યાણ કર્યું.

શિવ કહે છે—જીવનસાથીને સમજવો હોય તો તેના અસ્તિત્વનો આદર કરો.

રામનું જીવન રાજા અને પતિ બંનેની જવાબદારીઓ વચ્ચેની કસોટી છે. કૃષ્ણનું જીવન અનેક ભૂમિકાઓનું વિરાટ દર્પણ છે. પરંતુ શિવનું ગૃહસ્થ સ્વરૂપ આપણને પતિ-પત્નીના સંબંધમાં સહઅસ્તિત્વનો સૌથી સુંદર વિચાર આપે છે.

શિવ મહાદેવ હોવા છતાં પાર્વતીને પોતાના કરતાં 'નીચે' રાખતા નથી. આ જ તો આજના લગ્નજીવન માટે સૌથી મોટો સંદેશ છે. માથા પર મુકુટ હોય તો પણ શું?જો ઘરમાં સાથીના મનને સ્થાન ન હોય,તો રાજા પણ ગરીબ છે.

શિવ પાસે કૈલાસ છે, પણ પાર્વતી સાથેનો સંબંધ કૈલાસ કરતાં મોટો છે. વૈભવ નહીં, સાથે રહેવાની ભાવના અહીં મુખ્ય છે.

આજના યુગમાં ઘર મોટું થઈ રહ્યું છે, પણ સમય નાનો થઈ રહ્યો છે. સુવિધાઓ વધી રહી છે, પરંતુ સંવાદ ઘટી રહ્યો છે. મોબાઈલમાં હજારો સંપર્કો છે, પરંતુ જીવનસાથી સાથે બે સાચા શબ્દો બોલવાનો સમય નથી.અહીં શિવ-પાર્વતી ફરી યાદ આવે છે.દાંપત્યમાં સૌથી મોંઘી ભેટ સોનું નથી.સમય છે. સૌથી મોટું આશ્વાસન પૈસા નથી.સાથ છે.

સૌથી સુંદર આભૂષણ દેખાવ નથી.સન્માન છે.

અને સૌથી ઊંડો પ્રેમ 'હું તને પ્રેમ કરું છું'માં નથી.

ક્યારેક તો એ માત્ર એટલામાં હોય છે કે– તારો નિર્ણય તારો પણ છે, ચાલ, એને આપણે સાથે સમજીએ. દરેક પત્ની એટલું જ ઈચ્છતી હોય છે કે, એના પતિ માટે એ સૌથી પહેલી પ્રાથમિકતા હોય

પતિના લાંબા આયુષ્ય માટે વ્રતો કરશે, એક બાંધેલી આવકમાં ઘરનું ગુજરાન ચલાવશે, સમાજમાં પોતાના પતિની ઈજ્જત સચવાય એ માટે કેટલાય છૂપા ત્યાગ કરશે, દુઃખોના દિવસોમાં પતિની હિંમત બની એને સફળતા તરફ દોરી જશે, પણ એ જ પતિ જ્યારે એની ઉપેક્ષા કરે ત્યારે એ મનથી પડી ભાંગે અને એ ઉપેક્ષાની તિરાડોમાં કંકાસના બીજ ફૂટવાના શરૂ થાય.

કેટલાક પતિ પોતાની સર્વગુણ સંપન્ન પત્ની પર ગર્વ કરવાને બદલે લઘુતાગ્રંથિ બાંધી લેતા હોય છે. એના સદભાગ્ય પર ખુશ થવાને બદલે ખોટી મર્દાનગીના ફાંકામાં પત્નીનો અનાદર કરતાં મૂર્ખો શિવ પાસેથી પતિ શું શીખી શકે?

પત્નીને પ્રેમ કરો, પરંતુ તેના પર અધિકાર ન જમાવો.

તેની કાળજી લો, પરંતુ તેની સ્વતંત્રતા ન છીનવો.

તેની ભૂલો જુઓ, પરંતુ તેની ખૂબીઓ ભૂલશો નહીં.

તેની સાથે મતભેદ રાખો, પરંતુ તેનું અપમાન ન કરો.

તે તમારા જીવનનો ભાગ છે– તમારી મિલકત નહીં.

અને સૌથી અગત્યનું–

તે તમારી પાછળ ચાલે એવી અપેક્ષા રાખવાને બદલે, તેની સાથે ચાલવાની તૈયારી રાખો.

કારણ કે જીવનસાથી પાછળ ચાલનાર નથી; બાજુમાં ચાલનાર છે. આ જ તો શિવ છે.

ન આગળ, ન પાછળ–

પાર્વતીની બાજુમાં શિવ ઊભા છે. કારણ કે સાચા સંબંધમાં
કોઈ કોઈની છાયા નથી બનતું;
બંને એકબીજાનો પ્રકાશ બને છે.

એટલે જ, જો પૂછવામાં આવે કે ।જના યુગમાં 'આદર્શ પતિ'ની સૌથી સુંદર વ્યાખ્યા શું હોઈ શકે?

તો કદાચ જવાબ એક જ છે–

શિવ જેવો પતિ.

એટલે નહીં કે તે મહાદેવ છે.

પરંતુ એટલા માટે કે તેમણે જીવનસાથીમાં માત્ર પત્નીને નહીં– શક્તિને જોઈ.

અને જ્યાં સ્ત્રીને માત્ર પ્રેમ નહીં, પણ સન્માન મળે છે; જ્યાં તેની ઓળખને સ્થાન મળે છે; જ્યાં તેના સપનાઓને પાંખ મળે છે; જ્યાં પતિને પોતાની સાથે પત્નીની શક્તિ પણ ગૌરવ આપે છે– ત્યાં જ સાચું દાંપત્ય જન્મે છે. અંતે શિવ-પાર્વતીનો સંબંધ આપણને એક જ અમર સંદેશ આપે છે– પ્રેમમાં તું મારી બની જા– એ કહેવું સહેલું છે; પ્રેમમાં હું તારો બની જાઉં—એ કહેવું શિવત્વ છે. અને કદાચ આ જ કારણ છે કે

રામ મર્યાદાના આદર્શ છે, કૃષ્ણ જીવનજ્ઞાનના આદર્શ છે–

પણ જીવનસાથી તરીકે શિવ, પ્રેમ અને સન્માનના આદર્શ પતિ છે.

સમાજની તૂટતી લગ્નવ્યવસ્થા અને કુટુંબ વ્યવસ્થાને બચાવવા શિવની ભક્તિ સાથે એના જીવનને અનુસરો.

# દાંપત્ય : પ્રેમથી પણ ઊંડો એક સંબંધ

પતિ-પત્નીનો સંબંધ માત્ર બે વ્યક્તિઓનું સાથે રહેવાનું નામ નથી. આ સંબંધમાં પ્રેમ છે, વિશ્વાસ છે, સમજણ છે, ક્યારેક નાની-મોટી તકરાર છે અને સૌથી વધારે એકબીજા માટેનો નિઃસ્વાર્થ ત્યાગ છે. લગ્નના શરૂઆતના દિવસોમાં પ્રેમ શબ્દોમાં દેખાય છે, પરંતુ સમય પસાર થાય ત્યારે એ જ પ્રેમ જવાબદારી, કાળજી અને મૌન સમજણ બની જાય છે.

પત્ની ઘણી વખત પોતાના સપનાઓને પાછળ રાખીને પરિવારના સપનાઓને પોતાનાં બનાવી લે છે. સવારથી રાત સુધી ઘર, બાળકો અને પરિવારની ચિંતા કરતી વખતે તે ક્યારે થાકી જાય છે, એ કદાચ તેને પોતાને પણ ખબર પડતી નથી. છતાં તેના ચહેરા પર સ્મિત રાખવાનો પ્રયત્ન કરે છે. તેને મોટી ભેટોની જરૂર નથી હોતી; ક્યારેક પતિના બે પ્રેમાળ શબ્દો જ તેના આખા દિવસનો થાક ઉતારી દે છે.

બીજી તરફ, પતિ પણ પોતાના મનની ઘણી વાતો છુપાવીને પરિવાર માટે સતત મહેનત કરતો રહે છે. બહારની દુનિયાની મુશ્કેલીઓનો સામનો કરીને જ્યારે તે ઘરે આવે છે, ત્યારે તેને માત્ર એટલી જ ઈચ્છા હોય છે કે કોઈ



**પ્રીતનું ઝરણું**

**જ્યોતિ ઉત્પલ પંડ્યા, અતુલ**

તેને સમજે, તેની ચિંતા કરે અને કહે – હું તમારી સાથે છું. પતિ પણ હંમેશાં મજબૂત નથી હોતો. ક્યારેક તેના હૃદયને પણ સહારાની જરૂર હોય છે. પતિ-પત્ની વચ્ચે મતભેદ થવા સ્વાભાવિક છે.

પરંતુ સંબંધની સુંદરતા એમાં છે કે ઝઘડો થયા પછી પણ બંને એકબીજાથી દૂર જવા માંગતા નથી. ગુસ્સામાં બોલાયેલા શબ્દો કદાચ થોડા સમય માટે દુઃખ આપે, પરંતુ સાચો પ્રેમ દિલમાં એવો સંબંધ બાંધી દે છે કે અંતે એક નાનું માફ કરજે પણ આખી વાતને ફરી સુંદર બનાવી દે છે.

જીવનની સૌથી મોટી કમાણી પૈસા, ઘર કે સંપત્તિ નથી. જીવનની સાચી કમાણી એ છે કે મુશ્કેલીના સમયમાં તમારી બાજુમાં તમારો જીવનસાથી ઊભો હોય. જ્યારે આખી દુનિયા તમારી સામે હોય ત્યારે કોઈ એક વ્યક્તિ કહે – ચિંતા ન કરશો, આપણે સાથે મળીને બધું સંભાળી લઈશું. પતિ-પત્નીએ એકબીજાની ભૂલો શોધવા કરતાં એકબીજાના પ્રયત્નો જોવા જોઈએ. કારણ કે કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ નથી. સંબંધ સંપૂર્ણ ત્યારે બને છે જ્યારે બે અધૂરા માણસો એકબીજાની અધૂરાઈ સ્વીકારીને સાથે જીવન પૂરું કરવાની કસમ ખાય છે.

ક્યારેક પત્નીને માત્ર પતિનો હાથ પકડીને ચાલવું હોય છે અને ક્યારેક પતિને પત્નીના ખભા પર માથું મૂકીને થોડો સમય શાંતિ મેળવવી હોય છે. આ જ તો લગ્નજીવનની સાચી સુંદરતા છે. વર્ષો પસાર થાય, ચહેરા પર ઉંમરની રેખાઓ આવે, વાળ સફેદ થાય, બાળકો મોટા થઈ જાય અને જીવન બદલાઈ જાય છતાં જો બંને એકબીજાને જોઈને મનમાં કહી શકે – મારા જીવનમાં તું છે, એ જ મારી સૌથી મોટી ખુશી છે, તો સમજવું કે એ લગ્નજીવન સફળ છે.

કારણ કે સાચો જીવનસાથી એ નથી જે માત્ર સુખમાં સાથે રહે; સાચો જીવનસાથી એ છે જે જીવનના સૌથી મુશ્કેલ રસ્તા પર પણ હાથ છોડતો નથી. પતિ-પત્નીનો સંબંધ ખરેખર પ્રેમથી શરૂ થાય છે, પરંતુ સમજણ, વિશ્વાસ, માફી અને સાથથી આખી જિંદગી ટકી રહે છે.

# અફવાનું તરણું ડુંગરને પણ ઢાંકી શકે છે !

વિશ્વમાં સૌથી વધુ ઝડપ કોની છે? જવાબ મળે છે અફવાની. પ્રકાશ કરતાં પણ અફવાની ગતિ ઘણી ઝડપી હોય છે. અફવા એકેડેમીક રોગ છે. અફવા સંબંધિત મારું એક કાવ્ય કવિતા- માસિકમાં -ગટ થયું હતું તે આ મુજબ છે-

અફવા - એક નગરમાં ઊભેલું ટાવર ચારેકોર નજર કરે , ને સમયની અફવા ફેલાવ્યા કરે!

અફવાની આગનો ધુમાડો આખા વિશ્વને કાળા રંગે રંગે છે. લોકોનું સામાન્ય જીવન અષ્ટવ્યસ્ત કરી નાખે છે. લોકો અફવાના કારણે સંગ્રહખોરી તરફ વળે છે ...પરિણામે મોંઘવારી ઉપર પણ અસર થતી હોય છે.

કોઈ વસ્તુની અછત ન હોય તો પણ અછત હોવાનો અભાવ ઊભો થતો જોવા મળે છે. લોકો

**શબ્દથી શબ્દ સુધી**

**રમેશ પટેલ, સુરત**

ચીજ વસ્તુઓનો સંગ્રહ કરવા ટોળેટોળા દુકાનો ઉપર લાઈનોમાં ઊભા રહી શકે છે.

અફવાની જામગ્રી સળગાવી બોમ્બ ફોડનારા એ દેશદ્રોહી



વ્યક્તિઓ જ કહી શકાય છે. અફવા એ નાના કણને પણ મોટો પહાડ બનાવી શકે છે. રાઈને પર્વત બનાવી શકે છે. અફવા નામના રોગનો ફેલાવો ઘણી જ ઝડપથી થતો જોવા મળે છે. અફવાની દુર્ગંધથી સમાજ ત્રાસી જતો હોય છે.

અફવાનો બિલોરી કાચ વસ્તુને ઘણું જ મોટું સ્વરૂપ દર્શાવે છે. અફવા ચાલી શકે છે ...દોડી શકે છે... અને ઊડી શકે છે! અફવાનું મોજું તારાજી સર્જે છે. અફવા વાતનું વતેસર કરે છે! અફવાનો બ્લેકહોલ બધાને રાક્ષસ બની ચગડી- સ્વાહા કરી જતો હોય છે. અફવા યુદ્ધનું કારણ પણ બની શકે છે. અફવા કારણ વિનાનું કારણ બની શકે છે.

અફવાનું પ્રદૂષણ માનવને જીવવાનું પણ હેરાન -પરેશાન કરી નાખે છે.

અફવાની લપમાં પડવા જેવું નથી ...સાચી હકીકત જાણ્યા પછી જ આપણે આપણું વર્તન કરવું જરૂરી છે. અફવા ખોટા સમાચારને સાચા સમાચાર સાબિત કરી શકે છે. અફવાની શક્તિ રાક્ષસથી પણ જોરદાર હોય છે. કોઈપણ બાબતની અફવા ફેલાતી હોય ત્યારે આપણે સાચી હકીકત જાણવા પ્રયત્ન કરવો જરૂરી છે.

# અન્ય સમાચારો

Saturday 12, September 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Saturday 12, September 2026

## બ્રિક્સ નિમિત્તે દ્વિપક્ષી સંબંધોમાં નવી ઊર્જા

બ્રિક્સ સમિટના ભાગરૂપે નવી દિલ્હી આવી રહેલા રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ૧૧મી સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે. એમ તો ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનાપિંગ પણ બ્રિક્સ સમિટમાં આવે એવી શક્યતા છે. જો કે, બ્રિક્સમાં તેમની હાજરી કરતાં દ્વિપક્ષીય મુલાકાતો મહત્ત્વની રહેશે. ભારત-રશિયા સંબંધો માત્ર ડિસ્કાઉન્ટેડ ક્રૂડ ઓઈલ પૂરતા નથી. મોસ્કો દાયકાઓથી નવી દિલ્હીનું મુખ્ય અને વિશ્વાસપાત્ર સંરક્ષણ ભાગીદાર રહ્યું છે. શુક્રવારે બન્ને દેશના નેતાઓની મુલાકાતના એજેન્ડામાં ભારત-રશિયા સંબંધો સાથે બદલાતાં વૈશ્વિક સમીકરણો પણ કેન્દ્રમાં હશે. પુતિન એવા સમયે ભારત આવી રહ્યા છે જ્યારે રશિયા પર પાશ્ચાત્ય દેશોના આર્થિક પ્રતિબંધો છે અને ભારત પર પણ રશિયા સાથેના વેપારના મુદ્દે દબાણ છે. આવામાં, આ મુલાકાતથી સંદેશ એ જશે કે, બન્ને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી હજી પણ અકબંધ છે. હાલમાં શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની (એસસીઓ) બિશ્કેકમાં યોજાયેલી બેઠકમાં પણ મોદી-પુતિન-જિનાપિંગ સાથે દેખાયા હતા અને ભારત-રશિયા વચ્ચે સંરક્ષણ, ઊર્જા, વ્યાપાર તથા અન્ય ક્ષેત્રોમાં સહકારની સમીક્ષા કરવામાં આવી હતી. એ પહેલાં વિદેશ-ધાન એસ. જયશંકર રશિયા ગયા હતા ત્યારે વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૧૦૦ અબજ ડોલર સુધી લઈ જવાના લક્ષ્ય પર ચર્ચા થઈ હતી. યુક્રેનમાં શાંતિ માટેની ભારતની હાકલને પુતિનના પ્રવક્તાએ બિરદાવી હતી. ભારતનો અભિગમ શરૂઆતથી જ આ બાબતમાં સ્પષ્ટ રહ્યો છે - સંઘર્ષનું સમાધાન વાતચીત અને રાજદ્વારી માર્ગે થઈ શકે છે. યુક્રેન સાથેનું યુદ્ધ શરૂ થયું ત્યારથી ભારત-રશિયા વચ્ચેના વેપારમાં આશરે ત્રણ ગણો વધારો થયો છે અને દેખીતી રીતે જ આમાં ક્રૂડતેલનું પ્રમાણ ખાસ્સું મોટું છે. અમેરિકન પ્રતિબંધોને પગલે ગયા વર્ષે આમાં ઘટાડો થયો હતો, પણ ફરી અગાઉના સ્તરે આ આંકડો પહોંચ્યો છે. આનું એક કારણ એ કે, બન્ને દેશોએ રૂપિયો-રૂબલ વિનિમય વ્યવસ્થા ગોઠવી લીધી છે

અને સદ્ધર પણ કરી છે. અમેરિકાને ભય છે કે, ડોલરનું વર્ચસ્વ ઘટાડવા માટે વિશ્વમાં થઈ રહેલા પ્રયાસોમાંથી આ એક છે. જો કે, રશિયા અને ભારતે વારંવાર આ વાત સ્પષ્ટ કરી છે કે, ડોલરના વર્ચસ્વ સાથે આ બાબતને સંબંધ નથી. મોદી-પુતિન વચ્ચેની બેઠકમાં સંરક્ષણ ક્ષેત્રનો સહકાર મહત્ત્વનો અને મોટો મુદ્દો હશે. ભારતને રશિયન બનાવટની પાંચમી પેઢીના ફાઈટર પ્લેન એસયુ-૫૭ની ટેક્નોલોજી અને સહકાર વિશે ચર્ચા થવાની શક્યતા છે. સંયુક્ત ઉદ્યોગ પ્રોજેક્ટ્સ તથા નવા અણુ ઊર્જા પ્લાન્ટ બાબતે પણ વાતચીતની સંભાવના છે. બ્રિક્સ સંમેલન નવી દિલ્હીમાં એવા સમયે યોજાઇ રહ્યું છે, જ્યારે ભારત પોતાના પડોશીઓ સાથે તનાવભર્યા સંબંધોમાંથી પસાર થઇ રહ્યું છે. એ જ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે ઇરાન-અમેરિકા યુદ્ધ, યુક્રેન-રશિયા યુદ્ધનો ઓછાયો પણ ભારત પ્રત્યે અમેરિકા સહિતના દેશો સાથેના સંબંધો ઉપર મંડરાઇ રહ્યો છે. નવી દિલ્હીમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં દક્ષિણ આફ્રિકાના સિરીલ રામાફોસા, ઈજિપ્તના અબ્દેલ ફતાહ અલ-સિસિ, ઈન્ડોનેશિયાના પ્રાબોવો સુબિયાન્તો તથા ઈરાનના મસૂદ પેઝેશ્કિયાન તથા ઈથિયોપિયાના અબીય અહેમદ હાજરી આપવાના છે. વડાપ્રધાને યુપીઆઇ ક્ષેત્રે ભારત અગ્રણી ભૂમિકા ભજવવા સજ્જ છે, એવો ઉલ્લેખ બ્રિક્સના સંદર્ભમાં કશુંક નક્કર થવાનાં એંધાણ સમાન છે.

### નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે બ્રિક્સ શિખર સંમેલન ૨૦૨૬ માં

# મોદી-પુતિનની મુલાકાતમાં વેપાર- ઊર્જા સહયોગ પર ચર્ચા



નવી દિલ્હી, ૧૧ : નવી દિલ્હી બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા ભારત આવેલા રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે મહત્વપૂર્ણ મુલાકાત યોજાઈ હતી. બંને નેતાઓએ એકબીજાને ભેટીને ઉષ્માભર્યો આવકાર આપ્યો હતો.

મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદીએ પુતિનને સંત તિરુવલ્લુવર દ્વારા રચાયેલા પ્રાચીન તમિલ ગ્રંથના રશિયન ભાષામાં થયેલા અનુવાદની નકલ ભેટમાં આપી હતી. વડાપ્રધાને જણાવ્યું હતું કે આ ગ્રંથ માનવ જીવન અને લોકોને એકબીજા સાથે જોડવાની વાત કરે છે અને ભારત-રશિયા સંબંધોને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપે છે.

મોદી અને પુતિન વચ્ચે લગભગ ૪૫ મિનિટ સુધી ચાલેલી બેઠકમાં દ્વિપક્ષીય વેપાર, પરમાણુ ઊર્જા, સંરક્ષણ અને ઊર્જા સહયોગ સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. યુક્રેન યુદ્ધ અંગે પણ બંને નેતાઓ વચ્ચે વાતચીત થઈ હતી.

ભારતે ફરી એકવાર યુદ્ધનો ઉકેલ સંવાદ અને રાજદ્વારી માર્ગે લાવવાની તરફેણ કરી છે. વડાપ્રધાન મોદીએ શાંતિ સ્થાપવાના પ્રયાસો માટે ભારતના સમર્થનની વાત કરી હતી.બેઠક બાદ વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ પુતિને ભારત મંડપમ ખાતે યોજાયેલા ઔદ્યોગિક પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ પ્રદર્શનમાં રશિયાની અગ્રણી કંપનીઓ સહિત વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોની કંપનીઓએ ભાગ લીધો હતો.ત્યારબાદ બંને નેતાઓએ બ્રિક્સના વેપાર મંચમાં હાજરી આપી હતી. મંચ દરમિયાન ભારત અને બ્રિક્સ દેશો વચ્ચે વેપાર, રોકાણ અને ઔદ્યોગિક સહયોગ વધારવા અંગે ચર્ચા થઈ હતી.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે વેપાર મંચને સંબોધિત કરતાં બ્રિક્સ દેશો વચ્ચે સંતુલિત વેપાર વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે બ્રિક્સનું બજાર વિશાળ છે અને આગામી વર્ષોમાં વેપાર વધારવાની મોટી સંભાવનાઓ છે. હવે ભારતનું લક્ષ્ય વેપાર વૃદ્ધિને વધુ મજબૂત પુરવઠા વ્યવસ્થા, મજબૂત વેપાર સંબંધો અને ભારતીય ઉદ્યોગો માટે નવી તકોમાં પરિવર્તિત કરવાનું છે.

પુતિનની ભારત મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે વેપાર, રોકાણ, ઊર્જા અને ઔદ્યોગિક સહયોગને વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ મહત્વના રહ્યા છે. ઉચ્ચસ્તરીય રશિયન પ્રતિનિધિમંડળ સાથે આવેલા પુતિનની મુલાકાતને ભારત-રશિયા સંબંધોની દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# બદલાતી દુનિયામાં ભારત આર્થિક શક્તિની દિશા : જયશંકર




નવી દિલ્હી, નવી દિલ્હીમાં ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે યોજાનારા ૧૮મા બ્રિક્સ શિખર સંમેલનની તૈયારીઓ પૂર્ણતાના આરે છે. શિખર સંમેલન પહેલાં શુક્રવારે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બ્રિક્સ વેપાર મંચને સંબોધન કર્યું હતું. તેમણે બદલાતી વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે ભારતની વધતી આર્થિક અને વૈશ્વિક ભૂમિકા પર ભાર મૂક્યો હતો. જયશંકરે જણાવ્યું હતું કે વિશ્વનું રાજકીય અને આર્થિક માળખું મોટા પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. અસ્થિરતા, અનિશ્ચિતતા અને જટિલતા આજે સમગ્ર વિશ્વ સામે મોટા પડકારો બની રહ્યા છે. ભૂ-રાજકીય સંઘર્ષો, મહામારીઓ અને જળવાયુ પરિવર્તનને કારણે સર્જાતી આફતોના આર્થિક પરિણામો વિશ્વના દેશો અનુભવી રહ્યા છે. વિદેશ મંત્રીએ કહ્યું હતું કે એક તરફ વિશ્વ અનેક સંકટોનો સામનો કરી રહ્યું છે,

ત્યારે બીજી તરફ ઝડપી ડિજિટલ વિકાસ અને નવી તકનીકી પ્રગતિએ ઉત્પાદન, ઉત્પાદકતા અને આર્થિક વિકાસ માટે નવી તકો ઊભી કરી છે. તેમણે કહ્યું કે આજની વૈશ્વિક આર્થિક વ્યવસ્થામાં જોખમો અને તકો બંને એકસાથે વધી રહ્યાં છે. આવી સ્થિતિમાં બદલાતા સંકેતોને સમયસર ઓળખવા, પરિસ્થિતિ પ્રમાણે પોતાને ઢાળવા અને ઝડપથી નિર્ણય લઈને તેનો અમલ કરવાની ક્ષમતા અત્યંત જરૂરી બની ગઈ છે. જયશંકરે બ્રિક્સ દેશોના વેપારી સમુદાય માટે નવા ભાગીદારો શોધવા, નવા બજારો સુધી પહોંચ વધારવા અને પરસ્પર વેપારને સરળ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

તેમણે કહ્યું કે બ્રિક્સ દેશો માટે આર્થિક વિકાસ અને આર્થિક સુરક્ષા આત્મનિર્ભરતા સાથે જોડાયેલા છે. વૈશ્વિક અર્થવ્યવસ્થામાં જોડાયેલા રહીને સ્પર્ધાત્મક બનવા માટે આર્થિક આંચકાઓનો સામનો કરવાની ક્ષમતા વધારવી જરૂરી છે. આ માટે નિષ્પક્ષ વેપાર વ્યવસ્થા, વિશ્વસનીય પરિવહન અને માલસામાન પહોંચાડવાની વ્યવસ્થા, મજબૂત વાહનવ્યવહાર માળખું, સ્થિર અને અનુમાન કરી શકાય તેવું વેપારી વાતાવરણ, વેપારમાં વિવિધતા તથા પારદર્શક રોકાણ વ્યવસ્થા જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. વિદેશ મંત્રીએ ઊર્જા વ્યવસ્થાને પણ મહત્વપૂર્ણ ગણાવી હતી. તેમણે કહ્યું કે એવી ઊર્જા વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે જે પુરવઠામાં ઊભી થતી અડચણોનો સામનો કરી શકે અને દરેક દેશની પોતાની જરૂરિયાતોને અનુરૂપ હોય.

### ૨૪મી ભારત-રશિયા વાર્ષિક સમિટ માટે

# પુતિને મોદીને રશિયા આવવાનું આમંત્રણ આપ્યું

(જી.એન.એસ) તા. ૧૧
નવી દિલ્હી/મોસ્કો,

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૨૪મી ભારત-રશિયા વાર્ષિક સમિટ માટે રશિયા આવવાનું આમંત્રણ આપ્યું. વડાપ્રધાન મોદીએ આ આમંત્રણનો સ્વીકાર કર્યો છે અને સમિટની તારીખો પરસ્પર અનુકૂળતા મુજબ રાજદ્વારી માધ્યમો દ્વારા નક્કી કરવામાં આવશે.



શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં બ્રિક્સ (મ્ૈંઝ્રજી) સમિટ દરમિયાન વડાપ્રધાન મોદીએ પુતિન સાથે મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન બંને નેતાઓએ સંરક્ષણ, ઊર્જા, અવકાશ અને લોકો વચ્ચેના આદાન-પ્રદાન સહિતના વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિની સમીક્ષા કરી હતી.

બે અઠવાડિયામાં બંને નેતાઓ વચ્ચેની આ બીજી મુલાકાત હતી. અગાઉ તેઓ ૩૧ ઓગસ્ટે બિશ્કેકમાં ૨૬મી જીર્ઝ સમિટ દરમિયાન મળ્યા હતા.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે 'ઠ' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "વડાપ્રધાન જહક્ષ્રીહિદ્ધંક્રિર્દ્બૈ એ રાષ્ટ્રપતિ પુતિન સાથે ભારત-રશિયાની 'વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારી'ના વિવિધ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરી. નેતાઓએ વેપાર, ઊર્જા, સંરક્ષણ, અવકાશ અને લોકો વચ્ચેના સંબંધો જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગની પ્રગતિની સમીક્ષા કરી, જે ભારત-રશિયાની લાંબા ગાળાની ભાગીદારીના મુખ્ય કેન્દ્રબિંદુઓ છે.

"મોદી અને પુતિને પરસ્પર હિતના મુખ્ય પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું, જેમાં પશ્ચિમ એશિયા અને કાળા સમુદ્ર (બ્લેક સી) ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષોનો સમાવેશ થાય છે; આ સંઘર્ષોએ દરિયાઈ વેપાર તેમજ ભારતીય નાવિકોની સલામતી અને સુરક્ષાને અસર કરી છે.

# ભારતના કૃત્રિમ સૂર્યએ પહેલી વખત પરીક્ષણ વખતે પ્લાઝ્માનું સર્જન કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેંગલુરુ, તા.૧૧

ભારતની પ્રાઈવેટ ફ્યૂઝન રિસર્ચ ફર્મ પ્રનોસ ફ્યૂઝને કૃત્રિમ સૂર્ય બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ સફળતા મેળવી છે. ચીન, અમેરિકા, દક્ષિણ કોરિયા, જાપાન જેવા ઘણાં દેશો કૃત્રિમ સૂર્ય બનાવવાના પ્રયોગો કરી રહ્યા છે. હવે એમાં ભારતમાં થયેલા સંશોધનને પણ ગણતરીમાં લેવાશે. ભારતીય કંપનીએ કૃત્રિમ સૂર્યના પ્લાઝ્મા બનાવવાનો સૌપ્રથમ સફળ પ્રયોગ કરી બતાવ્યો છે.ભારતીય સંશોધકોએ લગભગ આઠ મહિનાની મહેનત બાદ ટોકામક મશીન બનાવ્યું છે. એ મશીનનો ઉપયોગ પ્લાઝમા કંટ્રોલ કરવા માટે થાય છે. તે ઉપરાંત અન્ય ફ્યૂઝનને લગતી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ પણ કૃત્રિમ સૂર્ય બનાવવામાં થાય છે. ૪૦ સેન્ટીમીટરના રેડિયન્સ ધરાવતા ટોકામક મશીનથી સંશોધકોએ પ્રજ્ઞા નામના આ સૂર્યનો સફળ પ્રયોગ કર્યો હતો. ૨૦ કરોડ ડિગ્રી સેન્ટીગ્રેડની ઉર્જા નિર્માણનો મહાપ્રયોગ સફળ થતાં હવે કંપનીએ નેટ એનર્જી રિએક્ટર બનાવવાનો લક્ષ્યાંક સેટ કર્યો છે. આ પ્રયોગમાં ગેસને એટલું ઊંચું તાપમાન આપવામાં આવે છે કે પ્લાઝ્મા બની જાય છે. આ લાવા જેવો ગરમ પ્લાઝ્મા ચુંબકીય બળથી કંટ્રોલ થાય છે.પ્રજ્ઞાનો હેતુ અત્યારે વીજળી ઉત્પાદનનો નથી. અત્યારે માત્ર પરીક્ષણો થશે. જોકે, કંપનીની યોજના છે કે આ પ્રોજેક્ટ બે દશકા સુધી ચાલશે. દર વર્ષે ત્રણ હજાર પ્લાઝ્મા શોટ લેવાનો ટાર્ગેટ છે. એનો અર્થ એ કે દરરોજ દસથી ૧૨ વખત પ્લાઝ્મા તૈયાર કરાશે. તેનાથી દેશમાં આર્ટિફિશિયલ સૂર્ય બનાવવાનો અને ફ્યૂઝન રિએક્ટરના નિર્માણનો માર્ગ મોકળો થશે. કંપનીના કહેવા પ્રમાણે ૨૦૨૭માં એક મેગ્નેટ રિએક્ટર બનાવી લેવાશે.

તે પછી ૨૦૩૦ સુધીમાં ધરતી પર સૂર્ય હોય તે દિશામાં કામ શરૂ થશે. એટલે કે નેટ એનર્જી ગેઈન રિએક્ટર બનાવાશે. નેટ એનર્જી ગેઈન રિએક્ટર એટલે ફ્યૂઝનથી મળતી ઉર્જા એ બનાવવા પાછળ ખર્ચાયેલી ઉર્જાથી વધારે હોય, તો વધેલી ઉર્જાનો ઉપયોગ અન્ય મશીનો ચલાવવામાં થઈ શકે. આ એક રીતે ઉર્જાનું રોકાણ કર્યા પછી ઉર્જાના સ્વરૂપમાં નફો મેળવવા જેવું કામ છે. જથ્થાબંધ ઉર્જાનું ઉત્પાદન થાય તો તેનાથી લાંબાંગાળે ફાયદો મેળવી શકાય.

# ૨૦૨૬ ના અંતમાં ૩ વાવાઝોડાં ભારતને ઘમરોળશે :ISRO

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૧ : ૨૦૨૬ના છેલ્લા ત્રણ મહિના દરિયાકાંઠાના વિસ્તારો માટે અત્યંત સંવેદનશીલ બની રહેવાની શક્યતા છે. ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થા (ISRO) ના વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે ઉત્તર હિન્દ મહાસાગર (North Indian Ocean) માં ત્રણ શક્તિશાળી ટ્રૉપિકલ સાયક્લોન (વાવાઝોડું) ત્રાટકવાની સંભાવના છે, જેની તાકાત છેલ્લા ૪૪ વર્ષના સરેરાશ કરતા ઘણી વધારે હોઈ શકે છે.

ઈસરોના રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૨૬ના પોસ્ટ-મોન્સૂન સિઝનમાં બનનારા આ ચક્રવાતોની કુલ તાકાત એટલે કે પાવર ડિસિપેશન ઈન્ડેક્સ (PDI) આશરે ૧૩.૦૬ ટ૧૦૬ નોટ્સક્ષ્ઠ રહેવાનું અનુમાન છે. આ આંકડો છેલ્લા ૪૪ વર્ષના સરેરાશ આંકડા કરતા લગભગ ૮૩ ટકા વધારે છે. આ દર્શાવે છે કે આ વર્ષે વર્ષાઋતુ પછીના સમયગાળામાં દરિયામાં વાવાઝોડાની પ્રવૃત્તિ ખૂબ જ તીવ્ર રહેશે. આ વૈજ્ઞાનિક અનુમાન તૈયાર કરવા માટે દરિયા અને વાતાવરણના છેલ્લા ૪૦ વર્ષના જૂના ડેટાનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

જાન્યુઆરીથી ઓગસ્ટ સુધીના હવામાનના આંકડાઓને આધારે ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચેની સ્થિતિનું આકલન કરવામાં આવ્યું છે. જોકે, આ રિપોર્ટ દ્વારા ચોક્કસ તારીખ કે વાવાઝોડાના લેન્ડફોલ (ક્યાં ટકરાશે) ચોક્કસ સ્થળ વિશે માહિતી મળતી નથી, પરંતુ સમગ્ર સિઝનની ગંભીરતાનો અંદાજ ચોક્કસ આવી જાય છે.

# કોંગોમાં બે શાળાઓમાં આગ :૨૬ વિદ્યાર્થીઓનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
બુકાવુ, તા.૧૧

કોંગોના પૂર્વ શહેર બુકાવુમાં ગુરુવારે બનેલી ભીષણ આગની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી છે. એક રહેણાંક મકાનમાંથી શરૂ થયેલી આગ નજીક આવેલી બે શાળાઓ સુધી પહોંચી જતા મોટી દુર્ઘટના સર્જાી હતી. ફુરાહા સેકેન્ડરી સ્કૂલ અને ઉજામા પ્રાઈમરી સ્કૂલમાં આગ ફેલાતાં વિદ્યાર્થીઓમાં ભારે અફરાતફરી મચી હતી. આગ અને ગૂંગળામણથી બચવા માટે અનેક વિદ્યાર્થીઓએ શાળાની બારીઓમાંથી કૂદીને પોતાનો જીવ બચાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ગોઝારી ઘટનામાં કુલ ૨૬ વિદ્યાર્થીઓનાં મોત થયા હોવાનું પ્રાંતીય સરકારના આંકડામાં જણાવાયું છે. મૃતકોમાં ૧૯ છોકરીઓ અને ૭ છોકરાઓનો સમાવેશ થાય છે. અનેક વિદ્યાર્થીઓ આગમાં દાઝ્યા હોવાનું પણ સામે આવ્યું છે અને ઈજાગ્રસ્તોને સારવાર માટે સ્થાનિક સ્વાસ્થ્ય કેન્દ્રો તથા હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાને પગલે સ્થાનિક તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે.સ્થાનિક વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, આગની શરૂઆત સૌપ્રથમ શાળાની નજીક આવેલા એક ઘરમાં થઈ હતી. બુકાવુના આ વિસ્તારમાં વસ્તી ખૂબ જ ગીચ છે અને અનેક મકાનો લાકડાના બનેલા હોવાથી આગ ખૂબ જ ઝડપથી ફેલાઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને નજીકમાં આવેલી ફુરાહા સેકેન્ડરી સ્કૂલ તથા ઉજામા પ્રાઈમરી સ્કૂલ સુધી પહોંચી ગઈ હતી.

શાળામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે અચાનક આગ ફેલાતા ભયનો માહોલ સર્જાયો હતો. આગ ઝડપથી ફેલાતી હોવાથી વિદ્યાર્થીઓને બહાર નીકળવા માટે પૂરતો સમય પણ મળ્યો ન હતો. આગના ધુમાડા અને ગરમીના કારણે શાળાની અંદરનું વાતાવરણ અત્યંત મુશ્કેલ બની ગયું હતું.

# ભારતની પરમાણુ તાકાત વધીઃ અમેરિકન રિપોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૧

પહલગામ હુમલા પછી ભારત દરેક મોરચે સાવધ બન્યું છે. સંરક્ષણ પોલિસીમાં પણ નિરંતર ફેરફાર કરીને સૈન્યને મજબૂત બનાવી રહ્યું છે, જેને લઈ દુનિયાની નજર ભારત પર મંડરાયેલી રહે છે, ત્યારે ભારત પાસે પરમાણુ હથિયારોની સંખ્યા મુદ્દે અમેરિકાએ મહત્ત્વનો રિપોર્ટ આપ્યો છે, જેને લઈ દુશ્મન દેશોની ઊંઘ હરામ થઈ શકે છે. ભારત પાસે ૧૯૦ પરમાણુ હથિયાર હોવાનો અહેવાલ આપ્યો છે, જ્યારે આગામી વર્ષોમાં એની સંખ્યામાં ધરખમ વધારો થઈ શકે છે.ફેડરેશન ઓફ અમેરિકન સાયન્ટિસ્ટના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતના પરમાણુ બોમ્બની સંખ્યા ૧૯૦ છે, જ્યારે હજુ પણ એમાં વધારો કરવામાં આવી રહ્યો છે.

આ રિપોર્ટ ક્યાંથી મેળવવામાં આવ્યો તો એના અંગે વિગતે જણાવ્યું છે કે ઓપન સોર્સ, સરકારી ડેટા અને કમર્શિયલ સેટેલાઈટ્સથી લેવામાં આવેલી તસવીરોના આધારે વિશ્વલેષણ કરવામાં આવ્યું છે. મળતી માહિતી અનુસાર ભારત નિરંતર પોતાની પરમાણુ શક્તિમાં વધારો કરવાની સાથે આધુનિક બનાવવાનો પણ પ્રયાસ કરે છે, જેમાં છેલ્લા કેટલાક વર્ષોમાં નવી પરમાણુ સક્ષમ હથિયાર સેનામાં પણ સામેલ કરવામાં આવ્યા છે, જ્યારે અમુક નવા શસ્ત્રોની સિસ્ટમ પણ તૈયાર કરવામાં આવી છે.

એક અંદાજ પ્રમાણે ભારત પાસે ૨૦૨૦માં ૧૫૦ પરમાણુ બોમ્બ હતા, જ્યારે એની સંખ્યા ૨૦૨૬માં વધીને ૧૯૦ થઈ છે.રિપોર્ટ અનુસાર ૨૦૨૬ની શરુઆત સુધીમાં ભારતની પાસે લગભગ ૭૩૦ કિલો હથિયાર બનાવવાનું પ્લુટોનિયમ પણ હાસલ કરવામાં આવ્યો હોવાનું અનુમાન છે. પ્લુટોનિયમથી ૨૨૫ સુધી વોરહેડ બનાવી શકાય છે. જોકે, રિપોર્ટમાં એ વાત સ્પષ્ટ કરી છે કે આ ફક્ત અનુમાન છે.

# પાક.માં પેટ્રોલનો ભાવ લિટરે ૩૭૦ને પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૧૧

આર્થિક તંગીથી ઝઝૂમી રહેલા પાકિસ્તાનમાં મોંઘવારીએ ફરી એકવાર સામાન્ય જનતાની કમર તોડી નાખી છે. દેશમાં છેલ્લા ચાર દિવસની અંદર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ભારે વધારો નોંધાયો છે, જેના કારણે ઈંધણની કિંમતો આસમાને પહોંચી ગઈ છે.કંગાળ તબક્કામાંથી પસાર થઈ રહેલા પાકિસ્તાનમાં સામાન્ય જનતાની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. દેશમાં ફરી એકવાર મોંઘવારીનો મોટો આંચકો લાગ્યો છે અને પેટ્રોલ-ડીઝલના ભાવ બેકાબૂ બનીને આસમાને પહોંચવા લાગ્યા છે. સ્થિતિ એ છે કે માત્ર ચાર દિવસની અંદર જ પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમતોમાં ભારે વધારો નોંધાયો છે, જેની સામાન્ય માણસના ખિસ્સા પર ખૂબ મોટી અસર પડી છે. આંતરરાષ્ટ્રીય બજારના દબાણ અને આર્થિક બદહાલી સામે ઝઝૂમી રહેલી સરકારે સતત ચોથા દિવસે ઈંધણના ભાવમાં વધારો કર્યો છે, જેનાથી લોકોનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.આંકડા અનુસાર, ૮ સપ્ટેમ્બરથી ૧૧ સપ્ટેમ્બર વચ્ચે માત્ર ચાર દિવસના ગાળામાં પાકિસ્તાનમાં પેટ્રોલ ૨૪.૯૩ રૂપિયા પ્રતિ લિટર મોંઘું થઈ ચૂક્યું છે.

# સાઉદી પર હુથી હુમલા બાદ મક્કા કરાર અંગે પાકિસ્તાનનું ઝડપી યુ-ટર્ન

(જી.એન.એસ) તા. ૧૧
ઈસ્લામાબાદ,'મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર' (જેને ઘણા લોકો 'ઈસ્લામિક નાટો' તરીકે વર્ણવે છે) પર હસ્તાક્ષર થયા બાદ ભૂ-રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી હતી, પરંતુ પાકિસ્તાને ઝડપથી પોતાનું વલણ બદલી નાખ્યું છે. પાકિસ્તાને આ ત્રિપક્ષીય સંરક્ષણ કરારને "રક્ષણાત્મક જોડાણ" ગણાવ્યું છે જેનો ઉદ્દેશ્ય પ્રાદેશિક સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે ઈરાન-સમર્થિત હુથી બળવાખોરો દ્વારા સાઉદી અરેબિયા પર સતત કરવામાં આવતા હુમલાઓને લઈને અટકળો ચાલી રહી છે.

'મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર' અથવા 'મક્કા કરાર' પર ૭ ઓગસ્ટે પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કી વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર હેઠળ, કોઈપણ સભ્ય દેશ પરના હુમલાને ત્રણેય દેશો વિરુદ્ધનો હુમલો માનવામાં આવશે.

જોકે, પાકિસ્તાની સત્તાવાળાઓ હવે કહી રહ્યા છે કે કરારનો મુખ્ય ઉદ્દેશ્ય "મુખ્યત્વે અવરોધક શક્તિ દ્વારા પ્રાદેશિક સુરક્ષા સુનિશ્ચિત કરવાનો" છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા સજ્જાદ હૈદર ખાને સાપ્તાહિક પ્રેસ બ્રીફિંગમાં કહ્યું, "આ તબક્કે, મક્કા કરારના વિસ્તરણ અંગે કોઈ ચર્ચા થઈ રહી નથી. પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ પહેલા તેમના સંગઠન અને સહયોગને વધુ મજબૂત બનાવવાની જરૂર છે."

સાઉદી અરેબિયા પર હુથીઓના હુમલાખાનની આ સ્પષ્ટતા પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફના તે નિવેદન બાદ આવી છે જેમાં તેમણે કહ્યું હતું કે સાઉદી અરેબિયા પર હુથીઓના હુમલા 'મક્કા કરાર'ને સક્રિય કરી શકે છે.

ઈરાનનું સમર્થન ધરાવતા હુથી બળવાખોરો સતત સાઉદી અરેબિયાને નિશાન બનાવી રહ્યા છે. મંગળવારે થયેલા તાજેતરના હુમલામાં, તેમણે સાઉદી અરેબિયાના દક્ષિણી ભાગ પર મિસાઈલોનો મારો ચલાવ્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૭૩ લોકો ઘાયલ થયા હતા.

# ગુજરાત વિધાનસભાનું ત્રિ-દિવસીય ચોમાસું સત્ર સંપન્ન

## રાજ્યભરમાંથી કુલ ૫૨૪૬ પ્રેક્ષકોએ વિધાનસભાની મુલાકાત લીધી, મહત્વના ૭ વિધેયક પસાર કરાયા

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૧૧ :** ૧૫મી ગુજરાત વિધાનસભાનું નવમું સત્ર એટલે કે ત્રણ દિવસીય ચોમાસું સત્ર અત્યંત શાંતિપૂર્ણ માહોલમાં અને લોકહિતના કાર્યો સાથે સફળતાપૂર્વક અને અર્થપૂર્ણ રીતે સંપન્ન થયું છે. આ સત્ર દરમિયાન સભાગૃહની કુલ ૩ બેઠકો મળી હતી. જેમાં કુલ ૧૮ કલાક અને ૩૨ મિનિટ સુધી લોકહિતની વિવિધ કામગીરી કરવામાં આવી હતી. જેમાં કુલ ૫૨ ધારાસભ્યઓએ જુદી જુદી ચર્ચાઓમાં ભાગ લીધો હતો. સૌથી મહત્વપૂર્ણ બાબત એ રહી કે, માત્ર બે જ દિવસમાં રાજ્યના વિકાસ અને પ્રજાકલ્યાણ લક્ષી કુલ ૭ સરકારી વિધેયકો વિધાનસભા ગૃહ પસાર કરવામાં આવ્યા છે, જે લોકહિતના કાર્યોમાં સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. નિયમ-૪૪ અન્વયે જાહેર અગત્યની બાબત પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સભાગૃહમાં નિવેદન આપવામાં આવ્યું હતું.

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પક્ષ-વિપક્ષના તમામ ધારાસભ્યો તેમજ સરકારી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. સત્રના છેલ્લા દિવસે નિયમ-૧૦૨ હેઠળ જનજાતીય કલ્યાણ યોજના પર ખાસ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત, નિયમ-૧૧૬ હેઠળ જાહેર અગત્યની બાબત પર મંત્રી દ્વારા નિવેદન પણ આપવામા આવ્યું હતું. સત્ર દરમિયાન સ્વર્ગસ્થ થયેલા ૫ મહાનુભાવો પ્રત્યે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ગૃહના પ્રશ્નોત્તરી કાળમાં સભાગૃહમાં મૌખિક જવાબો માટે કુલ ૧,૩૫૬ તારાંકિત પ્રશ્નો રજૂ થયા હતા, જે પૈકી ૨૯ પ્રશ્નો પર ગૃહમાં મૌખિક ચર્ચા હાથ ધરાઈ હતી. ઉપરાંત, કુલ ૧૫૨ અતારાંકિત પ્રશ્નો મળ્યા હતા અને નિયમ-૮૭(ક) હેઠળ ૮૮ અતારાંકિત પ્રશ્નો મેજ પર મૂકવામાં આવ્યા હતા. લોકશાહીની આ પ્રક્રિયા અને ગૃહની કામગીરી નિહાળવા માટે રાજ્યભરમાંથી કુલ ૫,૨૪૬ જેટલા પ્રેક્ષકોએ વિધાનસભાની મુલાકાત લીધી હતી. આ ત્રણ દિવસીય સત્રમાં જુદી જુદી સમિતિઓના ૫ અહેવાલો ગૃહ સમક્ષ રજૂ થયા હતા. સરકારી કંપનીઓ, બોર્ડ અને કોર્પોરેશનોના ૨૩ અહેવાલો તથા ૧ અંદાજપત્ર ગૃહના મેજ પર મૂકવામાં આવ્યું હતું. કુલ ૬૯ અધિસૂચનાઓ, ૨ વટહુકમ, ૧ બાંહેધરી પત્રક તેમજ જલ જીવન મિશન પર છ્ટ નો ઓડિટ અહેવાલ પણ ગૃહના મેજ પર મૂકાયો હતો. આ ઉપરાંત, રાષ્ટ્રપતિની અનુમતિ મળેલ ૧ વિધેયક તથા રાજ્યપાલની અનુમતિ મળેલ ૫ વિધેયકો પણ મેજ પર મૂકવામાં આવ્યા.

# ગુજરાતમાં હવે ૨૪ કલાક મોલ, હોટોલો ખુલ્લા રાખી શકાશે

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૧૧ :** ગુજરાત વિધાનસભા ગૃહમાં "ગુજરાત ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ બિલ-૨૦૨૬ બહુમતીથી પસાર કરવામાં આવતા, હવે ગુજરાતમાં મોલ, કાફે, રેસ્ટોરન્ટ વગેરેને 24x7 ખુલ્લા રાખી શકાશે. અત્યારે ઘણા લોકો ૮ કલાક કે ૧૦ કલાક ચાલુ રાખતા હોય છે, તે ૨૪ કલાક વેપાર કરી શકશે તો ૧૦૦ ટકા ફાયદો થશે. રાજ્યમાં ઉદ્યોગો અને વ્યવસાયો માટે કાયદાકીય પ્રક્રિયાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવાના હેતુથી આ વિધેયક લાવવામાં આવ્યું છે. ઉદ્યોગ રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીતે ગૃહમાં આ બિલ અંગેની વિગતો રજૂ કરી હતી. આ વિધેયક હેઠળ રાજ્યના ૫ અલગ-અલગ કાયદાઓની ૧૨ કલમોમાં સુધારા કરવામાં આવ્યા છે.

ઉદ્યોગ રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીતના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં ઉદ્યોગો અને વેપાર-ધંધાને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે રાજ્ય સરકારે એક ઐતિહાસિક અને વિઝનરી નિર્ણય લીધો છે. વિધાનસભા ગૃહમાં 'ગુજરાત ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ બિલ, ૨૦૨૬' પસાર કરવામાં આવ્યું છે. આ નવા કાયદાકીય સુધારા સાથે જ હવે રાજ્યમાં દુકાનો અને વ્યાપારી સંસ્થાઓને અઠવાડિયાના તમામ ૭ દિવસ ૨૪ કલાક (24x7) ચાલુ રાખવાની સત્તાવાર છૂટ મળી ગઈ છે. આ ક્રાંતિકારી નિર્ણયથી રાજ્યમાં 'ટ્રસ્ટ-બેઝ્ડ ગવર્નન્સ' મજબૂત થશે અને રોકાણકારો માટે વધુ અનુકૂળ માહોલ સર્જાશે.

# ગુજરાતમાં સર્વે-સમીક્ષા બાદ જ દુષ્કાળની જાહેરાત થશે

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૧૧ :** રાજ્યમાં ચાલુ વર્ષે વરસાદની ભારે અસમાનતાને કારણે ગુજરાતના કેટલાક વિસ્તારો પર દુષ્કાળના વાદળો ઘેરાયા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં નહિવત વરસાદથી ખેડૂતો અને પશુપાલકોની ચિંતા વધી છે. વિધાનસભાના નિયમ-૧૧૬ હેઠળ વિપક્ષી સભ્યો ડૉ. તુષાર ચૌધરી, અમિત ચાવડા, ડૉ. કિરીટ પટેલ અને વિમલ ચુડાસમા દ્વારા રાજ્યમાં ઉદ્ભવેલી ગંભીર સ્થિતિ પર સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું અને અસરગ્રસ્ત જિલ્લાઓને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગ કરાઈ હતી. વિપક્ષના આકરા પ્રહારો અને રજૂઆતો વચ્ચે મુખ્યમંત્રી હસ્તકના મહેસુલ વિભાગ વતી મંત્રી ઋષિકેશ પટેલે વર્તમાન પરિસ્થિતિ, સરકારે લીધેલા રાહત પગલાં અને દુષ્કાળ જાહેર કરવાના નિયમો અંગે સ્પષ્ટતા કરી હતી. મંત્રીના લેખિત જવાબ અને મૌખિક દલીલો પરથી સ્પષ્ટ હતું કે, સરકાર અત્યારે સ્થિતિ પર નજર રાખી રહી છે. જોકે, તેણે ખેડૂતો માટેનું સહાય પેકેજ તૈયાર કરવાની શરૂઆત કરી દીધી હશે પરંતુ સંભવતઃ ૩૧મી, ઓક્ટોબર સુધીમાં રાજ્યભરમાં જિલ્લા, તાલુકા દીઠ વરસાદ, વાવેતર અને નુકશાનીના સર્વે બાદ જ અછત, દુષ્કાળ કે અર્ધ દુષ્કાળની સ્થિતિ જાહેર કરે તેવી શક્યતા છે.

મંત્રીએ, વિપક્ષની ત્વરિત દુષ્કાળ જાહેર કરવાની માંગ સામે સરકારે કેન્દ્ર સરકારના 'Drought Management Manual-2016 (Updated 2020)' ના નિયમોનો હવાલો આપ્યો હતો અને કહ્યું હતું કે, માત્ર વરસાદ ઓછો પડવાથી કે અસમાન વરસાદથી સીધો દુષ્કાળ જાહેર કરી શકાતો નથી. કેન્દ્રના નિયમો મુજબ Trigger-૧ અને Trigger-૨ હેઠળ વરસાદ, વાવેતર, માટીનો ભેજ, સેટેલાઇટ ડેટા અને ભૂગર્ભજળનું સ્તર ચકાસ્યા બાદ ૩૧મી, ઓક્ટોબર સુધીમાં ૧૦ ટકા ભૌતિક ચકાસણી (Ground Truthing - GPS-સ્માર્ટફોન એપ દ્વારા) કરવામાં આવે છે. પાક નુકસાનીના વૈજ્ઞાનિક મૂલ્યાંકન બાદ જ કાયદેસર રીતે દુષ્કાળ જાહેર કરવાનો આખરી નિર્ણય લેવાશે. હાલને તબક્કે તો રાજ્ય સરકાર દૈનિક ધોરણે મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ કક્ષાએ પરિસ્થિતિનું મોનિટરિંગ થઈ રહ્યું છે. આમછતાં દુષ્કાળની સત્તાવાર જાહેરાતમાં ભલે ટેકનિકલ પ્રક્રિયા અને વૈજ્ઞાનિક મૂલ્યાંકનની રાહ જોવાઈ રહી હોય પરંતુ રાજ્ય સરકાર જનતા અને ખેડૂતોના હિતમાં તમામ જરૂરી પગલાં લેવા કટિબદ્ધ છે.

# મોદીના ડ્રીમ પ્રોજેક્ટ અંબાજી-ગબ્બર શક્તિ કોરિડોરને હાઈકોર્ટની લીલીઝંડી

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૧૧ :** ઉત્તર ગુજરાતના વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી શક્તિપીઠના વિકાસ માટે હાથ ધરવામાં આવેલા અંબાજી-ગબ્બર શક્તિ કોરિડોર પ્રોજેક્ટને લઈને ગુજરાત હાઈકોર્ટે મોટો અને મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટને ગુજરાત હાઈકોર્ટે લીલીઝંડી આપી દીધી છે. અંબાજી માતા મંદિરથી ગબ્બર મંદિર સુધીના અંબાજી-ગબ્બર શક્તિ કોરિડોર માટે જમીન રિઝમ્પશન (સંપાદન)ના નિર્ણયને પડકારતી અંબાજી કેળવણી મંડળની અરજીઓ ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી છે. આ નિર્ણયથી કોરિડોર માટે જરૂરી જમીન મેળવવાનો માર્ગ મોકળો થયો છે. હાઈકોર્ટના આ નિર્ણયથી યાત્રાધામ અંબાજી અને ગબ્બર વિસ્તારમાં માળખાકીય સુવિધાઓના વિકાસ અને પ્રવાસનને મોટો વેગ મળશે.

કેસની સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર તરફથી મુખ્ય સરકારી વકીલ જી. એચ. વિર્કે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, વિવાદિત જમીન મૂળભૂત રીતે સરકારી માલિકીની છે અને વિશાવ જનહિત તથા પ્રવાસીઓની સુવિધા સંલગ્ન પ્રોજેક્ટ માટે તેની જરૂરિયાત છે. તેમણે કોર્ટને એવી પણ જાણ કરી હતી કે રાજ્ય સરકારે વિવાદિત જમીનનો કબજો પહેલેથી જ મેળવી લીધો છે. હાઈકોર્ટે પણ રાજ્ય સરકારની દલીલો માન્ય રાખીને પ્રોજેક્ટના સામાજિક અને ધાર્મિક મહત્વને પ્રાધાન્ય આપ્યું હતું.

અરજદાર અંબાજી કેળવણી મંડળ દ્વારા કોર્ટમાં દલીલ કરાઈ હતી કે, વિવાદિત જમીનનો ઉપયોગ શાળા તેમજ રમતના મેદાન માટે કરવામાં આવી રહ્યો છે. તેથી આ જમીનનું રિઝમ્પશન કરવું યોગ્ય નથી અને બનાસકાંઠા કલેક્ટર દ્વારા કરવામાં આવેલા આદેશમાં હાઈકોર્ટે હસ્તક્ષેપ કરવો જોઈએ.

હાઈકોર્ટે બંને પક્ષોની દલીલો અને કેસના સંજોગો ધ્યાને લીધા બાદ બનાસકાંઠા કલેક્ટરના જમીન રિઝમ્પશનના આદેશમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટના આ નિર્ણય સાથે અંબાજી કેળવણી મંડળ દ્વારા કરવામાં આવેલા જમીન રિઝમ્પશનના પડકારનો અંત આવ્યો છે. શાળા અને રમતના મેદાન માટે જમીનનો ઉપયોગ થતો હોવાની દલીલ હોવા છતાં હાઈકોર્ટે અરજીઓ ફગાવી દીધી છે. પરિણામે અંબાજી માતા મંદિરથી ગબ્બર મંદિર સુધીના સમર્પિત શક્તિ કોરિડોરના નિર્માણ માટે જમીનનો કાનૂની માર્ગ મોકળો બન્યો છે.

# વલસાડ, નવસારી અને ડાંગના રોજગારવાંચ્છુ યુવાનો માટે મેગા જોબફેર યોજાશે

## જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા.૧૮મી સપ્ટે.ના સવારે ૧૦ કલાકે વાપીના કનુ દેસાઈ VIA ઓડીટોરિયમ હોલ ખાતે જોબફેર યોજાશે

**વલસાડ, તા.૧૧ :** વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના રોજગારવાંચ્છુ ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા માટે જિલ્લા રોજગાર કચેરી, વલસાડ, નવસારી અને ડાંગના સંયુક્ત ઉપક્રમે કલસ્ટર મેગા જોબફેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કલસ્ટર મેગા જોબફેર તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે વાપીના કનુ દેસાઈ VIA ઓડીટોરિયમ હોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમ દરમિયાન ખાનગી કંપનીઓના નોકરીદાતાઓ દ્વારા ઉપસ્થિત ઉમેદવારોની પસંદગી તથા ઈન્ટરવ્યુની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ જોબફેરમાં ધોરણ- ૮ પાસ, એસ.એસ.સી., એચ.એસ.સી., આઈ.ટી.આઈ. (તમામ ટ્રેડ), ડિપ્લોમા, ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ શૈક્ષણિક લાયકાત ધરાવતા અને ૧૮ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે.

જોબફેરમાં ઉપસ્થિત થનારા ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત અંગેના તમામ પ્રમાણપત્રો, પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ, આધારકાર્ડની ઝેરોક્ષ નકલ તેમજ બાયોડેટા સાથે હાજર રહેવાનું રહેશે. વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના વધુમાં વધુ રોજગારવાંચ્છુ ઉમેદવારો આ કલસ્ટર મેગા જોબફેરમાં ઉપસ્થિત રહી ખાનગી ક્ષેત્રમાં ઉપલબ્ધ રોજગારીની તકોનો લાભ લે તે માટે જિલ્લા રોજગાર કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગુજરાતના ગામડાઓમાં ઘર ધરાવતા જવાનોને મિલકત વેરામાંથી મુક્તિ

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ,તા.૧૧ :** રાજ્ય સરકારે 'ગુજરાત ગ્રામ અને નગર પંચાયતો કર અને ફી નિયમો, ૧૯૬૪'માં સુધારો કરીને ફરજ બજાવતા સંરક્ષણ દળોના વર્તમાન જવાનો, તેમના જીવનસાથી, ભૂતપૂર્વ સૈનિકો અને શહીદ જવાનોની વિધવાઓના પોતાના રહેણાંક મકાનને 'પંચાયત કર'માંથી મુક્તિ આપવાની જોગવાઈ કરી છે. આ નિર્ણયથી ગુજરાત રાજ્યની હદમાં આવેલ ગ્રામ પંચાયત વિસ્તારમાં સંબંધિત લાભાર્થીની માલિકીની અથવા તેના દ્વારા ઉપયોગમાં લેવાતી માત્ર એક મિલકતને કરમુક્તિનો લાભ મળશે. આ જોગવાઈ ફરજ બજાવતા સંરક્ષણ દળોના કર્મચારીઓ તેમજ તેમના જીવનસાથી, ભૂતપૂર્વ સૈનિકો અને શહીદોની વિધવાઓને લાગુ પડશે.

કરમુક્તિનો લાભ માત્ર પોતાના રહેણાંક ઉપયોગ માટેના એક મકાન પૂરતો રાખવામાં આવ્યો છે. આમ, નિયમમાં કરાયેલી જોગવાઈનો સીધો હેતુ સૈનિકો અને તેમના પરિવારોના રહેણાંક મકાનને રાહત આપવાનો છે.

# ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં વિવિધ બિમારીથી ૬૨ સિંહના કરુણ મોત

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ, તા.૧૧ : ગુજરાત વિધાનસભા સત્ર દરમિયાન એશિયાટિક સિંહોના મોતના આંકડાઓ અંગે સરકાર દ્વારા મહત્વની વિગતો રજૂ કરવામાં આવી છે. જે મુજબ, છેલ્લા એક વર્ષમાં (૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી) ગુજરાતમાં બીમારીના કારણે ૬૨ એશિયાટિક સિંહોના મોત થયા છે. જેમાં ૧૭ નર સિંહ, ૧૭ માદા સિંહ અને ૨૮ સિંહબાળનો સમાવેશ થાય છે.

સિંહોમાં સેપ્ટિસેમિયા, ન્યુમોનિયા અને હિમેજિક ન્યુમોનિયા જેવી બીમારીઓ જોવા મળી હતી. આ ઉપરાંત એનિમિયા, કિડની ફેલ્યોર તેમજ હિપેટો-રીનલ ડિસફંક્શન જેવી ગંભીર આરોગ્ય સમસ્યાઓના કારણે પણ સિંહોના મોત થયા હતા.ખાસ કરીને સિંહબાળના મોતની સંખ્યા વધુ હોવાને કારણે વન્યજીવપ્રેમીઓમાં ચિંતા જોવા મળી રહી છે. જો કે બીજી તરફ સિંહોમાં રોગચાળો ફેલાતો અટકાવવા માટે વન વિભાગ દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. સિંહોમાં પરોપજીવીજન્ય સમસ્યાઓને નિયંત્રણમાં રાખવા માટે ડી-વૉર્મિંગ અને ડી-ટીકિંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

# ચીખલીમાં ગેટકો વીજ કંપની દ્વારા નોટિસ આપ્યા વગર સર્વે હાથ ધરાતા ખેડૂતોનો વિરોધ

**ચીખલી, તા.૧૧ :** ગણદેવી તાલુકાના અંભેટા થી વાંસદા સુધી ગેટકો વીજ કંપની દ્વારા વીજ લાઈન પસાર કરવામાં આવી રહી છે જેમાં અસરગ્રસ્ત ખેડૂતોને કોઈપણ જાતની નોટિસ કે જાણકારી આપ્યા વગર સર્વે કરવાની તજ વીજ હાથ ધરતા ચીખલી તાલુકાના કુકેરી ગામના અસરગ્રસ્ત ખેડૂતોએ ચીખલી તાલુકા નાયબ મામલતદારને લેખિત આવેદનપત્ર આપી ખેડૂતોને યોગ્ય જાણકારી અને વળતર મળે ત્યારબાદ કામગીરી કરવા જણાવવામાં આવ્યું છે.

ચીખલી તાલુકાના કુકેરી ગામની હદમાંથી ગેટકો વીજ કંપની દ્વારા વીજ લાઈન પસાર થઈ રહી છે. ત્યારે આ વીજ લાઇનનું વિસ્તૃતિકરણ અને નવીનીકરણ કરવાને કારણે ખેડૂતોની ખેતીવાડી અને પાકને તેમજ જમીનને અનેક રીતે અસર થઈ રહી છે. ત્યારે ગેટકો કંપની દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને વીજ લાઈન બાબતની કોઈપણ જાણકારી આપવામાં આવી નથી કે કોઈપણ પત્ર વ્યવહાર કે મૌખિક કે લેખિત જાણ કરવામાં આવી નથી ત્યારે ખેડૂતોએ ગેટકો વીજ કંપનીના બાંધકામના નાયબ ઈજનેર વિરલભાઈ પ્રજાપતિનો ટેલીફોનિક સંપર્ક કરતા ગેટકો વીજ કંપની દ્વારા તારીખ ૨૩.૩.૨૬થી તમામ ખેડૂતોની નોટિસ બજાવી જાણ કરવામાં આવેલ છે અને જેનું કામ એજન્સી ને સોંપેલું છે ત્યારે ૭ મહિના વીતવા છતાં પણ કુકેરી ગામના ખેડૂતોને કોઈ નોટિસો મળી નથી અને ગેટકો વીજ કંપનીના માણસો કોઈ કામ અર્થે ખેતરમાં કે ખેતીવાડીમાં પ્રવેશતા વાદવિવાદ સર્જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. ત્યારે ખેડૂત ખાતેદારોને સાચી માહિતી કેમ જણાવવામાં આવતી નથી એટલું જ નહીં પરંતુ ખેડૂત ખાતેદારોના જમીનના ૭/૧૨ ના ઉતારા પણ જુના નંબરો મુજબ જ દર્શાવવામાં આવ્યા છે. જેના કારણે ખેડૂતો પણ ગેરમાર્ગે દોરાઈ રહ્યા છે. ત્યારે ગેટકો વીજ કંપની દ્વારા ખેડૂતોને નવા બ્લોક નંબર સર્વે નંબર મુજબ નોટિસો મોકલી સાચી સમજ પૂરી પાડવામાં આવે તે જરૂરી છે. ત્યારે આ બાબતે કુકેરી ગામના ખેડૂતોએ સંબંધિત અધિકારીઓને લેખિત જાણ કરવામાં આવી છે.


**કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન**

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

ટેન્ડર સૂચના

દરખાસ્ત માટેની વિનંતી — દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રવાસન સર્વેક્ષણ કરાવવા માટે એક સર્વેક્ષણ એજન્સીની નિમણૂક કરવા માટે. (આરએફપી)

ટેન્ડર ID:2026_DAMAN_4958_1

ટેન્ડર નં.5/235/DOT/DNHDD/SAF/202122/388

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૯/૨૦૨૬

બિડ ખોલવાની તારીખ : ૦૧/૧૦/૨૦૨૬

visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

નિર્દેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - ૩૯૬૨૧૫

NO.: IP/DMN/2/5/2026-27/489 DATED : 11/09/2026



**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Public Works Department
NOTICE INVITING TENDER
Procurement of Furniture for District Proson at Randha, D&NH. (2th Call)

| | |
|---|---|
| On line downloading start of tender documents | 10.09.2026 @ 18.00 Hrs |
| * Pre-bid meeting | N.A. |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 21.09.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 21.09.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 21.09.2026 @ 16.30 hrs. (if possible) |

ID.No. 2026_UTDNH_8245_1

For details please scan dnhtenders.nic.in e-bldg-dnh@ddd.gov.in 0260 2642350

I/c. Executive Engineer, P.W.D., WD-I, DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/605 Dtd.10/09/2026

NO.: IP/DMN/2/5/2026-27/484 DATED :11/09/2026



દમણગંગા ટાઇમ્સ

મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

















દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Saturday 12, September 2026

# દમણગંગા ટાઇમ્સ

## રવિવારે વાપીમાં હિન્દી ફિલ્મ સંગીત

**વાપી, તા.૧૧ :** વાપીની જાણીતી કલાસંસ્થા સ્પંદન દ્વારા રવિવારે સાંજે ૬.૪૫ કલાકે મેરિલ એકેડમીના તક્ષશિલા હોલમાં હિન્દી ફિલ્મ સંગીતનો કાર્યક્રમ 'દિલને ફિર યાદ કિયા' યોજાશે. આ કાર્યક્રમમાં પ્રસિદ્ધ કલાકારો અનિલ બાજપેયીજી (વોઈસ ઓફ રફી), મનોજ શર્મા ( વોઈસ ઓફ મુકેશ) અને નીલિમા ગોખલે (વોઈસ ઓફ લત્તા) હિન્દી ફિલ્મ સંગીતની સુહાની સફર પર લઈ જશે. જેનો લાભ લેવા સ્પંદન દ્વારા કલારસિકોને અનુરોધ કરાયો છે.

જિલ્લા પોલીસ વડાએ શાંતિ સમિતિની બેઠકમાં

## વલસાડમાં ગણેશ મંડળના આયોજકોને નિયમોનું પાલન કરવાનું સૂચન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** ૧૪ મી સપ્ટેમ્બર ના રોજ ગણેશ મહોત્સવ નિમિત્તે આજરોજ સાંજે રાખવામાં આવેલી શાંતિ સમિતિની બેઠકમાં જિલ્લા પોલીસવડા એ ગણેશ મંડપમાં સીસીટીવી કેમેરા, બે વોલન્ટિયર ફરજિયાત રાખવાના રહેશે. શોભાયાત્રા દરમિયાન નક્કી કરેલા રૂટમાં કોઈ ફેરફાર કરવો નહીં તેમજ મોટા વાહનો લાવવા પર પ્રતિબંધ રહેશે. ડીજે પર અશ્લીલ ગીતો વગાડવા સામે પ્રતિબંધ અને પ્રેશર મિડ સાઉન્ડ જણાશે તો ડીજે જપ્ત કરવાની કાર્યવાહી કરાશે.અંબા માતા મંદિર પાસેથી પસાર થતી વખતે ડીજે સંપૂર્ણ બંધ રાખવું પડશે,

આગામી ૧૪ મી સપ્ટેમ્બર ના રોજ ગણેશોત્સવ શાંતિપૂર્ણ અને ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થાય તે હેતુથી આજરોજ સાંજે વલસાડના મોરારજી દેસાઈ હોલ માં જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિની મહત્વપૂર્ણ બેઠક મળી હતી.આ બેઠક માં જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું કે આપણે સૌએ સાથે મળીને આ તહેવાર ધામધૂમથી ઉજવવાનો છે, પરંતુ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવશે નહીં, તેમણે સ્પષ્ટ સૂચના આપી કે દરેક ગણેશ મંડપો માં સીસીટીવી કેમેરા અને ઓછામાં ઓછા બે વોલન્ટિયર ફરજિયાત રાખવાના રહેશે. શોભાયાત્રા દરમિયાન અગાઉથી નક્કી કરેલા રૂટમાં કોઈ ફેરફાર કરવો નહીં તેમજ મોટા વાહનો લાવવા પર પ્રતિબંધ રહેશે. ડીજે પર અશ્લીલ ગીતો વગાડવા સામે પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને પ્રેશર મિડ સાઉન્ડ જણાશે તો ડીજે જપ્ત કરવાની કાર્યવાહી કરાશે. વધુમાં, અંબા માતા મંદિર પાસેથી પસાર થતી વખતે ડીજે સંપૂર્ણ બંધ રાખવું પડશે, ડીજે વાહન પર યોગ્ય સેફ્ટી જાળવવી અને સવાર સભ્યોએ હેલ્મેટ પહેરવું અનિવાર્ય રહેશે. ભજન-કીર્તન બાબતે કોઈ ફરિયાદ ન આવે ત્યાં સુધી છૂટછાટ રહેશે, પરંતુ નિયમભંગ કરનારા સામે કડક કાનૂની પગલાં લેવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હતી.આ બેઠકમાં પ્રાંત અધિકારી વિમલ પટેલ, મામલતદાર તૃપ્તિબેન ગાવિત, ડીવાયએસપી એ. કે. વર્મા, વલસાડ સીટી પીઆઈ આર. એસ. વાળા તેમજ ડીજે સંચાલકો, ગણેશ મહોત્સવના આયોજકો અને શાંતિ સમિતિના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વાપી રેલ્વે પોલીસે મીર માર્યો

## બે ટ્રેનમાંથી માત્ર રૂા.૨૭૬૦નો દારૂ ઝડપ્યો !

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૧ :** વાપીથી વિવિધ ટ્રેનોમાં રોજ હજારો બોટલ દારૂ ખેપિયાઓ બિન્દાસ નવસારી, સુરત, વડોદરા તરફ ઘુસાડતા હોવાની વાત હવે નવાઈની નથી. ત્યારે આટલા મોટા નેટવર્ક સામે રેલ્વે પોલીસે ગઈકાલે નામ માત્રની કાર્યવાહી કરી મીર માર્યો હોવાની ચર્ચા જાગી છે.

રેલ્વે પોલીસે ગઈકાલે બોરીવલી-વટવા એક્સપ્રેસમાં ચેકિંગ દરમિયાન બે ખેપિયાઓને ઝડપી પાડી તેમની પાસેથી બિયરની ૧૮ ટીન કિંમત રૂ. ૧૪૪૦ ઝડપી હતી. એ જ રીતે ઉમરગામ-વલસાડ મેમુ ટ્રેનમાંથી પણ બે ઈસમો પાસેથી રૂ.૧૩૨૦ નો દારૂ કબજે કરાયો હતો. બંને કેસ મળી કુલ રૂ. ૨૭૬૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

વાપી સ્ટેશનથી દરરોજ સાંજે મેમુ અને એક્સપ્રેસ ટ્રેનોમાં બેગોમાં ભરીને દારૂની હેરાફેરી થાય છે, જે રેલ્વે પોલીસથી અજાણ્યું નથી. છતાં મોટા ખેપિયાઓને છોડી નાના કેસ કરીને કામગીરી બતાવવાનો આ પ્રયાસ પાશેરામાં પૂણી સમાન હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. જો ખરેખર કડક કાર્યવાહી કરવી હોય તો સીસીટીવી અને નિયમિત સઘન ચેકિંગ જરૂરી છે.



ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન દમણ અને દમણની મુલાકાતે છે. સાંજે, તેમણે જેમપુર બીચ અને મોતી દમણની મુલાકાત લીધી હતી. ત્યાં તેઓ સિલ્વન દીદીના સ્ટોલ પર આત્મનિર્ભર મહિલાઓને મળ્યા. ત્યારબાદ, તેઓ નાની દમણમાં નમો પથ અને નયા ભારત ગ્લોબલને મળ્યા હતાં. આ પછી, તેમણે રાત્રિ બજારની મુલાકાત લીધી. ત્યાં એકઠા થયેલા લોકોએ ભારત માતા કી જય સાથે તેમનું સ્વાગત કર્યું હતું. બજાર સંગઠન દ્વારા તેમને શાલ આપીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજે રાત્રે રેલ્વેનો બે કલાક મેગા બ્લોક

## વાપી જે-ટાઈપ રેલ્વે બ્રિજ માટે ટ્રેક ઉપર સ્પાન ગોઠવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૧ :** વાપીના જે-ટાઈપ રેલ્વે ઓવરબ્રિજનું મહિનાઓથી અટકેલું સૌથી મહત્વનું કામ આજે શનિવારે રાત્રે પૂર્ણ થવા જઈ રહ્યું છે. રેલ્વે ટ્રેક ઉપર સ્પાન ગોઠવવા માટે રેલ્વે તંત્ર દ્વારા રાત્રે ૯ થી ૧૧ વાગ્યા સુધી બે કલાકનો મેગા બ્લોક જાહેર કરવામાં આવ્યો છે. આ સમય દરમિયાન અપ અને ડાઉન ટ્રેક પર ટ્રેનોની અવરજવર રોકીને ક્રેનની મદદથી વિશાળ ગર્ડર ગોઠવવાની કામગીરી હાથ ધરાશે. આ ઓવરબ્રિજ વાપીના ઉદ્યોગનગર વિસ્તારને નામધા, રિંગરોડ અને દમણને જોડતો સૌથી મહત્વનો બ્રિજ છે. બ્રિજ કાર્યરત થતા રોજ હજારો વાહનચાલકો, ખાસ કરીને ઉદ્યોગોના કામદારો અને દમણ તરફ જતા પ્રવાસીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે અને ટ્રાફિકનું ભારણ ઘટશે. બ્લોકને કારણે કેટલીક પેસેન્જર ટ્રેનો મોડી પડવાની શક્યતા છે.

## વાપીમાં જિલ્લાના ઉદ્યોગકારોને શ્રમ કાયદા અંગે માહિતી અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૧ :** વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ગુજરાત સરકારના ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ ના સહયોગથી આજે કનુ દેસાઈ વી.આઈ.એ. ઓડિટોરિયમ ખાતે વલસાડ જિલ્લાના ઔદ્યોગિક એકમો માટે નવા શ્રમ કાયદા અન્વયે એક વિશેષ માહિતી સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત 'વંદે માતરમ્' ના ગાન સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ સત્રના મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત વલસાડના ડેપ્યુટી ચીફ ઈન્સ્પેક્ટર કમ ફેસિલિટેટર એમ. સી. ગોહિલે ઔદ્યોગિક એકમોમાં સેફ્ટી કાયદાનું સરળ પાલન, શ્રમિકોનું આરોગ્ય અને સુરક્ષિત કાર્યસ્થળના નિર્માણ અંગે ઊંડાણપૂર્વક છણાવટ કરી હતી. તેમણે નવા કાયદાની જોગવાઈઓ અને તેના વ્યવહારુ અમલથી ઉદ્યોગો તેમજ કામદારો બંનેને થનારા ફાયદાઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડી હતી. વક્તવ્ય બાદ ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોના કાયદાકીય પ્રશ્નો અને મૂંઝવણો બાબતે ગોહિલ અને તેમની ટીમે ખુલ્લા મને ચર્ચા કરી સંતોષકારક ખુલાસા કર્યા હતા. આ સત્રમાં આયોજક સંસ્થા વાપી ઈન્ડસ્ટ્રીઝ એસો.ના પ્રમુખ સતીષભાઈ પટેલ, ઉપપ્રમુખ મગનભાઈ સાવલિયા, મંત્રી કલ્પેશભાઈ વોરા, ખજાનચી રાજુલભાઈ શાહ, સહ માનદમંત્રી ચંદ્રેશભાઈ મારું, પ્રકાશ ભદ્રા, એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર્સ પ્રભાકર બોરોલે, હેમાંગ નાયક, રાજેન શાહ અને સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસો.ના પ્રમુખ કૌશિકભાઈ પટેલ, સહિત વલસાડ જિલ્લામા આવેલી ફેક્ટરીઓમાંથી મોટી સંખ્યામાં ઉદ્યોગપતિઓ, સેફટી હેડ્સ તેમજ એચ.આર. મેનેજર્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## અતુલમાં મોબાઈલ હેક કરી કોન્ટ્રાક્ટરના બેંક ખાતામાંથી રૂા. ૯૮ હજારની છેતરપિંડી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** કલ્યાણ મહારાષ્ટ્રના કલ્યાણ શાહપુર યાત્રાએ ગયેલા અતુલ ફર્સ્ટ ગેટ ભોળાનગરમાં રહેતા અને ૪૨ વર્ષીય ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરના અલગ અલગ બેન્કમાંથી ૯૮ હજાર રૂપિયા ઉપડી ગયાનો મેસેજ આવતા ચોકી ગયો હતો.

મૂળ રહે સુરતના પાલનપુર ભક્તિધર્મ ટાઉનશીપ અને હાલ અતુલ ફર્સ્ટગેટ ભોળાનગરમાં મનન શૈલેષભાઈ શાહ ઉં.વ. ૪૨ રહે છે. મનનભાઈ શાહ પરિવાર સાથે મહારાષ્ટ્રના કલ્યાણ-શાહપુર યાત્રાએ ગયા હતા

ત્યારે તેમના મોબાઈલ પર એક્સિસ બેંકમાંથી રૂા. ૯૦,૦૦૦ અને કોટક મહિન્દ્રા બેંકમાંથી રૂા. ૮,૦૦૦ ઉપડી ગયા હોવાના મેસેજ આવ્યા હતા. ગભરાઈ ગયેલા મનન એ તાત્કાલિક બંને બેંકોના કસ્ટમર કેરમાં કોલ કરી વ્યવહારો બ્લોક કરાવ્યા હતા તેમજ મોબાઈલ ફોર્મેટ કર્યો હતો. જોકે મોબાઈલ ચાલુ થતાં જ ઓટોમેટિક પ્રોસેસ થવા લાગી હતી અને મોબાઈલ હેક થઈ ગયો હોવાની શંકા જતાં તેમણે સિમકાર્ડ બંધ કરાવી સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો.

ત્યારબાદ બેંક સ્ટેટમેન્ટ કઢાવતાં સામે આવ્યું હતું કે ઠગે એક્સિસ બેંક અને કોટક બેંકમાંથી કેનેરા બેંક માંથી કુલ ૯૮,૦૦૦ ટ્રાન્સફર કરી લેતા વલસાડ સાયબર ક્રાઈમમાં અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી છે.

## પારડી, વાપી બાર એસો.એ દ.ગુ.માં હાઈકોર્ટ બેન્ચની સ્થાપના માટે ઠરાવ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, પારડી, તા.૧૧ :** દક્ષિણ ગુજરાતમાંથી ચૂંટાયેલા બાર કાઉન્સિલ ગુજરાતના સભ્યો તથા દક્ષિણ ગુજરાતના તમામ વકીલ મંડળના પ્રમુખો અને સેક્રેટરીઓની સભામાં સુરત ખાતે હાઈકોર્ટની બેચની સ્થાપના કરવામાં આવે અને કોર્ટ ચાલુ કરવામાં આવે તેવી માંગણી થયા બાદ આજરોજ વાપી બાર એસો. અને પારડી વકીલ મંડળના સભ્યોની મિટિંગમાં ઠરાવ કરવામાં આવ્યો હતો જે ઠરાવમાં સુરત ખાતે હાઈકોર્ટની બેચ સ્થાપવા માટેની માંગણી યથાવત રાખી રજૂઆત કરવામાં આવી છે અને જો હાઈકોર્ટની બેચ સુરતમાં સ્થાપિત કરવામાં નહીં આવે તો આંદોલનની ચીમખી ઉચ્ચારવામાં આવી છે. પારડી કોર્ટમાં પારડી વકીલ મંડળના પ્રમુખ ભરતકુમાર મોહનભાઈ પટેલ ઉપપ્રમુખ અશ્વિનભાઈ રમણલાલ દેસાઈ સેક્રેટરી હિતેશ રમેશભાઈ પટેલ સિનિયર વકીલ મહેશભાઈ ભટ્ટ સહિત મોટી સંખ્યામાં વકીલો ભેગા થઈ ઠરાવ કરવામાં આવ્યો હતો.

તેવી જ રીતે વાપી બાર કાઉન્સીલ પ્રમુખ સતીષભાઈ પટેલ, એસો.ના સભ્યો દ્વારા બેઠક કરી દક્ષિણ ગુજરાતમાં હાઈકોર્ટની નવી બેન્ચની સ્થાપના કરવામાં આવે તે અંગે દક્ષિણ ગુજરાતમાંથી ચૂંટાયેલા બાર કાઉન્સીલના સભ્યોના સમર્થનમાં ઠરાવ કરી સમર્થન આપવામાં આવ્યું છે અને જો સુરતમાં હાઈ કોર્ટની નવી બેન્ચની સ્થાપના થાય તો ઉમરગામથી સુરત સુધીના લોકોને હાઈકોર્ટના કેસો માટે અમદાવાદ સુધી લંબાવવું ન પડે.

## છીરીમાં રસ્તે ચાલતા રાહદારીનો મોબાઈલ છીનવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૧ :** નાનાપોંઢાના લાલારાતા ગુલાબનગરમાં રહેતા અને મૂળ બિહારના બાંકા જિલ્લાના ૨૫ વર્ષીય કન્હૈયા સુબોધ શાહે ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, તે વાપી જીઆઈડીસીના થર્ડ ફેઝની વેલસન કંપનીમાં પ્રાઈવેટ નોકરી કરે છે. તા. ૨૫ ઓગસ્ટ રાત્રે ના રોજ રાત્રે નોકરી પરથી ઘરે પરત ફરતી વખતે ૧૦:૩૦ વાગ્યે હનુમાન મંદિર સામે રોડ પર તે તેની માતા સાથે ફોન પર વાત કરતો જતો હતો, ત્યારે પાછળથી બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ તેના હાથમાંથી બ્રાઉન કલરનો ઓપો ખ્પ ભ્શ્વં મોડલનો મોબાઈલ કિંમત રૂ.૧૦ હજાર આંચકી ફૂલ સ્પીડમાં ભાગી ગયા હતા. તેણે તા. ૯ સપ્ટેમ્બરે ઈ-ફરિયાદ અરજી કરી હતી, જેના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વલસાડ પાલિકાના વોર્ડ નં.૯માં વરસાદી પાણી ભરાવાને લઈ કલેકટરને રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર ૯ હેઠળ આવેલા મહાદેવનગર અને માધવપાર્ક સોસાયટીના રહીશો ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલના અભાવે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ સમસ્યાના કાયમી નિરાકરણની માંગ સાથે સ્થાનિક રહીશો દ્વારા જિલ્લા કલેક્ટરને લેખિતમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

રહીશો દ્વારા રજૂઆતમાં જણાવ્યા મુજબ દર વર્ષે પાણી ભરાવા પાછળ મુખ્યત્વે નીચે મુજબના કારણો જવાબદાર છે આર.પી.એફ.મેદાન તરફથી પાણી સોસાયટીની દક્ષિણે આવેલ RPF મેદાન અને તેની દીવાલને અડીને આવેલા રોડનું વરસાદી પાણી સીધું મહાદેવનગર અને માધવપાર્ક તરફ વહે છે. ખ્રિસ્તી કબ્રસ્તાન પાસે બનેલા સર્વિસ રોડ પર રેલવે તરફથી આવતું પાણી ઓવર-ફ્લો થાય છે. R&B વિભાગ દ્વારા કબ્રસ્તાનની પૂર્વ તરફ નવી બોક્સ ડ્રેનેજ બનાવવામાં આવી છે, પરંતુ તેનું લેવલ રેલવેના જમીન લેવલ કરતાં ૨ થી ૩ ફૂટ ઊંચું હોવાથી પાણી નિકાલ થવાને બદલે સોસાયટી તરફ વળે છે. આ બોક્સ ડ્રેનેજને દંડીગોયા સુધી લંબાવવાની માંગ કરવામાં આવી છે. મહાદેવનગરમાંથી વહેતું પાણી સુરમ્ય એપાર્ટમેન્ટ બહાર આવેલા ચેમ્બર સુધી પહોંચે છે, પરંતુ ત્યાંથી આગળ યોગ્ય વ્યવસ્થા ન હોવાથી થોડા વરસાદમાં પણ પાણી ભરાઈ રહે છે. ભવિષ્યમાં સ્થિતિ વધુ વણસવાની ભીતિ: હાલ સોસાયટીનું આશરે ૭૦ ટકા પાણી માધવપાર્કના રસ્તેથી ખુલ્લા પ્લોટ મારફતે નવજીવન સોસાયટી તરફ નીકળી જાય છે. દિવાળી પછી પ્લોટ માલિક ત્યાં બાંધકામ શરૂ કરનાર હોવાથી આગામી સમયમાં આ પાણી સોસાયટીના ઘરોમાં ભરાઈ જવાની ૧૦૦ ટકા શક્યતા છે.

## ચણોદમાં કોર્પોરેટરના પતિ પર હુમલા કેસમાં ચાર શખ્સોની ધરપકડ

**વાપી, તા.૧૧ :** ચણોદ સાગ ડુંગરીયા ખાતે રહેતા ખેડૂત નિલેશભાઈ પટેલે ઉદ્યોગનગર પોલીસમાં ચાર ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે. તેમના પત્ની વાપી મનપાના કોર્પોરેટર રેશ્મા પટેલે ભાણીયાભાઈ હળપતિને રહેણાંકનો દાખલો આપ્યો હતો. આ જગ્યા ફેનીલ ઉર્ફે લાલુની માલિકીની હોવાનો વિવાદ હતો.

તા.૮ સપ્ટેમ્બરે રાત્રે વાડીએ ફોર્ચ્યુનર સહિત ૩ કારમાં ફેનીલ ઉર્ફે લાલુ કોળી પટેલ, સરફરાજ ઉર્ફે લાલુ ખાન, પ્રકેશ ઉર્ફે પગુ અને ભાવેશ કોળી પટેલ આવ્યા હતા. 'અમારી જમીનનો દાખલો કેમ બનાવો છો' કહી જાતિવિષયક ગાળો બોલી કોલર પકડી માર માર્યો હતો. ભાવેશે લાકડાના દંડાથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હતી. પોલીસે ચારેયની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી નવસારી સબજેલમાં ધકેલ્યા છે.

## મરોલી અને સચીન વચ્ચે ટ્રેનમાંથી સોનાની ચેઈન ખેંચાઈ

**વલસાડ, તા. ૧૧ :** મરોલી અને સચીન રેલવે સ્ટેશન વચ્ચેથી પસાર થઈ રહી હતી ત્યારે રાજેશ્વરીબેન પોતાની સીટ પર આરામ કરી રહ્યા હતા. તે દરમિયાન ડબ્બામાં આંટાફેરા મારી રહેલા આશરે ૨૦ થી ૨૨ વર્ષના એક અજાણ્યા યુવકે અચાનક વૃદ્ધાના ગળામાં પહેરેલી અઢી તોલા વજનની આંકડાવાળી સોનાની ચેઈન જોરથી આંચકી તોડી લીધી હતી. વૃદ્ધા કંઈ સમજે તે પહેલાં જ આરોપી ચાલુ ટ્રેનમાંથી કૂદીને નાસી છૂટ્યો હતો. ઘટના બાદ ભોગ બનનાર મહિલાએ તાત્કાલિક તેમના પુત્રને જાણ કરી હતી, જેના આધારે પ્રથમ ઓનલાઈન ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારબાદ રેલવે પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



આજે શ્રાવણ માસના અંતિમ દિવસે વાપીના કુંતા ગામે આવેલ કુંતેશ્વર મહાદેવ મંદિરમાં ભક્તોએ શિવલિંગ અને માં પાર્વતીની પ્રતિમાને શાકભાજી તેમજ ફળથી શણગારવામાં આવ્યા હતાં. સાથે આજે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે ઉમટી પડ્યા હતાં અને હર..હર.. મહાદેવ અને બમ..બમ.. ભોલેના નારાથી સમગ્ર વાતાવરણ ધાર્મિક બની જવા પામ્યું હતું.

## ધરમપુર પ્રાંત કચેરી ખાતે ગણેશ મહોત્સવ અંગે મીટિંગ યોજાઈ



**ધરમપુર, તા.૧૧ :** ધરમપુરમાં પ્રાંત અધિકારી ડૉ. રિતિકા આઈમાની અધ્યક્ષતા હેઠળ ગણેશ મહોત્સવના આગમન અને વિસર્જન અંગે મહત્વની મીટિંગ યોજાઈ હતી. મીટિંગમાં ધરમપુર વિભાગ ના એએસપી સંદીપ ટી., મામલદાર એચ એમ ધોળીયા, પીઆઈ એન.ઝેડ. ભોયા, કપરાડા પીએસઆઈ વિનેશભાઈ વસાવા તેમજ જીઈબીના ડેપ્યુટી ઈજનેરો, નગરના કોર્પોરેટરો, હોદ્દેદારો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

મીટિંગમાં શાંતિ સમિતિના સભ્યોને સૂચના આપવામાં આવી કે કોઈપણ સંપ્રદાયના વ્યક્તિઓની લાગણી દુભાય તેવું વર્તન કે શબ્દોનો ઉપયોગ ન કરે. કોઈ નાની-મોટી ઘટના બને તો શાંતિથી અને સુલેહથી નિકાલ કરવાનો પ્રયત્ન કરવો.

ગણેશ આગમન અને વિસર્જનની શોભાયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા, રોડ પર ટ્રાફિકમાં અડચણ ન થાય તે માટે સ્વયંસેવકો રાખવા, ડીજે સિસ્ટમમાં અભદ્ર ગીતો ન વગાડવા તેમજ મંજૂરી મુજબના રૂટ પર જ શોભાયાત્રા કાઢવા સૂચના આપવામાં આવી. વિસર્જન સાંજે ૭ વાગ્યા સુધીમાં પૂર્ણ કરવાનું રહેશે. વિસર્જન સ્થળે ફક્ત નક્કી કરેલા વ્યક્તિઓ જ પાણીમાં ઉતરે તેની તકેદારી રાખવી. રૂટ પરના નીચા વીજ વાયરો યોગ્ય ઊંચાઈ પર કરવા, તાલુકા વિકાસ અધિકારી અને પંચાયતના સરપંચો સાથે મળી વિસર્જન સ્થળે લાઈટ અને તરવૈયા જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રહેશે.

## વાપી પાસે ટ્રેનમાં યાત્રીનો ફોન ચોરાયો

**વાપી, તા.૧૧ :** મુંબઈથી અમદાવાદ ટ્રેન નં. ૨૨૯૪૭ના જનરલ કોચમાં મુસાફરી કરી રહેલા તેજસ સંજયભાઈ દરજી (ઉ.વ.૨૯, રહે. મુંબઈ) નો મોબાઈલ ફોન ચોરી થયો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી મુંબઈથી અમદાવાદ જઈ રહ્યા હતા ત્યારે વાપી રેલ્વે સ્ટેશને તેમણે પોતાનો વન પ્લસ કંપનીનો ગ્રીન કલરનો રૂ. ૩૫૦૦૦ ની કિંમતનો મોબાઈલ ચાર્જિંગમાં મૂક્યો હતો. વલસાડ સ્ટેશન પાસે પહોંચતા ધ્યાન જતા ફોન ગાયબ હતો. અજાણ્યા ચોર ઈસમે ચોરી કરી હોવાની ફરિયાદ તેમણે મુંબઈ સેન્ટ્રલ પોલીસ સ્ટેશનમાં ૦ નંબર FIR થી કરી હતી, જે ટ્રાન્સફર થઈને ડુંગરા પોલીસ મથકે આવી છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**